પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક

સાંધ્ય દૈનિક
મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા
શહેર આવૃત્તિ પાનાઃ ૧૪
તા. ૨૭-૩-૨૦૨૬, શુક્રવાર
વર્ષઃ ૧૫, અંક : ૧૭
Price Rs.:4 ABATAK-RAJKOT 0281-2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia

**સુવિચાર**

માણસ સમજે ઓછું અને સમજાવે વધારે, એટલે જ ઉકેલ ઓછો અને ગૂંચવાય વધારે...

અપ્પુ જથ્થાબંધ ખરીદો જથ્થાબંધ ફાયદો
સૌરાષ્ટ્રની પ્રખ્યાત ચણાદાળ
વ્યાપારિક પૂછપરછ આવકાર્ય
98242 00970
હેલ્પર જોઈએ છે

### કૂતરૂં તાણે ગામ ભણી, શિયાળ તાણે સીમ ભણી

# થૂંકેલું ચાંટવામાં માહિર ટ્રમ્પે ૧૦ દિવસ માટે પોઝ બટન દબાવ્યું, પરંતુ ઈરાનનો યુદ્ધ ચાલુ રાખવાનો નિર્ધાર

## ઈરાને ઈઝરાયેલ, યુએઈ, કતાર, કુવૈત અને બહેરીનમાં આવેલા અમેરિકી સૈન્ય ઠેકાણાઓને બનાવ્યા નિશાન

### હિંદી ચીની ભાઈ ભાઈ

## ભારત-ચીન એવા પાડોશી છે જે ક્યારેય જુદા ન પડી શકેઃ ચીની રાજદૂત

ઈરાન-ઈઝરાયેલ યુદ્ધમાં અમેરિકાની સક્રિય ભૂમિકા વચ્ચે, ચીન ઈચ્છે છે કે એશિયાની બે મોટી શક્તિઓ (ભારત અને ચીન) પશ્ચિમી દેશોના પ્રભાવમાં આવ્યા વગર પોતાની રીતે નિર્ણય લે. રાજદૂતે 'હિન્દી-ચીની ભાઈ-ભાઈ'ના જૂના મંત્રને આડકતરી રીતે યાદ અપાવતા કહ્યું કે આપણો વિકાસ આપણી પોતાની મહેનત છે, કોઈની દયા નથી. ચીનના ભારતમાં સ્થિત રાજદૂત ઝુ ફેઈહોંગે નવી દિલ્હીમાં આયોજિત 'ભારત-ચીન યુવા સંવાદ' દરમિયાન મહત્વનું નિવેદન આપ્યું છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારત અને ચીનની પ્રગતિ એ કોઈની દયા કે ભીખનું પરિણામ નથી, પરંતુ બંને દેશોના લોકોની મહેનતનું પરિણામ છે.તેમણે ''વિજય-વિજય'' સહયોગના મંત્રને આજના સમયની માંગ ગણાવી છે. તેમણે ચેતવણી આપી હતી કે કેટલાક પક્ષો એવા છે જેઓ ભારત અને ચીન વચ્ચે શાંતિ જોવા માંગતા નથી. તેઓ જાણીજોઈને મતભેદોને વધારે છે અને 'ચાઈના થ્રેટ' (ચીનનો ડર) ઊભો કરીને વિવાદોમાંથી ફાયદો મેળવવા માંગે છે.વિશ્વમાં વધી રહેલા સંરક્ષણવાદ અને એકપક્ષીય નિર્ણયોની સામે, ચીન અને ભારતે સાથે મળીને વિકાસશીલ દેશોના હિતોનું રક્ષણ કરવું જોઈએ અને 'ગ્લોબલ સાઉથ'નું નેતૃત્વ કરવું જોઈએ.

**અબતક, રાજકોટ**

વિશ્વ રાજકારણમાં પોતાની અણધારી ચાલ અને 'યુ-ટર્ન' લેવા માટે જાણીતા અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર પોતાની જૂની આદત મુજબ 'થૂંકેલું ચાંટતા' હોય તેમ ઈરાન સામેના આક્રમક વલણમાં ઓચિંતો વિરામ જાહેર કર્યો છે. ઈરાનના ઉર્જા ક્ષેત્રો અને પાવર પ્લાન્ટ્સને નેસ્તનાબૂદ કરવાની ૪૮ કલાકની ડેડલાઈન આપનાર ટ્રમ્પે હવે અચાનક ''વાતચીત ઘણી સારી ચાલી રહી છે'' તેમ કહીને હુમલાનું પોઝ બટન ૬ એપ્રિલ, ૨૦૨૬ સુધી દબાવી દીધું છે. જોકે, બીજી તરફ ઈરાન નમતું જોખવાના મૂડમાં નથી અને તેણે પોતાની શરતો સાથે યુદ્ધનો મોરચો ચાલુ રાખવાનો મક્કમ નિર્ધાર વ્યક્ત કર્યો છે.




અત્યારે અમેરિકા અને ઈરાન વચ્ચેની સ્થિતિ 'કૂતરું તાણે ગામ ભણી અને શિયાળ તાણે સીમ ભણી' જેવી થઈ ગઈ છે. ટ્રમ્પ ઈચ્છે છે કે ઈરાન તેમની ૧૫ મુદ્દાની દરખાસ્ત સ્વીકારીને હોર્મુઝની સામુદ્રધુની ખોલી નાખે અને અમેરિકાની શરતો મુજબ 'ગામ' (શાંતિ અને વેપાર) તરફ આવે. જ્યારે ઈરાન પોતાની સાર્વભૌમતૃ અને વર્ચસ્વ જાળવી રાખવા માટે 'સીમ' (સંઘર્ષ અને પોતાની શરતો) તરફ ખેંચી રહ્યું છે. બંને પક્ષો પોતપોતાની દિશામાં જોર કરી રહ્યા છે, જેના કારણે મધ્ય પૂર્વમાં અનિશ્ચિતતાનો માહોલ છે.

ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' પર જાહેરાત કરી હતી કે ઈરાન સરકારની વિનંતીને માન આપીને તેઓ હુમલાની સમયસીમા ૧૦ દિવસ લંબાવી રહ્યા છે. ટ્રમ્પે દાવો કર્યો છે કે પાકિસ્તાન દ્વારા મોકલવામાં આવેલા ૧૫ મુદ્દાના પ્રસ્તાવ પર હકારાત્મક ચર્ચા થઈ રહી છે. જોકે, વિશ્લેષકો આને ટ્રમ્પની નબળાઈ અથવા રણનીતિનો ભાગ ગણાવી રહ્યા છે, કારણ કે અગાઉ તેમણે વિનાશની ધમકી આપી હતી અને હવે તેઓ વાતચીતનો રાગ આલાપી રહ્યા છે.

ટ્રમ્પ ભલે પોઝ બટન દબાવીને બેઠા હોય, પણ ઈરાનની 'તસ્નીમ ન્યૂઝ એજન્સી' અનુસાર, તેહરાને સ્પષ્ટ કર્યું છે કે તે અમેરિકાના દબાણ સામે ઝૂકશે નહીં. ઈરાને વળતો જવાબ આપતા માત્ર હુમલા રોકવાની જ નહીં, પણ અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા થયેલા નુકસાનનું વળતર અને હોર્મુઝની સામુદ્રધુની પર પોતાના સંપૂર્ણ અધિકારની માંગણી કરી છે. ઈરાનનો આ તેવર સૂચવે છે કે તે લાંબી લડાઈ માટે તૈયાર છે.

## સેન્સેક્સમાં ૧૪૫૦ પોઈન્ટનો કડાકોઃ રૂપિયો ૯૪.૭૫

### નિફ્ટીમાં પણ ૪૦૮ પોઈન્ટથી વધુનો ઘટાડોઃ રૂપિયો આજે પણ ૭૮ પૈસા તુટયોઃ સોના-ચાંદીમાં તેજી

ખાડી યુદ્ધના કારણે ભારતીય શેરબજારમાં એક ધારો ઘટાડો નોંધાઇ રહ્યો છે. આજે સપ્તાહના અંતિમ ટ્રેડીંગ સેશનમાં ઉઘડતી બજારે સેન્સેકસ અને નિફ્ટીમાં તોતીંગ કડાકો બોલી ગયો હતો. આજે અમેરીકી ડોલર સામે ભારતીય રૂપિયો ૯૪.૭૫ ની નીચલી સપાટીએ સરકી ગયો હતો. બુલિયન બજારમાં તેજી જોવા મળી હતી. સોના અને ચાંદીના ભાવમાં ઉછાળો જોવા મળ્યો હતો.

આજે ઉઘડતી બજારે શેર બજાર ફરી ઉંધા માથે પટકાયું હતું. સેન્સેકસે ૭૫ હજારની સપાટી તોડી હતી. દિવસ દરમિયાન ૭૩૭૯૧.૭૨ ની નીચલી સપાટીએ પહોંચી ગઇ હતી. જયારે ઉપલી સપાટી ૭૪૯૦૪.૯૧ રહેવા પામી હતી. નિફ્ટીએ આજે ૨૩ હજારની સપાટી તોડી હતી અને ૨૨૮૭૪ સુધી સરકી ગઇ હતી જયારે ઉપલી સપાટી ૨૩૧૮૬ રહેવા પામી હતી.

બેન્ક નિફ્ટીમાં ૧૩૦૦ પોઇન્ટ અને નિફ્ટી મીડકેપ-૧૦૦ માં ૧૦૬૦ પોઇન્ટનો ઘટાડો રહ્યો હતો. (અનુ. આઠમા પાને)

# ન હોય... યુદ્ધ શરૂ થયા પછી ઈરાનની ઈંધણની દૈનિક આવકમાં ૨૫૦ કરોડનો વધારો

### યુદ્ધ વચ્ચે ઈરાનના ઓઈલ વેચાણમાં મોટો ઉછાળોઃ હુમલાઓ વચ્ચે પણ ઈરાનની ઓઈલ નિકાસ યથાવત, ડોનાલ્ડ ટ્રમ્પે ઉર્જા મથકો પરના હુમલા ૧૦ દિવસ માટે અટકાવ્યા

## સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં ઈરાને ટોલ બુથ ખોલી ઉઘરાણા શરૂ કર્યા

ઈરાને વિશ્વના સૌથી મહત્વપૂર્ણ ઓઈલ શિપમેન્ટ માર્ગ એવા હોર્મુઝની સામુદ્રધુની પર પોતાનું વર્ચસ્વ જમાવી દીધું છે. શિપિંગ ઈન્ટેલિજન્સ રિપોર્ટ્સ અનુસાર, ઈરાને અહીં એક 'ટોલ બૂથ' જેવી સિસ્ટમ ઊભી કરી છે. અહીંથી પસાર થવા માંગતા જહાજોએ ફરજિયાતપણે ઈરાનની જળસીમામાં પ્રવેશીને ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોપ્ર્સ દ્વારા ચેકિંગ કરાવવું પડે છે. જહાજોએ તેમનો માલસામાન, માલિકોની વિગતો, ગંતવ્ય સ્થાન અને ક્રૂ મેમ્બર્સની સંપૂર્ણ યાદી આપવી પડે છે. મંજૂરી મળ્યા બાદ જહાજને એક કોડ આપવામાં આવે છે અને આઈઆરજીસી ના જહાજની સુરક્ષા હેઠળ જ તેને પસાર થવા દેવામાં આવે છે. અત્યાર સુધીમાં ઓછામાં ઓછા બે જહાજોએ ચીની ચલણ 'યુઆન' માં આ ટોલ ચૂકવ્યો હોવાનું પણ સામે આવ્યું છે. યુદ્ધની શરૂઆતથી આ સામુદ્રધુનીમાં શિપિંગ ટ્રાફિકમાં ૯૦% નો મોટો ઘટાડો નોંધાયો છે, (અનુ. આઠમા પાને)



**અબતક, નવી દિલ્હી**

યુદ્ધ શરૂ થયા પછી ક્રૂડ ઓઈલના વધતા ભાવો વચ્ચે ઈરાનને બેવડો ફાયદો થઈ રહ્યો છે, કારણ કે તે હોર્મુઝની સામુદ્રધુનીમાંથી પસાર થતો એકમાત્ર દેશ છે. માર્ચ મહિનામાં ઈરાને ઓઈલના વેચાણમાંથી પ્રતિદિન અંદાજે ૧૩૯ મિલિયન ડોલરની કમાણી કરી હોવાનો અંદાજ છે, જે આંકડો ફેબ્રુઆરીમાં પ્રતિદિન ૧૧૫ મિલિયન ડોલર હતો. આમ એક જ મહિનામાં દૈનિક આવકમાં અંદાજે રૂ.૨૫૦ કરોડનો વધારો થયો છે. અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા ઈરાન પર સતત હુમલાઓ થવા છતાં, આ મહિને ઈરાનની ક્રૂડ નિકાસ યુદ્ધ પહેલાના સ્તરની આસપાસ એટલે કે પ્રતિદિન ૧.૬ મિલિયન બેરલની નજીક હોવાનો અંદાજ છે. રિપોર્ટ અનુસાર, ઈરાની ઓઈલ લઈ જતા ટેન્કરો હજુ પણ ખાર્ગ આઈલેન્ડ ટર્મિનલ પરથી લોડ થઈ રહ્યા છે અને હોર્મુઝની સામુદ્રધુનીમાંથી (અનુ. આઠમા પાને)

## ઈરાને ભારતને ક્રૂડ અને એલપીજીનો જથ્થો મોકલવાનું શરૂ કર્યું

અમેરિકાના પ્રતિબંધો હંગામી ધોરણે હળવા થયા બાદ અને હોર્મુઝની સામુદ્રધુની લગભગ બંધ થવાથી સર્જાયેલી અછતને પહોંચી વળવા ભારતીય રિફાઈનરીઓએ ઈરાન પાસેથી ક્રૂડ ઓઈલ અને એલપીજીની ખરીદી શરૂ કરી દીધી છે. ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાગચીએ જાહેર કર્યું છે કે ભારત, ચીન, રશિયા, ઈરાક અને પાકિસ્તાન જેવા 'મિત્ર' દેશોના જહાજોને હોર્મુઝની સામુદ્રધુનીમાંથી સુરક્ષિત પસાર થવાની મંજૂરી આપવામાં આવી છે. આ નિર્ણયથી ભારતમાં ઈંધણ પુરવઠાની ખેંચમાં મોટી રાહત મળવાની સંભાવના છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ઈરાનથી પહેલો એલપીજી કાર્ગો આ સપ્તાહે ભારત પહોંચવાની ધારણા છે અને આગામી દિવસોમાં વધુ ક્રૂડ શિપમેન્ટ પણ આવી શકે છે. ભારતીય કંપનીઓ વહેલી તકે વધુમાં વધુ કાર્ગો મેળવવા માટે નેશનલ ઈરાનિયન ઓઈલ કંપની સાથે વાટાઘાટો કરી રહી છે. અમુક સોદા નક્કી થઈ ગયા છે, પરંતુ જહાજો યુદ્ધગ્રસ્ત વિસ્તારની બહાર ન નીકળે ત્યાં સુધી આયાતકારો સાવચેતી વર્તી રહ્યા છે. આ દરમિયાન, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે ઈરાન પાસેથી ઓઈલ ખરીદ્યું હોવાના મીડિયા અહેવાલોને સ્પષ્ટપણે નકારી કાઢ્યા છે.

# આંધ્ર અને મધ્યપ્રદેશમાં બે ભીષણ અકસ્માતઃ ૨૪નાં મોત, ૫૦થી વધુ ઘાયલ

### છિંદવાડામાં બસ અને પિક-અપ વાહન વચ્ચેની ટક્કરમાં ૧૦ લોકો મોતને ભેટ્યા

**અબતક, રાજકોટ**

આંધ્રપ્રદેશ અને મધ્યપ્રદેશમાં બે ભીષણ અકસ્માતમાં ૨૪ લોકોનાં મોત થયા છે અને ૫૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. આ બન્ને ઘટનામાં કેટલાક ગંભીર હોવાથી મૃત્યુઆંક વધી શકે છે. આંધ્રપ્રદેશના મરકાપુરમ જિલ્લામાં સવારે ૫:૩૦થી ૬:૦૦ની આસપાસ રાયાવરમ ગામની પાસે એક બસ કોન્ક્રીટથી ભરેલા ટ્રક સાથે અથડાઈ હતી. જેમાં ફ્યુઅલ ટેન્કમાં આગ લાગી જતાં ભીષણ આગ ફાટી નીકળી હતી. જેના પગલે ૧૪ લોકો જીવતા ભૂંજાયા હતા અને અનેક લોકો ગંભીરરીતે ઈજાગ્રસ્ત થયા હતા. ઘટના વખતે આ બસમાં કુલ ૪૧ લોકો સવાર હતા. આ બસ તેલંગણાના જગતિયાલથી નેલ્લોર જિલ્લાના કાલીગિરી ખાતે જઈ રહી હતી. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, વડાપ્રધાન નરેન્દ્ર સહિતના નેતાઓએ આ ઘટના પ્રત્યે દુખની લાગણી વ્યક્ત કરી હતી. તાજેતરમાં આંધ્રપ્રદેશમાં માર્ગ અકસ્માતોનો સિલસિલો વધ્યો છે.



મધ્યપ્રદેશના છિંદવાડામાં ગુરુવારે સાંજે મુખ્યમંત્રીના એક જાહેર (અનુ. આઠમા પાને)

### ચિંતા ન કરતા પેટ્રોલ-ડીઝલના ભાવ નહીં વધે

# ક્રુડ બેરલમાં ભાવ વધારા સામે પેટ્રોલ- ડીઝલમાં સરકારી 'રાહત'

## પેટ્રોલ પરની એકસાઈઝ ડયુટી રૂ.૧૩ થી ઘટાડી રૂ.૩, જયારે ડીઝલ પરથી એકસાઈઝ ડયુટી રૂ.૧૦ થી ઘટાડી શુન્ય કરાય

**અબતક, રાજકોટ**

ઈરાન અને અમેરિકા - ઈઝરાયેલ વચ્ચે છેલ્લા ૨૮ દિવસથી ચાલી રહેલા ભીષણ યુદ્ધના કારણે આંતર રાષ્ટ્રીય બજારમાં ક્રુડ બેરલના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. ખાનગી ઓઈલ કંપનીઓ દ્વારા પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો કરી દેવામાં આવ્યો છે. ઓઈલ કંપનીઓને ખોટમાં ઘટાડો થાય અને સામાન્ય વાહન ચાલકે ઈંધણમાં ભાવ વધારાનો બોજ વેઠવો ન પડે તે માટે કેન્દ્ર સરકાર દ્વારા આજે પેટ્રોલ અને ડીઝલ પર હાલ વસુલવામાં આવતી એકસાઈઝ ડયુટીમાં મોટો ઘટાડો કરવામાં આવ્યો છે. જો કે એકસાઈઝ ડયુટીમાં ઘટાડો કરવાથી સામાન્ય જનતાને ભાવ ઘટાડોનો કોઈ લાભ નહી મળે સાથો સાથે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પણ વધારો થશે નહીં.

ખાડી યુદધના કારણે વિશ્વભરના દેશોમાં ઈંધણની અછત વર્તાય રહી છે. ક્રુડ બેરલના ભાવ સતત વધી રહ્યા છે. ભારતમાં સરકારી અને ખાનગી ઓઈલ કંપનીઓને ભાવ વધારાથી મોટી ખોટ સહન કરવી પડે છે. આવામાં કેન્દ્ર સરકાર (અનુ. આઠમા પાને)


### વાહ રે ટ્રમ્પ!

# અમેરિકા પ્રથમ વખત રાષ્ટ્રપતિની સહી સાથે ડોલર બહાર પાડશે

## અમેરિકાના ૨૫૦મા સ્વાતંત્ર્ય દિવસ નિમિત્તે નિર્ણય લેવાયો, મોંઘવારી વચ્ચે લેવાયેલા નિર્ણયનો ડેમોક્રેટ્સ દ્વારા આકરો વિરોધ

**અબતક, નવી દિલ્હી**

યુ.એસ. ટ્રેઝરી વિભાગે ગુરુવારે જાહેરાત કરી છે કે તમામ નવી અમેરિકન ચલણી નોટો પર રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની સહી મૂકવામાં આવશે. આ નિર્ણય અમેરિકન ઈતિહાસમાં કોઈ સત્તાધીશ રાષ્ટ્રપતિ માટે પ્રથમ વખત લેવાયો છે. પરંપરાગત રીતે અમેરિકન ચલણી નોટો પર રાષ્ટ્રપતિના બદલે ટ્રેઝરી સેક્રેટરી અને ટ્રેઝરરની સહીઓ હોય છે, પરંતુ આ વખતે તેમાં ફેરફાર કરવામાં આવી રહ્યો છે.



અગાઉ પણ ડોનાલ્ડ ટ્રમ્પે યુ.એસ. ઈન્સ્ટિટ્યૂટ ઓફ પીસ, કેનેડી સેન્ટર અને નવા યુદ્ધ જહાજોને પોતાનું નામ આપી ચૂક્યા છે. આ ઉપરાંત અમેરિકાના આગામી ૨૫૦મા સ્વાતંત્ર્ય દિવસની ઉજવણીના ભાગરૂપે તેમની તસવીરવાળો ૨૪-કેરેટ સોનાનો સિક્કો પણ તૈયાર કરવામાં આવી રહ્યો છે. જોકે, ફેડરલ કાયદો અમેરિકન ચલણ પર જીવંત રાષ્ટ્રપતિના ચિત્રને દર્શાવવા પર પ્રતિબંધ મૂકતો હોવાથી આ મુદ્દે અગાઉ પણ વિવાદ થયો હતો.

ટ્રેઝરી વિભાગના જણાવ્યા અનુસાર, તમામ નવી ચલણી નોટો પર ડોનાલ્ડ ટ્રમ્પની સહી સામેલ (અનુ. આઠમા પાને)

### દહેજના ખપ્પરમાં હજારો જિંદગી ગુમાવી

# દહેજ મૃત્યુના કેસોમાં જામીન આપતા પહેલા સો વાર વિચારવાનો હાઈકોર્ટને સુપ્રીમનો આદેશ

## ગંભીર ગુનામાં પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને ઈજાઓના નિશાન જેવા ટેકનિકલ પુરાવાઓને નજરઅંદાજ ન કરી શકાયઃ સુપ્રીમ કોર્ટ

**અબતક, નવી દિલ્હી**

૨૧મી સદીમાં પણ 'દહેજ' એક એવો રાક્ષસ છે જે હજારો સ્ત્રીઓના જીવન ગળી રહ્યો છે. સુપ્રીમ કોર્ટે તેને ''માનવ અધિકારોનું ગંભીર ઉલ્લંઘન'' ગણાવ્યું છે. લગ્નના ટૂંકા ગાળામાં (આ કેસમાં માત્ર ૧.૫ વર્ષ) જ્યારે દીકરીનું અકાળે અવસાન થાય છે, ત્યારે તે માત્ર એક મૃત્યુ નથી, પણ એક પરિવારના સપનાઓનું ખૂન છે. દીકરીના સાસરે પૈસા કે વસ્તુઓની માંગણી એ માત્ર ગુનો નથી, પણ સામાજિક પાપ છે. કોર્ટની કડકાઈ એ સમાજ માટે લાલબત્તી સમાન છે.



સેક્શન ૧૧૪ સુપ્રીમ કોર્ટે નવા કાયદાનો ઉલ્લેખ કરતા કહ્યું કે, જો લગ્નના ૭ વર્ષમાં શંકાસ્પદ રીતે સ્ત્રીનું મૃત્યુ થાય અને દહેજ માટે ત્રાસના પુરાવા હોય, તો કાયદો 'ગુનાની ધારણા' કરે છે. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું કે ગંભીર ગુનામાં પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને ઈજાઓના નિશાન જેવા ટેકનિકલ પુરાવાઓને નજરઅંદાજ ન કરી શકાય. જ્યાં સુધી કેસની સુનાવણી ચાલુ હોય, ત્યાં સુધી આરોપીને જામીન આપવા એ પુરાવાઓ સાથે છેડછાડ કરવાનું જોખમ ઊભું કરે છે.

## રંગભૂમિઃ સંસ્કૃતિ, કલા અને લાગણીઓનો સંગમ

# જિંદગી એક "નાટક" છે, રંગભૂમિ એ તેનું જીવંત પ્રતિબિંબ

## ભગવદ્ ગૌમંડળ ગ્રંથના આધારે પૂર્વ ૧૨૮૦માં ગુજરાતીમાં પ્રથમ નાટક લખાયેલ, ત્યાર બાદ ૧૮૫૧માં નર્મદે બુધ્ધિવર્ધક સંસ્થા શરૂ કરી, એ જ સમયે મુંબઈમાં સેકસપીયર કલબની સ્થાપના થઈ હતી

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
મો.૯૮૨૫૦૭૮૦૦૦

આજે વિશ્વ રંગભૂમિ દિવસ છે, ત્યારે તેની ગઈકાલ, આજ અને આવતીકાલ વિશે બધાએ જાણવાની જરૂર છે, કારણકે આખરે તો આપણું જીવન પણ એકજ નાટક છે. આપણે જીવનમાં ઘણા પાત્રો ભજવીએ છીએ. જુની રંગભૂમિ થી લઈને આજના નાટકોમાં એક વાત બાકી નક્કી કે તમારે લાઈવ કરવું પડે, તેમાં ફિલ્મ જેમ રિટેક નો આવે. આજના જાણીતા કલાકારો એ પહેલા સ્ટેજ નાટકોથી જ શરૂઆત કરી હતી. આજે આપણે એક જટિલ દુનિયામાં નેવિગેટ કરવાનું ચાલુ રાખીએ છીએ, તેમ તેમ સ્ટેજ એક એવી જગ્યા રહે છે, જ્યાં આપણે આપણી સહિયારી માનવતા પર પ્રતિબિંબિત કરી શકીએ છીએ. વિશ્વ રંગભૂમિ દિવસની સ્થાપના ૧૯૬૧માં યુનેસ્કોની ભાગીદાર સંસ્થા ઈન્ટરનેશનલ થિયેટર ઈન્સ્ટિટ્યૂટ (ITI) દ્વારા કરવામાં આવી હતી. તેની રચના એક સરળ છતાં શકિતશાળી ધ્યેય દ્વારા પ્રેરિત હતી.તેનો હેતુ તમામ સ્વરૂપોમાં થિયેટરના મૂલ્ય વિશે જાગૃતિ લાવવાનો હતો.

રંગભૂમિ કલાનો મૂળ આપણને વેદ-ઉપનિષદમાં પણ જોવા મળે છે, અને તેને પાંચમો વેદ પણ કહેવાય છે. સર્જનહાર આ રંગભૂમિના સુત્રધાર છે. વૃક્ષોના લીલા પાન પ્રભુ પરિચયના એક સંવાદ જેવા છે, કલા માટે કહેવાય છે કે કલાકાર અંદરની રચના જુએ છે, બહારની નહીં. નજર સમક્ષ ભજવવાની કલા અને તેનો અભિનય એટલે રંગ મંચ ઉપર આપવાની દરરોજની પરીક્ષા છે. આ વર્ષની ઉજવણી થીમ ''થિયેટર અને શાંતિની સંસ્કૃતિ'' છે, જે થિયેટરની શક્તિશાળી ભૂમિકાને પ્રકાશિત કરે છે. શાંતિ અને સુમેળને પ્રોત્સાહન આપવું, સંવાદ અને સમજણને પ્રોત્સાહન આપવું, વિવિધ સંસ્કૃતિઓમાં લોકોને એકસાથે લાવવા, રંગભૂમિ હંમેશા સામાજિક મુદ્દાઓને વ્યકત કરવા અને સકારાત્મક પરિવર્તન લાવવાનું માધ્યમ રહ્યું છે. વાર્તા કહેવા અને પ્રદર્શન દ્વાર તે વધુ શાંતિપૂર્ણ અને સમાવિષ્ટ વિશ્વનું નિર્માણ કરવામાં મદદ કરે છે.

સમાજમાં રંગભૂમિ થિયેટરની ભૂમિકા હંમેશા માત્ર એક શો કરતાં વધુ રહી છે, તે એક અરીસો અને મેગાફોન છે, તે સમાજના પડકારોને પ્રતિબિંબિત કરે છે. તે એક વૈશ્વિક ભાષા છે.પ્રાચીન ગ્રીક કરૂણાંતિકાઓથી લઈને આફ્રિકાના જટિલ માસ્ક નૃત્યો અને આધુનિક રાજકીય વ્યંગ્ય સુધી, થિયેટર એક સાર્વત્રિક ભાષા છે. કલાકાર બનતા નથી, જન્મે છે. જ્યાં ભાષા જીવે છે ત્યાં સંસ્કૃતિ પણ જીવે છે. ગુજરાતી રંગમંચ એ ગુજરાતી ભાષા અને સાહિત્ય બચાવવાનો પ્રયાસ છે. આજે મુંબઈનાં આધુનિક નાટકોની બોલબાલા છે, પણ હજી લોકો હોલમાં જોવા આવતા નથી. આજનો યુવા વર્ગ નેટ માધ્યમથી મોબાઈલમાં જ નાટકો જોવા લાગ્યો છે. અંગ્રેજી માધ્યમની શાળામાં ભણતા વિદ્યાર્થીઓને ગુજરાતી નાટક જોતા કરવા પડશે. ભવાઈ એટલે ભવની વહી, અર્થાત ભવની કથા, જિંદગીની કથા. સંસારની તડકી છાંયડીઓની કથા નાટકોએ ગુજરાતની અસ્મિતા છે. અણહિલપુર પાટણમાં સંસ્કૃત નાટકો ભજવતાં હતા.ગુજરાતી નાટય જગતને વિકસાવવામાં મુંબઈના પારસી સમાજનું યોગદાન ગણાય છે. અઢારમી સદીમાં અંગ્રેજો દ્વારા મુંબઈ શહેરનો વિકાસ ત્વરિત થયો, ત્યારે ૧૭૫૦ પછી તેમણે મુંબઈમાં મનોરંજન કાર્યક્રમોની શરૂઆત કરી ૧૭૭૬ માં અંગ્રેજોએ મુંબઈના ફોર્ટ એરીયામાં પહેલું થિયેટર બનાવ્યું હતું. ભારત એક સમૃધ્ધ સંસ્કૃતિ અને વારસાની ભૂમિ છે, જે પેઢી દર પેઢી તેની પરંપરા નિભાવે છે.




દેશની વિવિધ કલા, સ્વરૂપો, સંસ્કૃતિ થિયેટરને આગળ વધારવા મહત્વની ભૂમિકા ભજવે છે. આજના ડિજિટલ અને ઓટીટી યુગમાં પણ આપણી આંખોની સામે જીવંત નાટક જોવું એક રોમાંચ છે. આપણી રંગભૂમિ પ્રાચિન કાળથી ચાલી આવી છે. ત્યારે આજના ડિજિટલ અને ઓટીટી યુગમાં પણ આપણી આંખોની સામે ભજવાતું જીવંત નાટક માણવું એક રોમાંચ છે. સ્ટેજના કલાકારોને ફિલ્મ કલાકારોની જેમ રીટેકની તક મળતી નથી, તેને પ્રેક્ષકો સામે લાઈવ નાટક ભજવવાનું હોય છે. રંગભૂમિને જીવંત રાખવામાં ગુજરાતીઓ સૌથી મોખરે છે. ફિલ્મ કલાકારો કરતાં સ્ટેજના કલાકારોની અભિનય ક્ષમતા વધુ હોય છે. થિયેટર દરેક વ્યકિતના જીવન પર કોઈકને કોઈ રીતે પ્રતિબિંબિત કરે છે. નાટકનું પરફોર્મન્સ વ્યકિતગત હોય કારણ કે જીવંત ભજવાય છે.

આજે ગુજરાતી નાટકોની વિશ્વભરમાં બોલબાલા છે, અને લોકો મનોરંજન મેળવવા ફિલ્મો કરતા નાટકો વધુ પસંદ કરવા લાગ્યા છે. ત્યારે હજી પણ યુવા વર્ગને નાટકો જોતા કરવાની જરૂર છે. કલાકારો એક ચોકકસ સેટીંગ કે સ્ટેજ પર પોતાના વાસ્તવિક અનુભવોને જીવંત કરીને પ્રેક્ષકો સુધી પહોચાડે છે. થિયેટર અને શાંતિની સંસ્કૃતિ નો હેતુ વિશ્વની તમામ સંસ્કૃતિને એક કરીને પ્રેક્ષકોને તેના વિશે શિક્ષિત કરીને શાંતિ લાવવામાં થિયેટરની ભૂમિકાને પ્રકાશિત કરે છે. ગ્રીક સંસ્કૃતિથી શરૂ થયેલ થિયેટર મનોરંજનના સૌથી લોકપ્રિય સ્વરુપો પૈકી એક છે, તે ઘણી લલીત કલાના સ્વરુપોનું મિશ્રણ છે.

આજના ઘણા જાણીતા ફિલ્મ કલાકારોનું મૂળ નાટ્ય મંચમાં જ જોવા મળે છે. સંજીવકુમાર, પરેશ રાવલ, નસરુદ્દીન શાહ, ઓમ પુરી, ઈરફાનખાન, કાદરખાન, સ્મૃતિ ઈરાની, સિધાર્થ રાંદેરિયા, મનોજ જોશી, આશુતોષ રાણા, પદ્મારાણી, ધર્મેશ વ્યાસ, શર્મન જોષી, સંજય ગોરડિયા, દર્શન જરીવાલા, પ્રવીણ જોશી, સરિતા જોશી, દિલીપ જોશી, અપરા મહેતા, આશા પારેખ, કેતકી દવે, સુજાતા મહેતા, દેવેન ભોજાણી, જેવા અનેક કલાકારો છે. રાજકુમાર રાવ પણ રંગભૂમિ પરથી પોતાની અભિનય કળાને મજબૂત બનાવી પછી ફિલ્મોમાં સફળતા મેળવી હતી. એથી સ્પષ્ટ થાય છે કે થિયેટર જ મોટા કલાકારો માટે મજબૂત પાયો છે.રંગભૂમિના મંચ ઉપર કલાકારો પોતાની કલા રજુ કરે છે, ત્યારે તેના હાવભાવ, ગીત-સંગીત, ડાયલોગ કે નૃત્ય જેવી ઘણી વાતથી પ્રેક્ષકોને સંદેશ આપે છે, એ પણ જીવંત, નાટ્ય પરંપરા એક સંસ્કૃતિ છે અને તે વિશ્વભરમાં અસ્તિત્વમાં છે. આજના પરફોમિંગ આર્ટસ અને મીડિયા યુગમાં નાટ્ય જગતને વેગ મળ્યો છે ત્યારે પ્રભાવ શાળી વાર્તા, વિચારને પોતાની અભિનય શકિત વડે કોસ્ચ્યુ ડિઝાઈન વિગેરે સાથે એક નાટ્ય ગૃહમાં નાટક ભજવાય ત્યારે પ્રેક્ષકોને ઘણી વાતો શીખવા મળી જાય છે. અભિવ્યક્તિનું માધ્યમ એટલે થિયેટર આપણ પ્રાચિન કાળમાં તે સામાજીક સંદેશાઓ જન જન સુધી પહોચાડવામાં મદદ કરતા હતા.

**નાટકની ગઈકાલ પરંપરા અને સંસ્કારોનો ઉદય**

રંગભૂમિની શરૂઆત પ્રાચીન ગ્રીસ અને ભારતમાં ધાર્મિક વિધિઓ અને ઉત્સવોમાંથી થઈ હતી. આજના યુગમાં પ્રયોગશીલતા અને ડિજિટલ પડકાર વર્તમાન સમયમાં રંગભૂમિ માત્ર મનોરંજનનું સાધન નથી, પણ સામાજિક પરિવર્તનનું એક સશક્ત માધ્યમ છે. આજે નાટકોમાં રિયાલિઝમ અને પ્રયોગશીલતા જોવા મળે છે. તેની આવતીકાલમાં ટેકનોલોજી અને નવા આયામોથી રંગભૂમિનું ભવિષ્ય વધુ ડિજિટલ અને ઈન્ટરેક્ટિવ બનવા જઈ રહ્યું છે. આવનારા સમયમાં ટછ - અછ નો ઉપયોગ નાટકોમાં જોવા મળશે, જ્યાં પ્રેક્ષકો માત્ર દર્શક નહીં પણ નાટકનો એક ભાગ બની શકશે.

### એક ગુજરાતીના સુચનથી ૧૯૬૨થી ઉજવાય છે, આજનો દિવસ

૧૯૬૧માં યુનેસ્કો અને યુનીસેફની વૈશ્વિકસ્તરની મિટીંગમાં ૧૪૫ દેશોએ ભાગ લીધો હતો, જેમાં ભારત તરફથી આપણા ગુજરાતના એક ગુજરાતી ચં, ચી. મહેતા પણ હાજર હતા. મીટીંગમાં આ કલાને જીવંત રાખવાના પ્રયાસોની વાતમાં તેમણે કરેલા વૈશ્વિક દિવસ તરીકેની ઉજવણી કરવાના સુચનને દુનિયાભરે સ્વીકારી ૧૯૬૨ થી આ દિવસ ઉજવવાનું નકકી કર્યુ હતું. જે આપણા ગુજરાતી માટે ગૌરવરૂપ ઘટના ગણી શકાય.

### જુની દેશી નાટક મંડળીમાં સ્ત્રી પાત્રો સ્ટેજ ઉપર આવતાં નહીં, તેથી પુરૂષો જ સ્ત્રી પાત્ર ભજવતાં હતાઃ આજે સમયાંતરે ટેકનોલોજી બદલાયને મેકઅપ, કેમેરા, લાઈટ સાઉન્ડ, અદ્યતન ફરતા સેટ, અલ્ટ્રા મોર્ડન ડીઝીટલ ટેકનોલોજીનો ઉપયોગ થઈ રહ્યો છે

# વિમુક્ત જાતિઓના ઉત્થાન માટે સરકાર કટિબદ્ધઃ સાંસદ મયંક નાયકના પ્રશ્ને કેન્દ્રીય મંત્રીએ આપી માહિતી

**અબતક, રાજકોટ**


રાજ્યસભાના પ્રશ્નકાળ દરમિયાન ગુજરાતના સાંસદ મયંકભાઈ નાયકે ભટકતી અને વિમુક્ત જાતિઓના ઉત્થાન અંગે મહત્વનો મુદ્દો ઉઠાવતા, કેન્દ્રીય મંત્રી રામદાસ આઠવલેએ સરકારની કટિબદ્ધતા અને સિદ્ધિઓની વિગતવાર માહિતી આપી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આ સમુદાયોના આર્થિક અને સામાજિક સશકિતકરણ માટે બાલકૃષ્ણ રેન્કે કમિશન અને ઈદાતે કમિશન જેવી સમિતિઓ દ્વારા સર્વે



કરવામાં આવ્યો છે, જેના આધારે પીએમ-દક્ષ યોજના હેઠળ હજારો યુવાનોને કૌશલ્ય તાલીમ પૂરી પાડવામાં આવી રહી છે.

વર્ષ ૨૦૨૨-૨૩ માં તાલીમ પામેલા ૧૦,૮૪૭ ઉમેદવારોમાંથી ૭૫% ને રોજગારી મળી છે, જ્યારે વર્ષ ૨૦૨૩-૨૪ માં તાલીમ લેનારાઓની સંખ્યા વધીને ૨૪,૯૧૧ સુધી પહોંચી છે. આ યોજના દ્વારા ઓબીસી અને ડીએનટી સમુદાયના યુવાનોને સ્ટાર્ટઅપ, ઉચ્ચ શિક્ષણ અને પરંપરાગત વ્યવસાયોમાં વિશેષ પ્રોત્સાહન આપીને તેમને આર્થિક રીતે આત્મનિર્ભર બનાવવાનો સરકારનો મક્કમ નિર્ધાર છે.

# અરવિંદભાઈ મણીયાર જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા તત્વજ્ઞાન ગોષ્ઠિ-પ્રશ્નોતરી સંપન્ન



## ૩૦૦થી વધુ લોકો હાજર રહ્યા, નિષ્ણાંતોએ વિવિધ વિષયો પર વકતવ્ય આપ્યું

**અબતક, રાજકોટ**

અરવિંદભાઈ મણીઆર જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા તા.૨૨ માર્ચ રવિવારે હોટલ પેટ્રીયા સ્યૂટસ ખાતે હું આત્મા છું* તત્વજ્ઞાન ગોષ્ઠિ તથા પ્રશ્નોત્તરીનો એક કાર્યક્રમ યોજાઈ ગયો.


પ્રખર તત્વચિંતક આત્માજ્ઞાની સીએ જયેશભાઈ શેઠ(મુંબઈ) તથા તત્વજ્ઞાની શૈલેશભાઈ શાહ(મુંબઈ) દ્વારા આ ગોષ્ઠિમાં આધ્યાત્મિક જીવનનાં મૂળ પ્રશ્નોનાં તર્કસભર અને સંતોષકારક ઉત્તરો આપવામાં આવ્યા હતા.

ઉપરોક્ત કાર્યક્રમમાં ૩૦૦ થી પણ વધુ પરિવારજનોએ ઉપસ્થિત રહીને પોતાના પ્રશ્નોનાં નિરાકરણ મેળવ્યા હતા. તદુપરાંત YouTube ના માધ્યમથી ૨૮૭ ભાવિકોએ ભાગ લીધો હતો. સતત ૩ કલાકથી વધારે સમય માટે ચાલેલા આ કાર્યક્રમમાં રાજકોટના ભાવિકોએ ઉત્સાહથી ભાગ લીધો હતો.

જયેશભાઈ શેઠે કહ્યું હતું કે, જીવનનાં મૂલ્યાંકન કરતી વખતે પદ, પ્રતિષ્ઠા, સત્તા, સંપત્તિ, વિદ્વત્તા, બંગલા, ગાડી, ફેક્ટરી, ઓફિસ... કંઈ જ કામનાં નથી. શરીર સાથે બધું જ છૂટી જવાનું છે. તેમણે કહ્યું કે આપણાં કર્મોના ખાતામાં જેટલા કર્મો જમા કરાવ્યા હશે અને બેલેન્સ હશે તેટલી જ રકમનું ફળ મળશે. એટલે તમામ જીવસૃષ્ટિ સાથે નિષ્કામ ભાવથી વ્યવહાર કરવો જોઈએ. આ કાર્યક્રમમાં જયેશભાઈ શેઠ દ્વારા લિખીત પુસ્તકનું વિમોચન શૈલેષભાઈ શાહ, હંસીકાબેન મણીયાર કલ્પકભાઈ મણીઆર, દીપકભાઈ અગ્રવાલ, ડો. તુષારભાઈ શાહ, જાણીતા બાળરોગના નિષ્ણાત ડો. કિશોરભાઈ દેસાઈ, ભારતીબેન દીપકભાઈ મહેતા, ઉપરોક્ત કાર્યક્રમમાં ઉપસ્થિત ભાવિકોને અરવિંદભાઈ મણીઆર જનકલ્યાણ ટ્રસ્ટ તથા અરવિંદભાઈ મણીઆર રિસર્ચ સેન્ટર દ્વારા નિઃશુલ્ક અનેક પ્રકલ્પોની માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમની અંદર ટ્રસ્ટનાં મનેજિંગ ટ્રસ્ટી ડો. વલ્લભભાઈ કથીરિયા પત્ર દ્વારા શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમની અંદર અરવિંદભાઈ મણીઆર જનકલ્યાણ ટ્રસ્ટના ટ્રસ્ટી હંસીકાબેન મણીઆર, શિવુભાઈ દવે, રાજુભાઈ ધ્રુવ, કલ્પકભાઈ મણીઆર વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમની જેમની પરિકલ્પના હતી તેવા અરવિંદભાઈ મણીઆર રિસર્ચ સેન્ટર ટ્રસ્ટનાં હર્ષલભાઈ મણીઆર તથા વિબોધભાઈ દોશી અને મિહિરભાઈ મણીઆરના માર્ગદર્શન હેઠળ, આશીષભાઈ ઉદાણી, ખ્યાતિબેન ભટ્ટ તેમજ અરવિંદભાઈ મણીઆર જનકલ્યાણ ટ્રસ્ટ અને અરવિંદભાઈ મણીઆર રિસર્ચ સેન્ટર ટ્રસ્ટના તમામ કાર્યકર્તાઓએ જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સુંદર અને સરળ ભાષામાં સંચાલન જૈન શ્રેષ્ઠી નિલેશભાઈ શાહે કર્યું હતું. શ્રોતાઓની માંગણીઓને ધ્યાનમાં રાખીને વિચાર ગોષ્ઠિનું આયોજન કરવામાં આવ્યું હતુ.

# સુજોકની રાજયકક્ષાની પરિષદ યોજાઈ





**અબતક, રાજકોટ**

સુજોક થેરાપીની માતૃસંસ્થા ઈન્ટરનેશનલ સુજોક એસોસિએશનના ગુજરાત ચેપ્ટર દ્વારા તાજેતરમાં અમદાવાદ ખાતે રાજ્યકક્ષાની પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમગ્ર ગુજરાતમાંથી આ ક્ષેત્રના નિષ્ણાતો હાજર રહ્યા હતા.

રાજકોટના સુજોક એક્યુપંક્ચરના નિષ્ણાત તપન પંડયાએ સુજોકની મૂળભુત બાબતો પર એક પ્રેઝન્ટેશન આપ્યું હતું. તેમજ લાઈફ સ્ટાઈલ ડિસઓર્ડરમાં સુજોકની સારવાર કેવી રીતે થઈ શકે તેના વિષે વિસ્તૃત માહિતી આપી હતી. જુન માસમાં, આવી જ એક રાજયકક્ષાની પરિષદનું આયોજન તપનભાઈ દ્વારા રાજકોટમાં થવા જઈ રહ્યું છે. અ ઈન્ટરનેશનલ સુજોક એસોસિએશન દ્વારા સુજોક થેરાપીના અવેરનેસ સેમિનાર તેમજ સારવારના કેમ્પનું વિનામૂલ્યે આયોજન થાય છે. જ્ઞાતિમંડળો, સંસ્થાઓ, રહેણાંક વિસ્તારો, વ્યાવસાયિક સંગઠનો આ પ્રકારના આયોજન માટે તપન પંડયા - ૯૮૭૯૮ ૪૧૦૪૮ નો સંપર્ક કરી શકે છે.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૨૭-૦૩-૨૦૨૬ શુક્રવાર**
- ૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (કમઠાણ)
- ૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (સંજય રાવલ)
- ૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (કઢી પકોડા)
- ૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો ક્યારે
- ૦૪:૦૦ થી ૦૪:૩૦ પોડકાસ્ટ (ઉગતા કલાકારોને પ્રોત્સાહન આપવા સરકારની યોજના)
- ૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
- ૦૫:૦૦ થી ૦૭:૩૦ ગુજરાતી નાટક (મારી વાઈફ મેરી કોમ)
- ૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
- ૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલ જીવી લઈએ
- ૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૮-૦૩-૨૦૨૬ શનિવાર**
- ૦૭:૦૦ થી ૧૦:૦૦ સાળંગપુર(શ્રી.કષ્ટભંજન દેવ)લાઈવ
- ૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
- ૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
- ૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા.૨૮-૩ -૨૦૨૬ શનીવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ**: ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** ચૈત્ર શુદ દશમ
**નક્ષત્ર** પુષ્ય
**યોગ** સુકર્મા **કરણઃ** વણિજ
**સુર્યોદય** ૬.૪૪ **સુર્યાસ્તઃ** ૭.૦૧
**ચંદ્ર રાશી** કર્ક
**રાશિ અક્ષર** ડ.હ
**દિશાશૂળ** પૂર્વ દિશા તરફ
**રાહુકાળ** સવારે ૯ થી ૧૦.૩૦
**દિવસનાચોઘડીયા** કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,
**રાત્રીનાચોઘડીયા** લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૩૨ થી ૧.૨૦

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૯૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૬ | | | ૧ | ૩ | | | |
| | | ૪ | | | ૭ | | | |
| | | | ૨ | ૪ | | | | |
| | | | ૪ | | ૬ | | ૩ | ૭ |
| | | ૯ | ૫ | | | ૪ | | |
| | | | | | | | | |
| | | | | | ૫ | ૩ | ૭ | |
| | ૧ | | | ૩ | | | | ૨ |
| ૭ | | ૮ | | ૬ | | | | ૫ |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૯૧ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૨ | ૫ | ૩ | ૧ | ૭ | ૯ | ૬ | ૮ |
| ૧ | ૭ | ૬ | ૮ | ૫ | ૯ | ૪ | ૩ | ૨ |
| ૮ | ૯ | ૩ | ૪ | ૨ | ૬ | ૧ | ૫ | ૭ |
| ૭ | ૩ | ૪ | ૧ | ૬ | ૮ | ૨ | ૯ | ૫ |
| ૨ | ૫ | ૧ | ૭ | ૯ | ૩ | ૮ | ૪ | ૬ |
| ૯ | ૬ | ૮ | ૨ | ૪ | ૫ | ૭ | ૧ | ૩ |
| ૫ | ૪ | ૨ | ૬ | ૮ | ૧ | ૩ | ૭ | ૯ |
| ૩ | ૮ | ૯ | ૫ | ૭ | ૪ | ૬ | ૨ | ૧ |
| ૬ | ૧ | ૭ | ૯ | ૩ | ૨ | ૫ | ૮ | ૪ |

## આવતીકાલનું રાશિફળ

**તા.૨૮.૩.૨૦૨૬ શનિવાર, સંવંત ૨૦૮૨, ચૈત્ર સુદ દશમ, પુષ્ય નક્ષત્ર, સુકર્મા યોગ, વણિજ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ કર્ક (ડ,હ) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ** (અ,લ,ઈ) : નાની નાની ખુશી પ્રાપ્ત કરી શકો, પરિવાર સાથે આનંદ માણી શકો, મુસાફરી થાય, શુભ દિન.

**વૃષભ** (બ,વ,ઉ) : તમારા વિચારોને અમલમાં મૂકી શકો, ભાઈ ભાંડુ સુખ સારું રહે, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.

**મિથુન** (ક,છ,ઘ) : કાર્યમાં એક નવી શરૂઆત થતી લાગે, તમારા સૌમ્ય વાણી વર્તનથી અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, શુભ દિન.

**કર્ક** (ડ,હ) : ઘણા વણઉકેલ પ્રશ્નોના જવાબ આજે મેળવી શકશો, આજના દિવસે તમામ મોરચે તમે સારી રીતે આગળ વધી શકો.

**સિંહ** (મ,ટ) : કોઈ બાબતને અહમનો પ્રશ્નના બનાવવો, વાદ વિવાદથી દૂર રહેવું, મતભેદ નિવારવા સલાહ છે, મધ્યમ દિવસ.

**કન્યા** (પ,ઠ,ણ) : અંગત લોકો અને સગા સ્નેહી મિત્રોથી સારું રહે, આગળ વધવાની તક પ્રાપ્ત થાય, દિવસ સારો રહે.

**તુલા** (ર,ત) : સ્ત્રીવર્ગ પોતાની પતિભા બતાવી શકે, વેપારીવર્ગને મધ્યમ રહે, નોકરિયાત વર્ગની પ્રગતિ થાય.

**વૃશ્ચિક** (ન,ય) : યોગ્ય સમય પર યોગ્ય નિર્ણય કરી શકો, ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથમાં આવે.

**ધન** (ધ,ભ,ફ,ઢ) : જે બાબત વિચારી હોય તે બનતી જોવા મળે, દૂર દેશથી સારા સમાચાર મળે,જુના મિત્રોને મળવાનું થાય.

**મકર** (ખ,જ) : સામાજિક રીતે આગળ વધી શકો, જાહેરજીવનમાં સારું રહે, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય, શુભ દિન.

**કુંભ** (ગ,સ,શ) : ખાવા પીવામાં પરેજી રાખવી જરૂરી બને છે, તબિયતની કાળજી લેવી, વધુ પડતી દોડધામ નિવારવા સલાહ છે.

**મીન** (દ,ચ,ઝ,થ) : વિદ્યાર્થીવર્ગને એકાગ્રતા રહે, સંતાન અંગે સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો, શુભ દિન.

જૈન સમાજના ચારેય ફિરકાઓનું અદ્ભૂત સંગઠન

# જૈન દર્શન કાર્યક્રમમાં જૈનમ ગ્રુપ દ્વારા મહાવીર જન્મોત્સવની યશગાથા વર્ણવી

## ‘અબતક’ના વિશેષ કાર્યક્રમમાં મનોજભાઈ ડેલીવાળા સાથે જૈન અગ્રણીઓએ જન્મ મહોત્સવ અને સેવાકીય પ્રકલ્પોની વિગતો આપી

### ૧૦૮ બાળકોની વેશભૂષા, ૫૦૦૦ લોકો માટે ગૌતમ પ્રસાદ અને ચિત્ર-રંગોળી સ્પર્ધા આકર્ષણનું કેન્દ્ર બનશે




**અબતક, રાજકોટ**

જૈન ધર્મમાં ચૈત્ર સુદ તેરસ એટલે કે અનંત ઉપકારી પ્રભુ મહાવીરનો જન્મ મહોત્સવ. આ પવિત્ર અવસરે માં ‘જૈનમ ગ્રુપ’ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ધામધૂમથી ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. અબતકના લોકપ્રિય કાર્યક્રમમાં મનોજભાઈ ડેલીવાળા સાથે જૈન અગ્રણીઓ મેહુલભાઈ દામાણી, જિનેશભાઈ મહેતા, સેજલભાઈ કોઠારી અને જયેશભાઈ મહેતાએ આ મહોત્સવની વિસ્તૃત રૂપરેખા અને મહાવીર સ્વામીનો પ્રેરક જીવન માહિતી આપી હતી

### મંગળવારે જૈન બનશે મહાવીરમય જૈન સમાજના સીએ, ડોક્ટરો, વકીલો, ઉદ્યોગપતિઓ સહિતના અનેક ભાવિકોમાં અનેરો થનગનાટ

### રૂટ પર અભિવાદન અને સેવાઓ: મેહુલ દામાણી

મેહુલભાઈએ જણાવ્યું કે યાત્રાના રૂટ પર ૯ થી વધુ સંસ્થાઓ દ્વારા શ્રાવકો માટે પાણી, છાસ અને શરબતની વ્યવસ્થા કરાશે. ૧૮ આલમ દ્વારા ભગવાન મહાવીર સ્વામીનું અભિવાદન કરવામાં આવશે. નૌકાર મંત્રના ૯ પદના અલગ-અલગ ૯ સ્ટેજ બનાવવામાં આવશે, જ્યાં બાળકો ભગવાનનો જયજયકાર કરશે.

### ચારેય ફિરકાઓનું સંગઠન અને વ્યવસ્થાપન: જયેશ

જૈનમ ગ્રુપ છેલ્લા ૧૧ વર્ષથી ચારેય ફિરકાઓને સાથે રાખીને આ મહોત્સવ ઉજવે છે. યાત્રાના સંચાલન માટે ૧૬ કમિટીઓમાં ૧૮૦ મેમ્બર્સ કાર્યરત છે, જેમાં ૧૪ થી વધુ સીએ, ૮ થી વધુ ડોકટરો અને નામાંકિત ઉદ્યોગપતિઓ સેવામાં જોડાયા છે. આ વર્ષે પેલેસ રોડ પર મનોહરસિંહજીના પેલેસમાં ૫૦૦૦થી વધુ લોકો માટે ગૌતમ પ્રસાદનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે.

### સાંસ્કૃતિક સ્પર્ધાઓનું આયોજન: જિનેશ મહેતા

મહોત્સવના ભાગરૂપે તારીખ ૨૯/૦૩/૨૦૨૬, રવિવારના રોજ બપોરે ૪ થી ૭ દરમિયાન ચિત્ર અને રંગોળી સ્પર્ધા રાખેલ છે. આમાં જૈન તેમજ જૈનેતર તમામ લોકો ભાગ લઈ શકશે. નાના બાળકોથી લઈને વડીલો સુધીના તમામ વર્ગો માટે રજીસ્ટ્રેશન પ્રક્રિયા હાલ ચાલુ છે.

### વર્ધમાનમાંથી ‘મહાવીર’ બનવા સુધીની સફર: સેજલ કોઠારી

અબતક સાથેની વાતચીતમાં સેજલભાઈએ જણાવ્યું કે છઠ્ઠી સદીમાં બિહારના કુંડ ગામમાં જન્મેલા વર્ધમાને 30 વર્ષની વયે માતા-પિતાના અવસાન બાદ દીક્ષા ગ્રહણ કરી હતી. ૧૨ વર્ષની કઠિન તપસ્યા બાદ કેવળજ્ઞાન પ્રાપ્ત કરી તેમણે અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ જેવા મહાવ્રતો આપ્યા. ૭૨ વર્ષની વયે મોક્ષ પ્રાપ્ત કરનાર પ્રભુના અસીમ પુરુષાર્થને જોઈ દેવતાઓએ તેમને ’મહાવીર’ નામ આપ્યું હતું.

મહાવીર જન્મ કલ્યાણક મહોત્સવ નિમિત્તે તારીખ ૩૧/૦૩/૨૦૨૬ ના રોજ સવારે ૮:૦૦ કલાકે આલ્ફ્રેડ હાઈસ્કૂલ સામે આવેલ મણિયાર દેરાસરથી ભવ્ય ધર્મયાત્રા પ્રસ્થાન થશે. આ યાત્રા કસ્તુરબા રોડ, શારદા બાગ, સર્કિટ રોડ, ફૂલછાબ ચોક, મોટી ટાંકી ચોક, લીમડા ચોક, દિગંબર મંદિર, ત્રિકોણ બાગ, ભૂપેન્દ્ર રોડ થઈ પેલેસ રોડ ખાતે વિરાણી પૌષધ શાળામાં સંપન્ન થશે. આ યાત્રામાં ૧૦૮ ગાડીઓ, ૨૫૧ સ્કૂટર, બાગ-બગીઓ અને ૧૦૮ બાળકો વિવિધ વેશભૂષામાં જોડાશે.

## પ્રભુનો રથ ઉઘાડા પગે ખેંચશે પ્રહલાદ પ્લોટ યુવક મંડળના સભ્યો

રાજકોટના સમસ્ત જૈન સમાજમાં ભગવાન મહાવીર સ્વામીના જન્મ કલ્યાણક મહોત્સવને લઈને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ’જૈનમ’ સંસ્થા દ્વારા આ વર્ષે પ્રથમવાર સમાજ જાગૃતિના ઉમદા હેતુ સાથે બાળકો માટે પદયાત્રા અને મહિલાઓ માટે વિશેષ સ્કુટર રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ આયોજન દ્વારા નવી પેઢી ધર્મ સંસ્કૃતિથી નજીક આવે અને નારી શક્તિ દ્વારા સમગ્ર પરિવારમાં ધર્મનો પ્રચાર થાય તેવો શુભ લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

આગામી તારીખ ૨૯-૦૩-૨૦૨૬, રવિવારના રોજ સવારે ૯:૦૦ કલાકે એસ્ટ્રોન ચોક (શ્રી મહાવીર સ્વામી ચોક) થી બાળકોની પદયાત્રા પ્રસ્થાન કરશે. જૈન શાળા, પાઠશાળા અને ’લુક એન્ડ લર્ન’ ના બાળકો સહિત જૈન સમાજના ભુલકાઓ આ યાત્રામાં જોડાશે. આ પદયાત્રા મહિલા કોલેજ અંડરબ્રિજ અને કાલાવડ રોડ થઈને શ્રી નાલંદા તીર્થધામ ખાતે પૂર્ણ થશે. માર્ગમાં ઠેર-ઠેર જૈન અગ્રણીઓ દ્વારા બાળકોનું સ્વાગત કરવામાં આવશે અને વિવિધ સંસ્થાઓ દ્વારા ફૂડ પેકેટ સહિતની વ્યવસ્થા કરવામાં આવી છે. હરેશભાઈ વોરા, પંકજભાઈ કોઠારી સહિતના શ્રેષ્ઠીઓ આ પદયાત્રાને ફ્લેગ ઓફ આપી પ્રસ્થાન કરાવશે.

ત્યારબાદ, ૩૦ માર્ચના રોજ સાંજે ૫:૦૦ કલાકે નારી શકિતને ઉજાગર કરતી ભવ્ય સ્કુટર રેલી યોજાશે. એસ્ટ્રોન ચોકથી શાસ્ત્રી મેદાન સુધી નીકળનારી આ રેલીમાં જૈન સમાજની બહેનો અને દીકરીઓ જોડાશે. આ રેલી દ્વારા મહિલાઓ સમગ્ર પરિવારને ભગવાન મહાવીરના જન્મ કલ્યાણક મહોત્સવમાં ઉત્સાહભેર જોડાવા માટે પ્રેરક આહવાન કરશે. સમાજના અનેક અગ્રણી દંપતીઓ આ રેલીમાં ઉપસ્થિત રહી બહેનોનો ઉત્સાહ વધારશે.

આ ધર્મયાત્રાનું મુખ્ય આકર્ષણ ભગવાન મહાવીરનો શુદ્ધ ચાંદીનો રથ રહેશે. પ્રહલાદ પ્લોટ યુવક મંડળના યુવાનો આકરી ગરમી અને કાળઝાળ તડકામાં પણ ઉઘાડા પગે ચાલીને ભગવાનના નંદી બની રથને ખેંચશે. વર્ષોથી સેવા આપતા આ યુવાનોએ આ વર્ષે પણ કોઈપણ વિઘ્ન વિના ભક્તિભાવ સાથે આ કાર્ય પૂર્ણ કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો છે. રાજકોટના લાખો શ્રદ્ધાળુઓ માર્ગો પર આ ચાંદીના રથના દર્શનનો લાભ લેશે.

JAINAM UNITING COMMUNITY

દર્દીઓના સગા-સંબંધીઓ માટે રૂ.૬૦ કરોડના ખર્ચે ૮૫૮ બેડનું અત્યાધુનિક રેનબસેરા તૈયાર

# અમદાવાદ સિવિલમાં માનવતાનું નવું સરનામું ‘રેનબસેરા’

**અબતક, રાજકોટ**

એશિયાની સૌથી મોટી સિવિલ હોસ્પિટલમાં રાજ્યભરમાંથી તેમજ દેશ-વિદેશથી નાગરિકો જટિલ સર્જરી અને વિવિધ રોગોની સારવાર માટે આવે છે.હવે દર્દીઓના સગા સંબંધીઓને હેરાન નહીં થવું પડે. તેમજ ફૂટપાથ પર પણ રાત નહીં રોકાવું પડે. દર્દીઓના સગા માટે રૂ. ૬૦કરોડના ખર્ચે ૮૫૮ બેડનું અત્યાધુનિક રેનબસેરા તૈયાર કરવામાં આવ્યું છે.અત્યાર સુધી હોસ્પિટલની નજીકના વિસ્તારોમાં પૂરતી સુવિધાના અભાવે અથવા આર્થિક મર્યાદાના કારણે અનેક પરિવારોએ મોંઘા દરની હોટલોમાં રોકાવું પડતું હતું અથવા ફૂટપાથ પર રાત વિતાવવી પડતી હતી.



રેનબસેરાની મુખ્ય વિશેષતાઓમાં વિશાળ બેઝમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર અને ૮ માળ ધરાવતા આ ભવનનું કુલ બાંધકામ ક્ષેત્રફળ ૨૪,૪૩૬ ચો.મી. છે. ગ્રાઉન્ડ ફ્લોર પર ૨૮૦ લોકોની ક્ષમતા ધરાવતી વિશાળ કેન્ટીન અને આધુનિક રસોડું તેમજ અન્ય સુવિધાઓમાં ટીવી રૂમ, રિસેપ્શન, બેંક એટીએમ અને દૈનિક જરૂરિયાતની ચીજવસ્તુઓ માટે ૦૮ દુકાનોની વ્યવસ્થા કરવામાં આવી છે.આ રેનબસેરામાં સ્વચ્છ ડોરમેટરી, પૂરતા શૌચાલય અને સામાન રાખવા માટે સુરક્ષિત લોકરની સુવિધા પણ ઉપલબ્ધ છે. ટ્રાફિકની સમસ્યા નિવારવા બેઝમેન્ટમાં ૫૮ ફોર-વ્હીલર અને ૯૧ ટુ-વ્હીલર માટે પાર્કિંગની સુવિધાની સુવિધા કરવામાં આવી છે.

### સિવિલ હોસ્પિટલમાં દર વર્ષે ૧ લાખથી વધુ દર્દી દાખલ થાય છે

અત્રે ઉલ્લેખનીય છે કે,સિવિલ હોસ્પિટલમાં દર વર્ષે અંદાજે ૧ લાખથી વધુ દર્દીઓ દાખલ થાય છે. આ સુવિધાથી ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોને સુરક્ષિત અને સન્માનજનક રહેઠાણ મળશે. તેનાથી હોસ્પિટલના કોરિડોર અને ગેલેરીઓમાં થતી ભીડ ઘટશે, જેના પરિણામે હોસ્પિટલમાં સ્વચ્છતા જાળવવામાં પણ સરળતા રહેશે. રાજ્ય સરકાર દ્વારા તૈયાર કરવામાં આવેલ આ રેનબસેરા સેવા અને માનવીય અભિગમનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડશે.દર્દીઓના સગા લોકોને સુવિધા મળતા તેઓને રાહત રહેશે.




અયોધ્યામાં રામનવમીની ભવ્ય ઉજવણી, પ્રાણ-પ્રતિષ્ઠા બાદ બીજીવાર સૂર્યતિલક

# રામલલ્લાને સુવર્ણજડીત શ્રૃંગાર: અભિજીત મુહૂર્તે લલાટ પર સૂર્યતિલક







**અબતક, રાજકોટ**

અયોધ્યામાં રામનવમીની ભવ્ય ઉજવની કરવામાં આવી હતી.રમલલ્લાના દર્શન માટે ભક્તો દેશ વિદેશથી દર્શન માટે પધાર્યા હતા. રામનવમીએ આજે એક અદભૂત અને અલૌકિક દ્રશ્ય જોવા મળ્યું હતું. બપોરે બરાબર ૧૨ વાગ્યે અભિજીત મુહૂર્તમાં પ્રભુ રામલલાનું ’સૂર્યતિલક’ થયું. પ્રાણ પ્રતિષ્ઠા બાદ રામલલાનું આ બીજું સૂર્યતિલક છે, જેમાં સૂર્યના કિરણો સીધા પ્રભુના લલાટ પર પડ્યા હતા. લગભગ ૪ મિનિટ સુધી રામલલાના મસ્તક પર સૂર્યની કિરણો ચમકતી રહી હતી, જે જોઈને ભક્તો ભાવવિભોર થઈ ગયા હતા.

સૂર્ય તિલકની આ ખાસ ક્ષણે ગર્ભગૃહમાં ૧૪ પૂજારીઓ હાજર રહ્યા હતા અને વિશેષ પૂજા બાદ ભવ્ય આરતી કરવામાં આવી.ભક્તોમાં આ ઉત્સવને લઈને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આજે અયોધ્યામાં લગભગ ૧૦ લાખ શ્રદ્ધાળુઓ રામલલાના દર્શન માટે ઉમટી પડ્યા છે. ભક્તોની ભારે ભીડને ધ્યાનમાં રાખીને દર્શનના સમયમાં પણ વધારો કરવામાં આવ્યો છે. જેમાં શ્રદ્ધાળુઓ સવારે ૫ વાગ્યાથી રાત્રે ૧૧ વાગ્યા સુધી એટલે કે સતત ૧૮ કલાક સુધી દર્શન કરી શકશે. અગાઉ સવારે ૬:૩૦ વાગ્યાથી રાત્રે ૯:૦૦ સુધી જ દર્શન કરી શકાતા હતા. રામ જન્મભૂમિ પરિસરમાં રામ પથ અને ભક્તિ પથ પર ભક્તોની લાંબી કતારો જોવા મળી રહી છે, જે આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બનવા પહોંચ્યા છે.

### સૂર્ય તિલકના દિવ્ય દર્શનના નરેન્દ્ર મોદી સાક્ષી બન્યાં



રામનવમીના પવિત્ર અવસરે પીએમ મોદીએ ભગવાન શ્રી રામલલાની વિશેષ પૂજા-અર્ચના કરી હતી. અયોધ્યાના શ્રી રામ જન્મભૂમિ મંદિરમાં આયોજિત ભવ્ય ’સૂર્યતિલક’ના દિવ્ય દ્રશ્યોના તેઓ સાક્ષી બન્યા હતા. આ ઐતિહાસિક અને આધ્યાત્મિક ક્ષણને નિહાળી પીએમ મોદીએ પ્રભુ શ્રી રામના ચરણોમાં શીશ ઝુકાવી પ્રાર્થના કરી હતી.સૂર્યતિલકની આ પ્રક્રિયા માટે વિજ્ઞાન અને એન્જિનિયરિંગનો અદભૂત સમન્વય કરવામાં આવ્યો હતો. અષ્ટધાતુના ૨૦ પાઈપની મદદથી ૬૫ ફૂટ લાંબી એક ખાસ સિસ્ટમ તૈયાર કરાઈ હતી, જેમાં ૪ લેન્સ અને ૪ અરીસા દ્વારા સૂર્યપ્રકાશને ગર્ભગૃહ સુધી પહોંચાડવામાં આવ્યો હતો.

# રેસકોર્સ ગ્રાઉન્ડમાં આજથી "રાધે રાધે"નો નાદઃ પૂ.જિજ્ઞેશદાદાની કથાનો પ્રારંભ

## રાધે રાધે પરિવાર દ્વારા પિતૃ મોક્ષાર્થે ભાગવત સપ્તાહનું આયોજનઃ શ્રીનાથજી કીર્તન, હાસ્યરસ, રામધૂન અને સત્સંગ સંધ્યા સહિતના કાર્યક્રમોની વણઝાર





**અબતક, રાજકોટ**

રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર માટે આજે એક ધન્ય ઘડી આવી પહોંચી છે. સર્વ જ્ઞાતિના પિતૃઓના મોક્ષાર્થે અને તથાસ્તુ વિદ્યાપીઠના લાભાર્થે વિશ્વવિખ્યાત ભાગવત આચાર્ય જીજ્ઞેશદાદા (રાધે રાધે) ના વ્યાસાસને પવિત્ર ભાગવત સપ્તાહનો આજથી વિધિવત પ્રારંભ થઈ રહ્યો છે. ૨૭ માર્ચથી ૨ એપ્રિલ ૨૦૨૬ સુધી રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે યોજાનારી આ કથામાં દરરોજ રાત્રે ૮૦૦ થી ૧૧૦૦ વાગ્યા

### વિવિધ વિસ્તારોમાંથી કથા સ્થળ સુધી પહોંચવા માટે ગંગોત્રી ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા બસ સેવા

દરમિયાન લાખો ભાવિકો કૃષ્ણભક્તિમાં લીન થશે અને સમગ્ર રાજકોટ 'રાધે રાધે' ના નાદથી ગુંજી ઉઠશે.

આ ભવ્ય આયોજનના પ્રારંભ રૂપે આજે સાંજે ૪૩૦ વાગ્યે ડૉ. યાજ્ઞિક રોડ પર આવેલા જાગનાથ મહાદેવ મંદિર ખાતેથી એક દિવ્ય પોથીયાત્રા નીકળશે. આ શોભાયાત્રામાં અદ્યતન સાઉન્ડ સિસ્ટમ અને ડીજેના તાલે પવિત્ર પોથીજીને વ્યાસપીઠ સુધી લઈ જવામાં આવશે. પોથીયાત્રામાં સેંકડો બાઈક સવારોની રેલી, વિન્ટેજ કાર, મર્સિડીઝ, ઓડી અને બીએમડબલ્યુ જેવી લક્ઝુરિયસ ગાડીઓનો કાફલો તેમજ શણગારેલા રથ,બગી અને ઘોડાગાડીઓ આકર્ષણનું કેન્દ્ર બનશે. પરંપરાગત વેશભૂષામાં સજ્જ મહિલા મંડળો રાસ-ગરબાની રમઝટ બોલાવી વાતાવરણને ઉત્સવમય બનાવશે.


રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે કથા પૂર્વે દરરોજ સાંજે ૬૦૦ થી ૮૦૦ વાગ્યા સુધી વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોની વણઝાર જોવા મળશે. જેમાં સુપ્રસિદ્ધ કલાકારો અને વક્તાઓ દ્વારા શ્રીનાથજી

(અનુ. આઠમા પાને)

# બાલાજી મંદિરે રવિવારથી ગુંજશે 'રામ નામ'નો મહામંત્ર

## ૨૯ માર્ચથી ૨ એપ્રિલ સુધી વિવેકસાગર સ્વામીના વકતાપદે રામકથાનું અને હનુમાન જયંતિ મહોત્સવનું આયોજન

### ૧૦૮ કુંડી નિઃશુલ્ક મહામારૂતિ યજ્ઞ, કાજુ કતરીના અન્નકુટ, આખો દિવસ મહાપ્રસાદ, મહાઆરતી, સુવર્ણ વાઘા, રાતે કથા સહિતના વિવિધ કાર્યક્રમો





**અબતક, રાજકોટ**

રાજકોટવાસીઓના દુઃખ દૂર કરતા મહાપ્રતાપી બાલાજી હનુમાનજી મહારાજના દિવ્ય સાનિધ્યમાં હનુમાન જયંતિ મહોત્સવની ઉજવણી કરવામાં આવશે. શ્રદ્ધાળુઓ માટે ૨૯ માર્ચથી ૨ એપ્રિલ સુધી વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું ખાસ આયોજન કરાયું છે.મહોત્સવના ભાગરૂપે, ૨૯ માર્ચથી ૨ એપ્રિલ દરમિયાન પૂજ્ય વિવેકસાગર સ્વામીના વકતાપદે દિવ્ય રામકથાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કથા વ્યોવૃદ્ધ કોઠારી પૂ. હરિચરણદાસજી સ્વામીની અધ્યક્ષતામાં અને સ્વામિનારાયણ મુખ્ય મંદિરના મહંત પૂ. રાધારમણદાસજી સ્વામીની ઉપસ્થિતિ અને સંતો મહંતોની ઉપસ્થિતિમાં યોજાશે.

આ કાર્યક્રમ બોલબાલા ટ્રસ્ટ રાજકોટ, બાલાજી સેવા સમિતિ રાજકોટ અને સુરેશભાઈ આડેસરાના યજમાનપદે યોજાશે. મંદિરના કોઠારી પૂ. મુનિવત્સલદાસજી સ્વામીએ ભકતોને કથાનો દિવ્ય લાભ લેવા આમંત્રણ પાઠવ્યું છે.

હનુમાન જયંતિના પવિત્ર દિવસે, ગુરુવાર, ૨ એપ્રિલના રોજ, ૧૦૮ કુંડી નિઃશુલ્ક મહામારુતિ યજ્ઞનું આયોજન કરાયું છે. આ યજ્ઞ સાંજે ૪:૩૦ થી ૭ વાગ્યા સુધી ચાલશે.આ હનુમાન જયંતીના દિવસે દાદાને સુવર્ણ અને ચાંદીના વાઘા પહેરાવવામાં આવશે અને અદ્ભુત શણગાર કરવામાં આવશે. સવારે મંગળા આરતી, શણગાર આરતી, ભવ્ય કાજુ કતરીના અન્નકુટ દર્શન સાથે મહાઆરતી, કેક કટિંગ અને જન્મોત્સવ ઉજવણી જેવા કાર્યક્રમો યોજાશે. આખો દિવસ મહાપ્રસાદ પણ ચાલુ રહેશે. ત્યારબાદ સાંજે રાજોપચાર આરતી અને શયન દર્શન સહિતના વિવિધ કાર્યક્રમો પણ યોજાશે. મંદિરના કોઠારી પૂ. મુનિવત્સલદાસજી સ્વામીએ તમામ ભકતોને યજ્ઞ અને દાદાના જન્મોત્સવમાં ઉપસ્થિત રહેવા વિનંતી કરી છે. દર વર્ષે લાખો માણસો દાદાના દર્શન આવે છે અને ધન્યતાની અનુભતિ કરે છે.

## માનવતાની સુવાસ

# જીવ રક્ષા ફાઉન્ડેશન દ્વારા કાળઝાળ તડકામાં છાશ વિતરણના ભગીરથ કાર્યનો પ્રારંભ

### કે.કે.વી. ચોક ખાતે દૈનિક ૧૫૦૦ લીટર છાશનું વિતરણઃ વાહન ચાલકો અને મુસાફરોને રૂબરૂ જઈ છાશ પીવડાવી સંસ્થાએ પીરસ્યું સેવાનું અમૃત




**અબતક, રાજકોટ**


ઉનાળાની આકરી ગરમીમાં પશુ-પક્ષીઓ અને માનવજાતની સેવા કાજે કાર્યરત 'જીવ રક્ષા ફાઉન્ડેશન ટ્રસ્ટ' દ્વારા આ વર્ષે પણ છાશ કેન્દ્રનો પ્રારંભ કરવામાં આવ્યો છે. છેલ્લા ચાર વર્ષથી સતત ચાલી આવતી આ પરંપરા મુજબ, રાજકોટના વ્યસ્ત એવા કે.કે.વી. ચોક ખાતે સંસ્થા દ્વારા લોકોની તરસ છિપાવવા માટે છાશ વિતરણનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે.

આ સેવાકીય પ્રવૃત્તિ વિશે માહિતી આપતા સંસ્થાના પ્રમુખ કેતનભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, ''ઉનાળાની ગરમીથી લોકોને રાહત મળે તે હેતુથી અમે આ કેન્દ્ર

(અનુ. આઠમા પાને)

## ધારાસભ્ય રમેશભાઇ ટીલાળાના સહયોગથી

# મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે કાલે વરિષ્ઠ નાગરિકોને વિવિધ સહાયક ઉપકરણોનું વિતરણ



**અબતક, રાજકોટ**

ભારત સરકારની વરિષ્ઠ નાગરિક કલ્યાણલક્ષી પહેલ અંતર્ગત અગાઉ ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાના માર્ગદર્શન હેઠળ તેમના કાર્યાલયે રાજકોટ શહેરમાં એએલઆઈએમસીઓ (આર્ટિફિશિયલ લિમ્બ્સ મેન્યુફેક્ચરિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા) દ્વારા વિશાળ એસેસમેન્ટ કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં શહેરભરના મોટી સંખ્યામાં વયોવૃદ્ધ નાગરિકોએ ભાગ લઈને પોતાની જરૂરિયાતોનું મૂલ્યાંકન કરાવ્યું હતું.

આ કેમ્પ દરમિયાન નિષ્ણાતોની ટીમ દ્વારા વરિષ્ઠ નાગરિકોને જરૂરી જીવન સહાયક ઉપકરણો માટેનું એસેસમેન્ટ કરવામાં આવ્યું હતું. તે અનુસંધાને હવે ભારત સરકારની રાષ્ટ્રીય વયોશ્રી યોજના હેઠળ લાભાર્થીઓને આ ઉપકરણોનું વિતરણ કરવા માટે વિશેષ કાર્યક્રમ યોજાનાર છે.

આ કાર્યક્રમ શનિવાર, ૨૮ માર્ચ ૨૦૨૬ના રોજ મેઘાણી રંગભવન, ભક્તિનગર સર્કલ પાસે, રાજકોટ ખાતે યોજાશે. કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના તેમજ કેન્દ્રીય કેબિનેટ મંત્રી ડૉ. મનસુખ માંડાવિયાના હસ્તે લાભાર્થીઓને જીવન સહાયક ઉપકરણોનું વિતરણ કરવામાં આવશે.

તેમની સતત મહેનત, માર્ગદર્શન અને સંકલનના પરિણામે શહેરના અનેક વયોવૃદ્ધ નાગરિકોને આ યોજનાનો સીધો લાભ મળી રહ્યો છે.

આગાઉ યોજાયેલા કેમ્પમાં ૬૦ વર્ષથી ઉપરના વયસ્કોને કોમોડ ખુરશી, કમરના સપોર્ટ માટે પટ્ટા, કાનના મશીન સહિતના વિવિધ સહાયક ઉપકરણો માટે નોંધણી કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં રાજ્ય કેબિનેટ મંત્રી અને રાજકોટના પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણી, રાજ્યકક્ષાના મંત્રી કૌશિકભાઈ વેકરીયા, સાંસદ પરસોતમભાઈ રૂપાલા, સાંસદ રામભાઈ મોકરિયા, સહીતના ધારાસભ્યો, હોદેદારો તેમજ લાભાર્થીઓ ઉપસ્થિત રહેશે.

## ગોંડલ રોડ ચોકડી ખાતે

# ગોપીનાથ મોટર-વિન ફાસ્ટના શો-રૂમનું ભવ્ય લોન્ચિંગ

### વિન ફાસ્ટ કંપની દ્વારા ભારતમાં બે ઈવી મોડલ લોન્ચ કરાયાઃ ૨૦૨૯ સુધી ફ્રી ચાર્જીંગની વ્યવસ્થા



**અબતક, રાજકોટ**

આઈસર, મહિન્દ્રા, અશોક લેલન અને ટીવી એસ જેવી નામી કંપનીઓની ડિલરશીપ ધરાવતા ગોપીનાથ ઓટો મોબાઈલ્સ હવે પોતાના ગ્રાહકોને ઈવીની સુવિધા આપશે.

શહેરના ગોંડલ રોડ ચોકડી વિસ્તારમાં ગઈકાલે વિનફાસ્ટ ઈન્ડિયાના સીઈઓ તપન ઘોષ દ્વારા ગોપીનાથ મોટર, વિનફાસ્ટ રાજકોટના શોરૂમનું ઓપનિંગ કરવામાં આવ્યું હતુ.

વિનફાસ્ટએ વિયતનામ બેઝ કંપની છે. જે વિશ્વની સૌથી ઝડપથી વિકસતી ઓટોમોબાઈલ કંપનીઓમાંની એક છે જે સંપૂર્ણ ઈલેકિટ્રક વાહન કાર, ટુ વ્હીલર અને બસનું ઉત્પાદન કરે છે. જે પોતાના બિઝનેસને વધુ વિસ્તરણ માટે તામિલનાડુમાં ચાલુ વર્ષમાં ૫૦૦૦૦ કાર મેન્યુફેકચરિંગ થઈ શકે તેવો ૧૦૦ એકરમાં વિશાળ પ્લાન્ટ શરુ કરેલ છે.

ભારતમાં હાલ કોમ્પેકટ એસયુવી વીએફ-૬ અને પ્રીમીયમ એકયુવી વી.એફ.૭ એમ બે મોડલ લોંચ કરેલ છે. જેને ભારત એન કેપ દ્વારા ૫ સ્ટાર સેફટી રેટિંગ મળેલ છે.

ગ્રાહકને વધુ ફાયદો મળે તે માટે માર્ચ ૨૦૨૯ સુધી દરેક કારને ફ્રી ચાર્જિંગ નો લાભ આપશે. કંપની આગામી મહિનાઓમાં દેશભરમાં વી-ગ્રીન ચાર્જિંગ સ્ટેશનો સ્થાપિત કરવાની યોજના સાથે વ્યાપક ચાર્જિંગ નેટવર્ક વિકસાવી રહી છે. ગોપીનાથ મોટર્સના ડિરેકટર પ્રજેશભાઈ પટેલ જણાવ્યું હતું કે વિન ફાસ્ટ ઈવી બેટરી અને મોટર પણ પોત જ બનાવે છે. એટલે પ્યોર ઈવી બ્રાન્ડ છે. જે ગ્રાહકોનો વિશ્વાસ જીતવામાં સફળ

(અનુ. આઠમા પાને)

# ભાજપ દ્વારા રામનવમીની રથયાત્રાનું ભવ્ય સ્વાગત

### રથયાત્રામાં જોડાયેલા ભાવિકોને લીંબુ પાણીનો અપાયો પ્રસાદ



**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાં વિશ્વ હિન્દુ પરીષદ દ્વારા રામનવમીની રથયાત્રા અને શોભાયાત્રાનું આયોજન કરવામાં આવેલ હતું. દર વર્ષની જેમ આ વર્ષે પણ રાજકોટ શહેર ભાજપ દ્વારા રામનવમીની આ ભવ્ય અને દિવ્ય રથયાત્રા અને શોભાયાત્રાનું સ્વાગત બાલભવન પાસે, કિશાનપરા ચોક ખાતે કરવામાં આવેલ હતું. શહેર ભાજપ પ્રમુખ ડો.માધવભાઈ દવે, મહામંત્રી મહામંત્રી વલ્લભભાઈ દુધાત્રા, લલીતભાઈ વાડોલીયા, યોગેન્દ્રસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ શોભાયાત્રાનું સ્વાગતનું આયોજન કરવામાં આવેલ હતું. રામનવમીની શોભાયાત્રામાં જોડાયેલ સૌ ભકતજનોને અને શહેરીજનો માટે ઠંડા લીંબુ પાણી વિતરણની વ્યવસ્થા કરવામાં આવી હતી.

શહેર ભાજપ હોદ્દેદારો, પૂર્વ કોર્પોરિટરશ્રીઓ, શહેર ભાજપ મોરચાના પ્રમુખ, મહામંત્રી અને હોદેદારો, સેલના સંયોજક અને સહસંયોજકો સહિત તેમજ તમામ શ્રેણીના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આ રથયાત્રામાં રામલલ્લાને ફુલહાર, પૂજન કરી આર્શીવાદ લીધા હતા.

# સૌંદર્યનો નવો પર્યાય 'લેકમે સલૂન'નું શાનદાર લોન્ચિંગ





### ઈન્ટરનેશનલ પ્રોડક્ટ્સ અને એક્સપર્ટ હેર સ્ટાઈલિસ્ટ્સ પ્રીમિયમ સુવિધાઃ ઉદઘાટન નિમિત્તે તમામ સર્વિસ પર ૧ મહિના માટે 30% ડિસ્કાઉન્ટની ખાસ ઓફર

**અબતક, રાજકોટ**

રંગીલા રાજકોટના એજી ચોક વિસ્તારમાં સૌંદર્ય પ્રેમીઓ માટે એક નવું સરનામું ઉમેરાયું છે. સંજય રાજ કોમ્પ્લેક્સ ખાતે જાણીતી બ્રાન્ડ 'લેકમે સલૂન'નું ભવ્ય ઉદઘાટન કરવામાં આવ્યું છે. ટ્રેન્ડ એક્સપર્ટ્સ, હેર સ્ટાઈલિસ્ટ્સ અને અત્યાધુનિક મશીનરીથી સજ્જ આ સલૂન રાજકોટવાસીઓને આંતરરાષ્ટ્રીય કક્ષાનો અનુભવ પૂરો પાડશે.

'અબતક' સાથેની ખાસ વાતચીતમાં લેકમે સલૂનના ઓનર હેમાંગ બઢારિયાએ જણાવ્યું હતું કે, ''લેકમે એ ભારતની એક વિશ્વાસપાત્ર અને અગ્રણી બ્રાન્ડ છે. અમારી બ્રાન્ડની ખાસિયત એ છે કે તેની પ્રોડક્ટ્સથી સ્કીન પર કોઈ આડઅસર થતી નથી અને તે દરેક ઘર સુધી પહોંચે તેવો અમારો પ્રયાસ છે. અહીં ૧૦ થી ૧૨ અનુભવી નિષ્ણાતોનો સ્ટાફ કસ્ટમરને સર્વોત્તમ સર્વિસ આપવા માટે તૈયાર છે.''

વધુમાં તેમણે ઉમેર્યું કે, લગ્નની સીઝનને ધ્યાનમાં રાખીને

(અનુ. આઠમા પાને)

# યુવાન પાસે મહિલા વ્યાજખોરે રૂ. ૨.૬૦ લાખ સામે ૩.૫૦ લાખ પડાવ્યા

## વ્યાજ નહિ ભરી શકતા વિનોદનગરના યુવાને પોતાની કાર પણ વ્યાજખોરને સોંપી દીધી છતાં વધુ નાણાંની પઠાણી ઉઘરાણી

**અબતક, રાજકોટ**

શહેરના હુડકો ચોકડી નજીક રહેતા યુવાનને રૂ. ૨.૬૦ લાખ વ્યાજે આપી મહિલા વ્યાજખોરે સામે રૂ.૩.૫૦ લાખ પડાવ્યા છતાં વધુ નાણાંની પઠાણી ઉઘરાણી કરી હતી. મહિલા વ્યાજખોર અને તેના સાગરીતે યુવાન અને તેની મિત્રને સતત ફોન કરી ખૂનની ધમકીઓ આપી ત્રાસ આપતાં યુવાને ભક્તિનગર પોલિસ મથકે ફરીયાદ નોંધાવી હતી.

હુડકો ચોકડી નજીક વિનોદનગર ક્વાર્ટર બ્લોક નં.-૧, ક્વાર્ટર નં.-૧૯૭૭ માં રહેતા ૪૦ વર્ષીય યુવાન જાવીદભાઈ મજીદભાઈ સાંજીએ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે કિરણબેન અને વનરાજનું નામ આપતાં જણાવ્યું હતું કે, મારા પરિવારમાં પત્ની મુમતાજ તથા મારા બાળકોમા સૌથી મોટો દિકરો ઈરફાન, તેનાથી નાની દિકરી મુસ્કાન, તેનાથી નાની દિકરી પરી છે અને હું ડ્રાઈવિંગ કરી પરિવારનું ગુજરાન ચલાવુ છું.

યુવાને જણાવ્યું હતું કે, ત્રણેક વર્ષ પહેલા મારે પૈસાની જરૂરીયાત હોય જેથી અમારા જાણીતા ઈશા ભદ્રેશભાઈ (રહે રાજકોટ) જેને હુ અગીયાર વર્ષથી ઓળખુ છુ તેને વાત કરેલી હતી કે, મારે પૈસાની જરૂરીયાત હોય જેથી તમારા ધ્યાનમાં કોઈ પૈસા આપતુ હોય તો મને કહેજો. બાદ બે દિવસ પછી ઈશાએ ફોન કરીને કહેલ કે, મારી બેહેનપણી કિરણબેન જે કોઠારીયા ચોકડી ગણેશનગર શેરી નં.-૧૧ રાજકોટ ખાતે રહે છે તેણે પૈસા આપવાની ના પાડી છે.

**મહિલા વ્યાજંકવાદી અને તેના સાગરીતેં ફોન કરી ખૂનની ધમકી આપી : ભક્તિનગર પોલિસેં મની લેન્ડ એક્ટ હેઠળ ગુનો નોંધ્યો**

જે બાદ ઈશાએ કિરણબેનનો નંબર આપતાં મેં તેની સાથે વાત કરતા રૂ. ૪૦ હજાર ગુગલપે થી નાખી દિધેલ હતા. આઠ દિવસ બાદ કિરણબેને મારા કહેવાથી વધુ રૂ.૨૦ હજાર ગુગલપેથી આપેલ હતા. જે પૈસા સામે હુ રોકડા દર મહીને રૂ.૧૫૦૦ વ્યાજ પેટેની રકમ ઈશાને આપતો હતો અને ઈશા કિરણબેનને પૈસા આપી દેતી હતી.

બાદ મારો ધંધો ચાલતો ન હોય જેથી પૈસાની જરૂરીયાત ઉભી થતાં આઠ માસ બાદ ઈશાને બીજા બે લાખની જરૂર હોવાનુ કહેલ હતુ. જેથી ઈશાએ કિરણબેન સાથે વાતચીત કરી બે કટકે રૂ. ૨ લાખ ગુગલ પેથી ટ્રાન્સફર કરાવ્યા હતા. આમ કિરણબેનએ મને કુલ રૂ. ૨.૬૦ લાખ આપેલ હતા. જેની સામે દર મહિને હું ત્રણ ટકા લેખે રૂ. ૭૮૦૦ વ્યાજ પેટે કિરણબેનને નાણાં ચૂકવતો હતો. બે માસ પહેલા હુ તથા ઈશા બન્ને મોરબી કિરણબેનના ઘરે જઈને રૂ. ૩૦ હજાર રોકડા આપેલ હતા. ત્યારબાદ છેલ્લા બે માસથી વ્યાજના પૈસા આપી નહિ શકતા મેં મારી ફોરવ્હીલ કાર ન.જીજે૦૩ઈસી૧૯૦૭ રાજીખુશીથી કિરણબેનને તેના સબંધી અભયભાઈ (મો.ન. ૬૩૫૪૮ ૪૫૬૯૨) મારા ઘરે આવેલ ત્યારે કિરણબેનને આપવા માટે સોંપી દીધી હતી.

યુવાને જણાવ્યું હતું કે, છેલ્લા વિશેક દિવસથી કિરણબેન તથા વનરાજ જેના મોબાઈલ ન.૯૭૨૫૩૧૯૩૧૯ મને અને ઈશાને ફોન કરી વ્યાજના પૈસાની પઠાણી ઉઘરાણી કરતા હતા. તેઓ બંને ફોનમા ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપતા હતા. કિરણબેનને ગુગલપેથી વ્યાજના રૂ.૨,૮૦,૮૦૦ તથા રોકડા રૂ. ૭૦ હજાર આપી દિધા હોવા છતા કિરણબેને અને વનરાજે સતત પઠાણી ઉઘરાણી કરતા હોય અંતે ભક્તિનગર પોલિસ મથકે ફરિયાદ આપતાં પોલિસની ટીમે મની લેન્ડ એક્ટની કલમો હેઠળ બંને વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

# રેસકોર્સ ગ્રાઉન્ડમાં અગ્નિવીરની દોડના છેલ્લા રાઉન્ડમાં યુવક પટકાયો

## પગના દુખાવાને કારણે સંતુલન ગુમાવતા ભાવેશ મેદાનમાં ઢળી પડતા સિવિલમાં ખસેડાયા

**અબતક, રાજકોટ**

શહેરના રેસકોર્સ આર્મી ભરતી ગ્રાઉન્ડ ખાતે ચાલી રહેલી અગ્નિવીરની શારીરિક પરીક્ષા દરમિયાન દોડના છેલ્લા રાઉન્ડમાં ઉનાનો ૨૦ વર્ષીય યુવક અચાનક પડી જતાં તેનો પગ ભાંગી ગયો હતો. ઈજાગ્રસ્ત યુવકને તાત્કાલિક ૧૦૮ મારફતે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.પ્રાપ્ત વિગતો મુજબ મૂળ ઉના તાલુકાના વાંસોજ ગામનો રહેવાસી ભાવેશભાઈ રમેશભાઈ કોટડીયા (ઉં.વ. ૨૦) અગ્નિવીરની પરીક્ષા આપવા માટે રાજકોટ આવ્યો હતો. ગઈકાલે રાત્રે ૧૨:૦૦ વાગ્યાની આસપાસ જ્યારે રેસકોર્સ ગ્રાઉન્ડ પર દોડની પ્રક્રિયા ચાલુ હતી, ત્યારે છેલ્લા રાઉન્ડમાં ભાવેશ અચાનક સંતુલન ગુમાવીને પટકાયો હતો. ગંભીર ઈજાને પગલે તેને તાત્કાલિક સારવાર હેઠળ ખસેડવામાં આવ્યો હતો. હોસ્પિટલના બિછાનેથી ભાવેશભાઈએ જણાવ્યું હતું કે, ‘‘મને અગાઉથી જ પગમાં દુખાવો હતો. અગાઉ પોલીસની પરીક્ષા આપી ત્યારે પણ આ તકલીફ હતી છતાં હું પાસ થયો હતો. ગઈકાલે છેલ્લા રાઉન્ડમાં અચાનક દુખાવો વધી જવાથી હું કાબૂ ન રાખી શક્યો અને પડી ગયો.‘‘ પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે ભાવેશ હાલ કોલેજમાં અભ્યાસ કરે છે અને તેના પિતા કડિયાકામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. એક ભાઈ અને બે બહેનોમાં સૌથી નાના છે.

# સંતાનોને ઠપકો આપવા બાબતે ઝઘડાથી લાગી આવતા પત્નીએ ઝેરી દવા પીધી

## બાળકોને વઢવાની ના પાડતી પત્નીને પતિએ આકરા વેણ કહેતા કર્યો આપઘાતનો પ્રયાસ

**અબતક, રાજકોટ**

શહેરના સામા કાંઠા વિસ્તારમાં આવેલા મનહર સોસાયટીમાં પતિ દ્વારા સંતાનોને અપાતા ઠપકાનો પત્નીએ વિરોધ કરતા બાદમાં પત્નીને પણ ઠપકો આપતા આથી માઠું લાગી આવતા પરિણીતાએ ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો છે. પ્રાપ્ત વિગતો મુજબ, મનહર સોસાયટીમાં રહેતા મુમતાઝબેન અયુબભાઈ પઢાણા (ઉં.વ. ૪૨) ના પતિ કોઈ બાબતે પોતાના સંતાનોને ઠપકો આપી રહ્યા હતા. આ સમયે મુમતાઝબેને વચ્ચે પડી પતિને બાળકોને વઢવાની ના પાડી હતી. પત્નીની આ દખલગીરીથી ઉશ્કેરાયેલા પતિ અયુબભાઈએ મુમતાઝબેનને પણ ઠપકો આપ્યો હતો. પતિના વેણથી મનમાં લાગી આવતા મુમતાઝબેને ઉશ્કેરાટમાં આવી ઘરમાં ઝેરી દવા પી લીધી હતી, ઘટના બાદ મુમતાઝબેનની તબિયત લથડતા પરિવારજનો તાત્કાલિક તેમને સિવિલ હોસ્પિટલ લઈ દોડ્યા હતા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે, મુમતાઝબેનના પતિ અયુબભાઈ વ્યવસાયે ડ્રાઈવિંગ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. આ દંપતીને સંતાનમાં બે દીકરા અને બે દીકરીઓ છે. હાલ હોસ્પિટલ ચોકી દ્વારા આ અંગેની જાણ સંબંધિત પોલીસ મથકને કરવામાં આવી છે.

# કાલાવડ રોડની જાણીતી હોટેલમાં સગીર કર્મચારી પર વેઈટરનું દુષ્કર્મ

## રૂમની સાફ સફાઈના બહાને બોલાવી દરવાજો બંધ કરી દઈ તરૂણીને જાનથી મારી નાખવાની ધમકી આપી આબરૂ લૂંટી

**અબતક, રાજકોટ**

શહેરના કાલાવડ રોડ પર આવેલી જાણીતી હોટેલમાં સગીર મહિલા કર્મચારી પર વેઈટરે દુષ્કર્મ ગુજારી લીધાનો બનાવ સામે આવતા ખળભળાટ મચી જવા પામી છે. રૂમની સફાઈ માટે સગીરાને બોલાવી વેઈટરે જ સગીરનો દેહ ચૂંથ્યો હતો. જે બનાવમાં તાલુકા પોલીસે દુષ્કર્મ, પોકસો એકટ હેઠળ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી હતી અને હોટલના માલીકની પણ પૂછતાછની તજવીજ આદરી હતી.

બનાવ અંગે શહેરના કાલાવડ રોડ પર આવેલ એક હોટલમાં રહેતી અને ત્યાં જ હોટલમાં રીસેપ્શન મેનેજર તરીકે નોકરી કરતી યુવતીએ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે યોગેન્દ્ર લોહાર (રહે. નોવા બ્લીસ સામેના રૂમમાં, નાના મવા રોડ) નું નામ આપત તાલુકા પોલીસે દુષ્કર્મ, પોકસો સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તે કાલાવડ રોડ પરની જાણીતી હોટલમા રીસેપ્શન મેનેજર તરીકે છેલ્લા આઠ મહિનાથી નોકરી કરે છે. તેઓની આજુબાજુમાં તે ગ્રુપની ત્રણ હોટેલ હોય જેમા કામ કરતી સાત મહિલાઓ સાથે રહે છે.

**તાલુકા પોલીસે દુષ્કર્મ, પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધી હવસખોર યોગેન્દ્ર લુહારને દબોચ્યો : સગીરાને નોકરી પર રાખનાર હોટેલ માલિકની પણ પૂછપરછ કરાશે**

ગઈ તા.૨૫ ના રાત્રિના આશરે આઠેક વાગ્યે તેણી તે જ્યાં રહે છે ત્યાં રૂમ પર જતા ત્યા સાથે રહેતી એક નેપાળી છોકરી જે છેલ્લા આશરે એકાદ મહિનાથી સાથે રહેતી હોય તે ગભરાય ગયેલી હાલતમાં જોવામાં આવતા તેને પુછેલ કે, શુ થયું તો વાત કરેલ કે, ગઈ તા.૨૪ ના સાંજના આશરે ચારેક વાગ્યે હોટલમાં કામ કરતા યોગેંદ્ર લોહારએ ફોન કરી કહેલ કે, તમારા રૂમ પર રહેતી અન્ય એક છોકરી સાફસફાઈ માટે આવે છે, તુ પણ આવી જા. તેથી હુ હોટેલથી નીકળી રૂમની સફાઈ માટે રૂમ પર આવેલ અને આ યોગેંદ્ર લોહાર ત્યા રૂમમા હાજર હોય તેણે મને અંદર ખેંચીને રૂમ અંદરથી રૂમ બંધ કરી દીધેલ અને કહેલ કે, જો તુ દેકારો કરીશ તો તને જાનથી મારી નાંખીશ તેમ કહી મને બળજબરીથી પકડીને અંદરના રૂમમા લઈ જઈ નીચે ભોંયતળીયે ગાદલા પાથરેલ હોય તેના પર નીચે પછાડી દીધેલ અને મારા કપડા ઉતારવાની કોશિષ કરતા મે ના પાડવા છતા મારા કપડા ઉતારી મારી ઉપર ચડી મારી સાથે બળજબરીથી શરીર સંબંધ બાંધેલ હતો.

ત્યારબાદ આ યોગેંદ્ર રૂમ પરથી જતો રહેલ તેમ સગીરાએ વાત કરેલ અને તે ગભરાઈ ગયેલ હતી. તેને હિમ્મત આપી ફરીયાદ નોંધાવેલ હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી તાલુકા પોલીસ મથકના ઈન્ચાર્જ પીઆઈ એમ.જે.હુણ અને ટીમે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી હતી. જ્યારે હોટલના સંચાલકને પણ પોલીસ મથકે બોલાવી આરોપીની વિગત મેળવી નિવેદન નોંધવામાં આવશે તેવું પોલીસ સુત્રોમાંથી જાણવા મળી રહ્યું છે. વધુમાં સગીરને નોકરી પર રાખવા મામલે પણ કાર્યવાહી થવાના એંધાણ વર્તાઈ રહ્યા છે.

# ક્રાઈમ બ્રાન્ચના દારૂના બે દરોડા : ૫૩ હજારના શરાબ સાથે બે બુટલેગર ઝડપાયા

## બેડી ચોકડીથી સોખડા ચોકડી તરફ જવાનાં રસ્તે જાહેરમાંથી ૨૪ બોટલ દારૂ સાથે બુટલેગરની ધરપકડ : નાના મવા ગામતળના મકાનમાંથી શરાબ પકડાયો

**અબતક, રાજકોટ**

ક્રાઈમ બ્રાન્ચની ટીમે દારૂના બે દરોડા પાડી રૂ. ૫૩ હજારના દારૂ સાથે બે શખ્સોની ધરપકડ કરી હતી. બેડી ચોકડીથી સોખડા ચોકડી તરફ જતાં રસ્તેથી ક્રાઈમ બ્રાન્ચે રૂ. ૪૩ હજારના દારૂ સાથે ગૌરીદડના બુટલેગરને પકડી લીધો હતો. જયારે નાના મવા ગામતળના મકાનમાંથી રૂ ૧૦ હજારના શરાબ સાથે બુટલેગરને પકડી પડયો હતો. દારૂના પ્રથમ દરોડાની પ્રાપ્ત વિગત અનુસાર ક્રાઈમ બ્રાન્ચના એએસઆઈ અનિલભાઈ સોનારા, હેડ કોન્સ્ટેબલ કનકસિંહ સોલંકી, હરપાલસિંહ જાડેજા, રાજેશભાઈ ચાવડા સહિતની ટીમ શહેરી વિસ્તારમાંથી દારૂ-જુગારની ગેરકાયદે બદીને નાબૂદ કરવા અસરકારક કામગીરી કરવા પેટ્રોલિંગમાં હતા. દરમિયાન એએસઆઈ અનિલભાઈ સોનારા અને કોન્સ્ટેબલ રાજેશભાઈ ચાવડાને ખાનગી રાહે હકીકત મળી હતી કે, કિશન અજાણી (રહે ગૌરીદડ ગામ,રાજકોટ) જામનગર-અમદાવાદ ૧૫૦ ફૂટ રીંગ રોડ પર બેડી ચોકડીથી સોખડા ચોકડી તરફ જતા રસ્તે રાઘવ રેસ્ટોરન્ટ નજીક જાહેર રોડ ઉપર પ્લાસ્ટિકના બાચકા સાથે ઉભેલ છે, જે બાચકામાં ઈંગ્લિશ દારૂની બોટલો છુપાવવામાં આવેલ છે. જે હકીકત મળતાની સાથે જ ક્રાઈમ બ્રાન્ચની ટીમ બાતમીવાળા સ્થળે દોડી ગઈ હતી. જયાં હાજર શખ્સને કોર્ડન કરી તેની ઓળખ પૂછતાં તેણે પોતાનું નામ કિશન વીરજીભાઈ અજાણી (ઉવ ૨૯, ધંધો ઈમીટેશન કામ, રહે. ગૌરીદડ ગામ, આણંદપર રોડ, કમાણી શેરી, રાજકોટ) તરીકે આપી હતી. બાદમાં કિશન અજાણીના કબજામાં રહેલ પ્લાસ્ટિકના બાચકામાં તપાસ કરતા તેમાંથી રૂ. ૪૩,૨૦૦ ની કિંમતની શરાબની ૨૪ બોટલ મળી આવતા ક્રાઈમ બ્રાન્ચની ટીમે દારૂનો જથ્થો કબજે કરી બુટલેગર કિશન અજાણીની ધરપકડ કરી હતી.

ઝડપાયેલ શખ્સ ખાનગી ટ્રાવેલ્સમાં દમણ ખાતેથી દારૂનો જથ્થો લઈ આવ્યો હતો અને અહીં તેં છૂટકમાં વેચાણ કરતો હોવાની કબૂલાત આપી હતી. તેં અગાઉ પણ દારૂના ગુનામાં પોલિસ ચોપડે ચડી ચુકયાનું પોલિસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે.જ્યારે દારૂના અન્ય દરોડામાં ક્રાઈમ બ્રાન્ચ પીએસઆઈ એ એન પરમારની ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન બાતમી મળી હતી કે, નાના મવા ગામતળમાં રહેતો ધર્મેશ કમલેશભાઈ ભોજાણી પોતાના મકાનમાં ભારતીય બનાવટની ઈંગ્લિશ દારૂનો જથ્થો સંગ્રહિત કરી વેચાણ કરી રહ્યો છે. જે હકીકત મળતાની સાથે ક્રાઈમ બ્રાન્ચની ટીમ નાના મવા ગામ તળ ખાતે દોડી ગઈ હતી અને ધર્મેશ ભોજાણીના મકાને દરોડો પાડી અહીંથી સીડીની નીચેના ભાગેથી થેલીમાંથી રૂ. ૧૦,૨૨૪ ની કિંમતના ૪૮ ચપલા કબ્જે કરી બુટલેગર ધર્મેશ ઉર્ફે લાલો કમલેશભાઈ ભોજાણી (ઉવ ૨૮ રહે. નાના મવા ગામતળ, શેરી નં.-૯, મોકાજી સર્કલ પાસે, રાજકોટ)ની ધરપકડ કરી હતી.


**પશ્ચિમ રેલવે**
**રાજકોટ મંડળ**

**ઓએચઈ ઈન્સ્યુલેટર પર એન્ટી-બર્ડ ડિસ્ક પૂરી પાડીને વિશ્વસનીયતા સુધારણા કાર્ય**

**ટેન્ડર સૂચના નં.: DRM/RJT/E-Tender/EL/TRD/25-26/35 તા. 24.03.2026 ટેન્ડર નં.: DRM-RJT-EL-TRD-25-26-35 કાર્યનું નામ:** રાજકોટ મંડળના વિવિધ સ્થળોએ ઓએચઈ ઈન્સ્યુલેટર પર એન્ટી-બર્ડ ડિસ્ક પૂરી પાડીને વિશ્વસનીયતા સુધારણા કાર્ય **(i) અંદાજિત ખર્ચ:** ₹ 1,29,83,360.00/- માત્ર **(ii) અર્નેસ્ટ મની:** ₹ 2,59,700.00/- **ઓનલાઇન અરજી માટે તારીખ અને સમય:** 15.04.2026 ના રોજ 15:00 કલાક સુધી **કાર્યાલયનું સરનામું:** ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ/ TrD), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ - 360001 **વેબસાઈટ વિગત: www.ireps.gov.in** RJT 221

અમને લાઇક કરો: facebook.com/WesternRly



**પશ્ચિમ રેલવે**
**રાજકોટ મંડળ**

**IOT આધારિત રીમોટ મોનીટરીંગ સિસ્ટમ પૂરી પાડીને વિશ્વસનીયતા સુધારણા કાર્ય**

**ટેન્ડર સૂચના નં.: DRM/RJT/E-Tender/EL/TRD/25-26/37 તા. 24.03.2026 ટેન્ડર નં.: DRM-RJT-EL-TRD-25-26-37 કાર્યનું નામ:** રાજકોટ મંડળના DAC-NLK અને BHTA-OKHA સેકશનમાં ATD માટે IOT આધારિત રીમોટ મોનીટરીંગ સિસ્ટમ પૂરી પાડીને વિશ્વસનીયતા સુધારણા કાર્ય (i) **અંદાજિત ખર્ચ:** ₹ 38,48,098/- માત્ર (ii) **અર્નેસ્ટ મની:** ₹ 77,000.00/- (iii) **ઓનલાઈન અરજી માટે તારીખ અને સમય:** 15.04.2026 ના રોજ 15:00 કલાક સુધી **કાર્યાલયનું સરનામું:** ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ/TrD), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ - 360001 **વેબસાઈટ વિગતો: "www.ireps.gov.in"** RJT 223

અમને લાઇક કરો: facebook.com/WesternRly



**પશ્ચિમ રેલવે**
**રાજકોટ મંડળ**

**ઓએચઈ કાર્ય**

**ટેન્ડર સૂચના નં.: DRM/RJT/E-Tender/EL/TRD/25-26/36 તા. 24.03.2026 ટેન્ડર નં.: DRM-RJT-EL-TRD-25-26-36 કાર્યનું નામ:** રાજકોટ મંડળમાં મુખ્ય પુલો તથા પુલના એબટમેન્ટ પર સ્પેર બ્રિજ માસ્ટ પૂરા પાડવા સંદર્ભે ઓએચઈ કાર્ય (i) **અંદાજિત ખર્ચ:** ₹ 84,47,535.80/- માત્ર (ii) **અર્નેસ્ટ મની:** ₹ 1,69,000.00/- (iii) **ઓનલાઈન અરજી માટે તારીખ અને સમય:** 15.04.2026 ના રોજ 15:00 કલાક સુધી **કાર્યાલયનું સરનામું:** ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ / TrD), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ - 360001 **વેબસાઈટ વિગત: "www.ireps.gov.in"** RJT 222

અમને લાઇક કરો: facebook.com/WesternRly



**પશ્ચિમ રેલવે રાજકોટ ⇌ લાલકુઆં વચ્ચે ખાસ ટ્રેન દોડાવશે**

| ટ્રેન નં. | મૂળ સ્ટેશન અને ગંતવ્ય સ્થાન | સેવાની તારીખો | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| ૦૫૦૪૬ | રાજકોટ – લાલકુઆં | ૦૬.૦૪.૨૬ થી ૨૭.૦૪.૨૬ | ૨૨:૩૦ કલાકે (સોમવાર) | ૦૫:૧૫ કલાકે (બુધવાર) |
| ૦૫૦૪૫ | લાલકુઆં – રાજકોટ | ૦૫.૦૪.૨૬ થી ૨૬.૦૪.૨૬ | ૧૨:૩૫ કલાકે (રવિવાર) | ૧૮:૧૦ કલાકે (પછીના દિવસે) |

**વિરામો:** વાંકાનેર, સુરેન્દ્રનગર, વિરમગામ, મહેસાણા, પાટણ, ભીલડી, ધાનેરા, રાણીવારા, મારવાડ ભીનમાલ, મોદરન, જાલોર, મોકલસર, સમધારી, લુની, જોધપુર, ગોતાન, મેર્તા રોડ, દેગાણા, મકરાણા, કુચમન સિટી, નવા સિટી, ફુલેરા, જયપુર, દાઉસા, ભરતપુર, મથુરા, મથુરા કેન્ટ, હાથરસ સિટી, કાસગંજ, સોરોન શુકર ક્ષેત્ર, ઉઝાની, બદાઉન, બરેલી, ઈજ્જતનગર, બહેરી અને કિછા સ્ટેશનો બંને દિશામાં.

**રચના:** એસી ૨-ટાયર, એસી ૩-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચો.

સમય, વિરામો અને રચના સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

ટ્રેન નંબર ૦૫૦૪૬ માટે બુકિંગ ૨૮.૦૩.૨૦૨૬થી બધા PRS કાઉન્ટરો અને IRCTC વેબસાઈટ પર શરૂ થશે. ઉપરોક્ત ટ્રેન ખાસ ભાડા પર ખાસ ટ્રેન તરીકે દોડશે.

**પશ્ચિમ રેલવે**
wr.indianrailways.gov.in
Like us & Follow us on:
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

કૃપા કરીને તમામ આરક્ષિત ટિકિટો માટે મૂળ આઈડી પ્રૂફ સાથે રાખો


# જુગારમાં ૨૦ લાખ હારી જતાં પ્રૌઢે ફિનાઈલ ગટગટાવ્યું

## દેવુ ચૂકવવા ૮ થી ૧૦ શખ્સો પાસેથી વ્યાજે રકમ લીધા બાદ માનસિક તણાવમાં હકીમભાઈએ પગલું ભર્યુ

**અબતક, રાજકોટ**

શહેરના માલધારી ફાટક પાસે ગઈકાલે બપોરે પ્રૌઢે જુગારમાં ૨૦ લાખ રૂપિયા હારી ગયા બાદ વધતા દેણાથી કંટાળીને ફિનાઈલ પી લેતા ચકચાર મચી ગઈ છે. જેને સારવાર અર્થે તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. પ્રાપ્ત વિગતો મુજબ શહેરના કોઠારિયા સોલ્વન્ટ વિસ્તારમાં રહેતા હકીમભાઈ ઈસ્માઈલભાઈ બુકેરા (ઉં.વ. ૪૦) ગઈકાલે બપોરે ૩:૩૦ વાગ્યાની આસપાસ માલધારી ફાટક પાસે હતા, ત્યારે તેમણે ફિનાઈલ પી લીધું હતું. હાલત બગડતા તેમને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. હોસ્પિટલના બિછાનેથી હકીમભાઈએ જણાવ્યું હતું કે, છેલ્લા એક મહિનાથી તેઓ જુગારના રવાડે ચડી ગયા હતા. જેમાં તેઓ અંદાજે ૨૦ લાખ રૂપિયા હારી ગયા હતા. આ દેણું ચૂકવવા માટે તેમણે ૮ થી ૧૦ જેટલા વ્યાજખોરો પાસેથી ઊંચા વ્યાજે પૈસા લીધા હતા. દેણું વધી જતા માનસિક તણાવમાં આવી તેમણે આ પગલું ભર્યું હતું. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે તેઓ વ્યવસાયે મજૂરી કામ કરે છે. પરિવારમાં સંતાનમાં બે દીકરા અને એક દીકરી છે. તેઓ ૪ ભાઈ અને ૪ બહેનોમાં વચેટ છે. હાલ સિવિલ હોસ્પિટલ ચોકીના સ્ટાફે આ અંગેની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.


**રાજકોટ મહાનગરપાલિકા**

**વેરા વસુલાત શાખા**

**“વ્યાજ માફી યોજના”**

રાજકોટ મહાનગરપાલિકા ખાતે નોંધાયેલ મિલકતો પૈકી જે મિલકતોનો મિલકતવેરો તથા પાણીવેરો ભરપાઇ કરવાનો બાકી હોય તેવા બાકીદારો માટે નીચે મુજબ “વ્યાજ માફી યોજના” અમલમાં છે :

- મિલકતવેરા પર ચડત વ્યાજમાં રૂ.૫,૦૦૦/- સુધી માફી
- પાણીવેરા પર ચડત વ્યાજમાં રૂ.૫,૦૦૦/- સુધી માફી
- મિલકતધારકને કુલ રૂ.૧૦,૦૦૦/- સુધી વ્યાજ માફી
- “વ્યાજ માફી યોજના” ની છેલ્લી તારીખ : ૩૧/૦૩/૨૦૨૬
- તા.૩૧/૦૩/૨૦૨૬ સુધી તહેવારની રજાઓ, ચોથા શનિવાર તથા રવિવાર સહિતના તમામ દિવસોમાં સવારે ૯:૩૦ કલાક થી સાંજે ૬:૧૦ કલાક સુધી વેરાની વસુલાત ચાલુ રહેશે.

**“વ્યાજ માફી યોજના” નો અવશ્ય લાભ લો.**

બાકી વેરો ઓનલાઇન ભરવા માટે માટે નીચેનો QR CODE સ્કેન કરો.

બાકી વેરો રૂબરૂ ભરવા નજીકની વોર્ડ ઓફિસ/ સિવિક સેન્ટરનો સંપર્ક કરો.

તંત્રી લેખ

# સંકટ સમયે રાહતનો ઠંડો મલમ

ઈરાન અને અમેરિકા-ઈઝરાયેલ વચ્ચે છેલ્લા ૨૮ દિવસથી ચાલી રહેલા ભિષણ યુધ્ધના કારણે વિશ્વના અનેક દેશોમાં કોરોના જેવી ચિંતાજનક કટોકટીનું નિર્માણ થયું છે. અફવાઓની આંધી મજબૂત બની ફૂંકાવા લાગી છે. સમય ચોકકસ સંકટનો છે. પણ સહિયારી સમજદારીથી આ સમયને સાંગોપાંગ પાર કરી શકાય તેમ છે. ઈંધણની અછત સર્જાવાની દહેશત છે. ઈંધણના ભાવો પણ વધી શકે છે. આવામાં સંકટની આ ઘડીમાં કેન્દ્ર સરકારે દેશની જનતાને રાહતનો ઠંડો મલમ આપ્યો છે. પેટ્રોલ અને ડીઝલ પરની એકસાઈઝ ડયુટીમાં લીટર દીઠ રૂ.૧૦નો ઘટાડો કરવામાં આવ્યો છે. આનો સિધ્ધો ફાયદો પણ હાલ લોકોને નહી મળે તેવું લાગતું હોય પરંતુ મોદી સરકારે ઈંધણના સંભવિત ભાવ વધારાને એકસાઈઝ ડયુટીમાં ઘટાડો કરી રોકી દીધો છે. યુધ્ધના કારણે ઈંધણની અછત ઉભી થતા ભારતના પાડોશી દેશોએ પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં કલ્પનીય વધારા ઝીંકયા છે.

ભારત પણ પોતાની ઈંધણની જરૂરિયાતનો મોટો જથ્થો આયાત કરે છે. હાલ યુધ્ધની અસરના કારણે આંતર રાષ્ટ્રીય બજારમાં ક્રુડ બેરલના ભાવમા વધારો થઈ રહ્યો છે. આવામાં દેશવાસીઓ પર ભાવ વધારાનો બોજ નાખવાના બદલે કેન્દ્ર સરકારે પોતાની આવક જતી કરવાનો બહુહિતકારી નિર્ણય કર્યો છે. પેટ્રોલ ઉપર અત્યાર સુધી લીટર દીઠ રૂ.૧૩ એકસાઈઝ ડયુટી વસુલવામાં આવતી હતી જે ઘટાડી રૂ.૩ કરી નાંખવામા આવી છે. આ ઉપરાંત ડીઝલ પર લીટર દીઠ જે રૂ.૧૦ એકસાઈઝ ડયુટી વધારવામાં આવતી હતી તે પણ શૂન્ય કરી દેવામાં આવી છે.

જેના કારણે ઓઈલ કંપનીઓને મોટી રાહત થઈ છે. પેટ્રોલ-ડીઝલ પરની ખોટ ઓછી થઈ જશેઅને ભાવ વધારાની સંભાવના પણ શૂન્ય થઈ જશે. બીજી તરફ ખાનગી ઓઈલ કંપનીઓ દ્વારા ભાવમાં જે વધારો કરવામાં આવ્યો છે. તે પણ હવે પરત ખેંચી લેવામા આવે તેવું સાનુકુળ વાતાવરણ ઉભુ કરી દીધું છે. સરકારની પ્રાથમિક ફરજ જ દેશની જનતાને આફતના સમયે સધિયારો પૂરો પાડવાની હોય છે. મોદી સરકાર હાલ આ જવાબદારીને ખૂબજ ખંત નિભાવી રહ્યા છે.

જનતાએ પણ આવી વિકટ વેળાએ સરકારની સાથે ખંભો મિલાવીને ઉભુ રહેવુ જોઈએ જયારે સરકાર ખાતરી આપે છે કે દેશમાં ઈંધણની કોઈ અછત નથી ત્યારે તેના પર વિશ્વાસ રાખી પેટ્રોલ ડીઝલ કે રાંધણ ગેસ માટે ખોટી લાઈનો લગાવવી જોઈએ નહી કોઈ એકલ દોકલ વ્યકિતથી કયારેય મુસિબત હલ થવાની નથી તેના માટે સહિયારો પ્રયાસ કરવો જોઈએ.

# મલબાર ગોલ્ડ એન્ડ ડાયમંડસે રૂ.૨૦૦ કરોડની સીએસઆર પહેલ જારી

## કેન્દ્રીય પ્રધાન પિયુષ ગોયલે ૩૩,૦૦૦ વિદ્યાર્થીનીઓ માટે શિષ્યવૃતિ વિતરણનો પ્રારંભ કર્યો




**અબતક, રાજકોટ**

વિશ્વના પાંચમા સૌથી મોટા રિટેલ જવેલરી ગ્રુપ અને જવાબદાર જ્વેલરી બ્રાન્ડ તરીકે ઓળખાતી મલાબાર ગોલ્ડ એન્ડ ડાયમંડ્સે નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે રૂ. ૨૦૦ કરોડની સીએસઆર પહેલની જાહેરાત કરી હતી. નવી દિલ્હીમાં સ્થિત ડો. આંબેડકર ઈન્ટરનેશનલ સેન્ટરમાં યોજાયેલા કાર્યક્રમમાં કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાન પિયુષ ગોયલની ઉપસ્થિતિમાં આ જાહેરાત કરવામાં આવી.

સીએસઆર પહેલના ભાગરૂપે કેન્દ્રીય પ્રધાને દેશભરમાં ૩૩,૦૦૦ વિદ્યાર્થિનીઓ માટે શૈક્ષણિક શિષ્યવૃત્તિના વિતરણનો શુભારંભ કર્યો હતો. આ કાર્યક્રમમાં મલાબાર ગ્રુપના ચેરમેન એમ.પી. અહમદ, મેનેજિંગ ડિરેક્ટર -ઈન્ડિયા ઓપરેશન્સ ઓ. અશેર, એક્ઝિક્યુટિવ ડિરેક્ટર્સ નિશાદ એ.કે. અને અબ્દુલ્લા ઈબ્રાહિમ, કેરળ હાઉસ રેસિડન્ટ કમિશનર પુનીત કુમાર. આઈએએસ, પ્રથમના સીઈઓ રૂક્મિની બેનર્જી અને થનલના ચેરમેન ડૉ. ઈદ્રીસ સહિત અનેક પ્રતિષ્ઠિત મહાનુભાવો હાજર રહ્યા હતા.

કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલે જણાવ્યું હતું કે મલાબાર ચેરિટેબલ ટ્રસ્ટની પહેલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના બેટી બચાવો, બેટી પઢાઓ જેવા કાર્યક્રમો દ્વારા ભારતની દીકરીઓને સશકત બનાવવાના વિઝન સાથે ગાઢ રીતે સુસંગત છે.

તેમણે ઉમેર્યુ હતું કે, મલાબાર ગોલ્ડ એન્ડ ડાયમંડ્સનો સીએસઆર માટે રૂ.૨૦૦ કરોડ ફાળવવાનો નિર્ણય દેશની પ્રગતિને વધુ મજબૂત બનાવશે.તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારતનો વિકાસ તેના લોકો - ખાસ કરીને મહિલાઓ અને છોકરીઓના સશક્તિકરણમાં મૂળ ધરાવે છે અને શિક્ષણ દ્વારા અર્થપૂર્ણ પરિવર્તન લાવવામાં કંપનીના પ્રયાસોની પ્રશંસા કરે છે.

તેમણે વિદ્યાર્થીઓ અને યુવા નાગરિકોને મોટા સપનાં જોવા, મર્યાદાઓથી આગળ વધીને મહત્વાકાંક્ષા રાખવા અને ભારત દ્વારા આપવામાં આવતી વિશાળ તકોનો લાભ લેવા માટે પ્રોત્સાહિત કર્યા હતા તથાતેમને રાષ્ટ્રની વિકાસ ગાથામાં સક્રિયપણે યોગદાન આપવા વિનંતી કરી.

મલાબાર ગ્રુપના ચેરમેન શ્રી એમ.પી. અહમદે જણાવ્યું હતું કે, માનવ સંસાધન વિકાસ રાષ્ટ્રીય વૃદ્ધિનો મુખ્ય આધાર છે. ગુણવત્તાયુકત શિક્ષણ દ્વારા પ્રતિભાનું સંવર્ધન જરૂરી છે અને સ્કોલરશિપ કાર્યક્રમ વિદ્યાર્થીઓને શૈક્ષણિક સફળતા પ્રાપ્ત કરવામાં અને દેશના વિકાસમાં યોગદાન આપવા માટે સક્ષમ બનાવે છે. ગ્રુપ મહત્વપૂર્ણ સીએસઆર રોકાણો દ્વારા લાંબા ગાળે ટકાઉ સામાજિક અસર સર્જવા માટે પ્રતિબદ્ધ છે.

વર્ષ ૨૦૨૬-૨૭ દરમિયાન રૂ. ૨૦૦ કરોડના સીએસઆર પ્રોજેક્ટ્સ ૧૯ રાજયોમાં ૩,૦૦૦થી વધુ સ્થળોએ અમલમાં મૂકવામાં આવશે, જેમાં ૧૫ મુખ્ય પહેલોનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમોથી ૨ લાખથી વધુ લોકોને લાભ મળવાની અપેક્ષા છે.

આ પહેલમાં શિક્ષણ ક્ષેત્ર પર વિશેષ ભાર મુકાયો છે, જેમાં રસ્તા પર આશરો લેનારા બાળકો માટે માઈક્રો-લર્નિંગ સેન્ટર્સ અને છોકરીઓ માટે રાષ્ટ્રીય સ્કોલરશિપ કાર્યક્રમો સહિતની પહેલ માટે રૂ. ૧૧૪ કરોડ ફાળવવામાં આવ્યા છે. 'હંગર ફ્રી વર્લ્ડ' પ્રોજેક્ટ હેઠળ ભોજન વિતરણ માટે રૂ. ૩૦ કરોડ અને આરોગ્ય સંબંધિત પહેલો માટે રૂ. ૧૪.૨ કરોડ ફાળવવામાં આવ્યા છે. નિરાધાર માતાઓ માટે 'ગ્રાન્ડમા હોમ' પહેલ સહિતના આવાસ પ્રોજેક્ટ્સ માટે રૂ. ૨૫ કરોડ ફાળવાશે. ઉપરાંત અન્ય માનવતાવાદી પ્રવૃત્તિઓ માટે રૂ. ૬.૮ કરોડ અને પર્યાવરણ સંરક્ષણ માટે રૂ. ૧૦ કરોડ ફાળવવામાં આવશે.

મલાબાર ગ્રુપની ૩૩મી વર્ષગાંઠના ભાગરૂપે આ વર્ષે ૧૮ રાજ્યોના ૨૮૪ જિલ્લાઓમાંથી ૩૩,૦૦૦ છોકરીઓને સ્કોલરશિપ આપવામાં આવશે. કાર્યક્રમની શરૂઆતથી અત્યાર સુધીમાં ૧,૧૫,૦૦૦થી વધુ છોકરીઓને લાભ મળ્યો છે. તમામ સીએસઆર પહેલ મલાબાર ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા અમલમાં મૂકવામાં આવે છે.

રસ્તા પર આશરો લેનાર બાળકોના પુનર્વસન માટે મલાબાર ગોલ્ડ એન્ડ ડાયમંડ્સે ભારતની સૌથી મોટી એનજીઓમાંની એક પ્રાથમ એજ્યુકેશન ફાઉન્ડેશન સાથે ભાગીદારીમાં ૧૭ રાજયોમાં ૧,૫૪૩ માઈક્રો-લર્નિંગ સેન્ટર્સ સ્થાપ્યા છે. આ વર્ષે સેન્ટર્સની સંખ્યા વધારીને ૨,૫૦૦ કરવામાં આવશે અને વિદ્યાર્થી નોંધણી ૬૪,૦૦૦થી વધીને ૧ લાખ સુધી પહોંચવાની અપેક્ષા છે.


'હંગર ફ્રી વર્લ્ડ' પ્રોજેક્ટ હેઠળ ભારત, ઝામ્બિયા અને ઈથિઓપિયામાં દરરોજ ૧,૧૫,૦૦૦ લોકોને પૌષ્ટિક ભોજન પૂરું પાડવામાં આવે છે. અન્ય સીએસઆરપહેલમાં 'ગ્રાન્ડમા હોમ' પ્રોજેક્ટનો સમાવેશ થાય છે, જેમાં નિરાધાર મહિલાઓને મફત રહેવાની વ્યવસ્થા અને સંભાળ આપવામાં આવે છે, તેમજ મલાબાર-થનલ ફાર્મસી દ્વારા જરૂરિયાતમંદોને રાહત દરે દવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

મલાબાર ગોલ્ડ એન્ડ ડાયમંડ્સની કામગીરી ઈએસજી સિદ્ધાંતો દ્વારા માર્ગદર્શિત છે. સ્થાપના સમયથી જ કંપની પોતાના નેટ ટ્રેડિંગ નફાના ૫ ટકા સીએસઆરપ્રવૃત્તિઓ માટે ફાળવે છે. આ પહેલ મહિલાઓના સશક્તિકરણ, આરોગ્ય, શિક્ષણ અને પર્યાવરણ સંરક્ષણ પર કેન્દ્રિત છે અને પ્રથમ તથા થનલ જેવી સંસ્થાઓ સાથે સહકારમાં અમલમાં મૂકવામાં આવે છે.

આ પ્રયત્નો દ્વારા ભારતભરમાં ૧.૮ મિલિયનથી વધુ લોકોના જીવનમાં પહેલેથી જ સકારાત્મક પરિવર્તન આવ્યું છે.

# રામાયણના પ્રસંગો દર્શાવતી ડાક ટિકિટ સંગ્રાહકો માટે અમૂલ્ય ખજાનો: પોસ્ટ માસ્ટર જનરલ

## પોસ્ટ માસ્ટર જનરલ કૃષ્ણકુમાર યાદવે રામ જન્મભૂમિ મંદિરથી લઈ રામાયણ વિવિધ પ્રસંગો પર ડાક ટિકિટ બહાર પાડી



**અબતક, રાજકોટ**

ભગવાન શ્રી રામનો મહિમા દેશ અને દુનિયાભરમાં, ડાક ટિકિટોના માધ્યમથી પણ પ્રસારિત થઈ રહ્યો છે. ભારત ઉપરાંત, વિશ્વભરના ૨૦ થી વધુ દેશોએ સમયાંતરે રામાયણ સાથે સંકળાયેલા પાત્રો અને કથાઓ દર્શાવતી ડાક ટિકિટો બહાર પાડી છે. એટલેકે 'રામ રાજ્ય'ની ભાવના ડાક ટિકિટો પર પણ પ્રવર્તે છે. રામનવમી ઉત્સવના અવસરે, ઉત્તર ગુજરાત પરિક્ષેત્ર, અમદાવાદ ના પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે ડાક વિભાગ લોકોને તેમના વારસા અને સંસ્કૃતિ સાથે જોડવા માટે વિવિધ પ્રકારની ડાક ટિકિટો બહાર પાડે છે. આ જ રીતે, 'શ્રી રામ જન્મભૂમિ મંદિર' દર્શાવતી ડાક ટિકિટોથી લઈને રામાયણના વિવિધ પ્રસંગો સાથે સંબંધિત અનેક ડાક ટિકિટોનો આ સંગ્રહમાં સમાવેશ કરવામાં આવ્યો છે, જેનાથી યુવા પેઢી ડાક ટિકિટોના માધ્યમથી તેમની સંસ્કૃતિથી પરિચિત થઈ શકે. આ ડાક ટિકિટો પત્રો પર લગાવીને વિદેશોમાં પણ જશે અને ત્યાં રામાયણની ગાથાનો પ્રસાર કરશે.

પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણકુમાર યાદવે જણાવ્યું કે, તેના અગાઉ પણ ડાક વિભાગ દ્વારા રામાયણના તમામ મહત્વપૂર્ણ પ્રસંગોને દર્શાવતા ૧૧ સ્મારક ડાક ટિકિટોના સેટ ૨૨ સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ જાહેર કરવામાં આવ્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીજી દ્વારા આ ડાક ટિકિટો વારાણસી સ્થિત તુલસી માનસ મંદિર ખાતે જાહેર કરવામાં આવી હતી. આ ડાક ટિકિટોમાં સીતાસ્વયંવર, રામ વનવાસ, ભરત મિલાપ, કેવટ પ્રસંગ, જટાયુ સંવાદ, શબરી સંવાદ, અશોક વાટિકા ખાતે હનુમાન-સીતાનો સંવાદ, રામસેતુ નિર્માણ, સંજીવની લઈ જતા હનુમાન, રાવણવધ અને ભગવાન રામના રાજ્યાભિષેક જેવી દર્શનીય ઘટનાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

સાહિત્ય અને રંગભૂમિના દ્રષ્ટિકોણથી રામ કથા એ વિશ્વના મોટાભાગના દેશોમાં હાજરી સ્થાપિત કરી છે. રામ કથા ના તાર ભારતની બહાર શ્રીલંકા, નેપાળ, ઈન્ડોનેશિયા, મલેશિયા, થાઈલેન્ડ, લાઓસ, જાપાન, ચીન, વિયેતનામ, સુરીનામ, કંબોડિયા અને મ્યાનમાર જેવા દેશોને આવરી લે છે.

પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે ડાક ટિકિટને ઘણીવાર ''નાના રાજદૂત'' તરીકે ઓળખવામાં આવે છે. જેમ જેમ તેઓ દેશ અને વિશ્વભરમાં પ્રવાસ કરે છે, તેમ તેમ આ ટિકિટો સાંસ્કૃતિક સંદેશવાહક તરીકે સેવા આપે છે, દેશની સભ્યતા, સંસ્કૃતિ અને વારસાની પરંપરાઓને જાળવી રાખે છે અને પ્રોત્સાહન આપે છે. વિશ્વભરના ડાક વિભાગોએ રામાયણના વિવિધ પાસાઓને દર્શાવતી શ્રેણીબદ્ધ ટિકિટો બહાર પાડીને ભગવાન રામની આધ્યાત્મિકતા અને ઐતિહાસિક મહત્વની વૈશ્વિક પ્રશંસાને સમૃદ્ધ બનાવી છે.

# બાલાજી મિત્ર મંડળના યુવા પ્રમુખ મિત ખખ્ખરનો જન્મદિવસ



બાલાજી મિત્ર મંડળના યુવા પ્રમુખ, સામાજીક કાર્યકર, સમસ્ત રઘુવંશી સમાજ રાજકોટના યુવા અગ્રણી મિત હિતેષભાઈ ખખ્ખરનો તા.૨૮, માર્ચના રોજ ૨૭મો જન્મદિન, સેવાકિય કાર્યો કરીને જન્મદિન પ્રેરક ઉજવણી કરવામાં આવશે. મિતભાઈ ખખ્ખર દ્વારા અવાર-નવાર સિવીલ હોસ્પીટલના જરૂરીયાતમંદ દર્દીઓ તેમજ થેલેસેમીયા પીડીત બાળકોનાં લાભાર્થે રકતદાન કેમ્પો તથા ગરીબ દર્દીઓ તથા જરૂરીયાતમંદ લોકો માટે માં અમૃતમ કાર્ડ કેમ્પો પણ કરવામાં આવે છે. મિત ખખ્ખરને નાનપણથી ગળથૂંથીમાં જ સારા સંસ્કારનું સિંચન થયેલુ છે, તેમના માતા-પિતા હિતેશભાઈ ખખ્ખર તથા નેહાબેન હિતેષભાઈ ખખ્ખરના સંસ્કારો પગલે યુવાવસ્થામાં જ મિતભાઈ અનેક સેવાકિય સંસ્થાઓ સાથે જોડાયેલ અનેક માનવતાવાદી કાર્યો કરે છે.

મિત હિતેષભાઈ ખખ્ખર જન્મદિવસ નિમીતે શુભેચ્છા, આશીર્વાદ આપવા (મો.૮૪૮૮૦૧૧૧૧૦)

# યુસીસીનો કાયદો લાગુ કરવા બદલ મુખ્યમંત્રી - નાયબ મુખ્યમંત્રીનો ધારાસભ્ય ડો.દર્શિતા શાહે માન્યો આભાર

## ગુજરાતમાં યુસીસીના કાયદો સામાજીક સમરસ મજબુત બનશે



**અબતક, રાજકોટ**

ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી દ્વારા વિધાનસભામાં યુસીસી બીલ પાસ કરવામાં આવેલ છે. ભારતમાં યુસીસી બીલ પાસ કરનાર ગુજરાત બીજું રાજય બનેલ છે. લગ્ન, છુટાછેડા, ભરણપોષણ, વારસો અને લીવ ઈન સબંધ જેવા વિષયો માટે વિવિધ વ્યકિતગત કાયદા હવે સર્વને એક સરખા લાગુ પડશે. તેમજ આ કાનુનથી ધાર્મિક વિધિઓ અને પરંપરામાં કોઈ હસ્તક્ષેપ કરવામાં આવેલ નથી. આ કાનુનથી જુદાજુદા પંદર ફેરફારથી મહિલાઓને કાયદાકીય રક્ષણ મળશે. આ યુસીસી બીલ પાસ કરવા તથા ભારતમાં યુસીસી બીલ પાસ કરનાર ગુજરાત બીજું રાજય બનેલ છે. જે બદલ ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહે મુખ્યમંત્રી ભુપેનૂદ્રભાઈ પટેલ તથા નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી સહીત તમામ નો ખુબખુબ આભાર માનેલ છે.

# પ્રદેશ ભાજપના સંગઠન મહામંત્રી રત્નાકરજીનો આજે જન્મદિવસ



ગુજરાત પ્રદેશ ભાજપના પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજીનો આજરોજ જન્મદિવસ છે.તેઓ છેલ્લા પાંચ વર્ષથી ગુજરાત પ્રદેશ ભાજપમાં આ જવાબદારી સંભાળી રહ્યા છે.

રત્નાકરજી રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘના સ્વંયસેવક છે. તેઓ સંઘની દ્રષ્ટિએ પોતાનું કુટુંબ અને વ્યવસાય છોડી રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘનું પૂર્ણકાલીન રીતે આ કાર્ય કરવા માટે સ્વેચ્છાએ જવાબદારી સ્વીકારે તેને સંઘની દ્રષ્ટિએ 'પ્રચારક' તરીકે ઓળખવામાં આવે છે. રત્નાકરજી મૂળ ઉત્તરપ્રદેશમાં દેવરિયાના વતની છે. અને તેઓ શરુઆતમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદમાં પૂર્ણ કાલીન કાર્યકર્તા તરીકે જવાબદારી સંભાળી રહ્યા હતા. ત્યારબાદ ઉત્તરપ્રદેશમાં ગોરખપુર સંભાગમાં ભાજપના સંગઠનમાં સહ સંગઠન મંત્રી તરીકે જવાબદારી સંભાળી રહ્યા હતા. ત્યારબાદ બિહાર પ્રદેશ ભાજપના સંગઠન મહામંત્રી તરીકે જવાબદારી સંભાળી ચુક્યા છે. ગુજરાત પ્રદેશ ભાજપના પ્રદેશ સંગઠન મહામંત્રી ભીખુભાઈ દલસાનીયાને બિહાર પ્રદેશ ભાજપના સંગઠન મહામંત્રી તરીકે જવાબદારી સોંપવામાં આવતા રત્નાકરજીને છેલ્લા પાંચ વર્ષથી ગુજરાત પ્રદેશ ભાજપના સંગઠન મહામંત્રી તરીકે જવાબદારી સંભાળી રહ્યા છે.

ગુજરાત રાજ્ય ભારતીય જનતા પાર્ટીના સંગઠન મહામંત્રી, જેમણે પોતાનું જીવન રાષ્ટ્ર સેવામાં સમર્પિત કર્યું છે અને સરળ અને સહજ વ્યકિતત્વ ધરાવતા રત્નાકરજીને જન્મદિવસ નિમિતે શુભકામનાઓના વરસાદ થઈ રહ્યો છે.

# જનકલ્યાણ ટ્રસ્ટના જાગૃતિ અભિયાનમાં ૮૨૭મું ચક્ષુદાન



**અબતક, રાજકોટ**

સુશીલાબેન ભીખાલાલ માનસેતાનું અવસાન થતા તેમના પરિવારની ઈચ્છા અનુસાર તથા જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી ચક્ષુદાન કરાવેલ છે. તે ખુબ જ અનુકરણીય, ઉદાહરણ પુરુ પાડયું છે. જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી અંગદાન, ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાન જાગૃતિ અભિયાનમાં કુલ ૮૨૭ ચક્ષુદાન મળેલ છે. માર્ચ ૨૦૨૬ માં સાતમું ચક્ષુદાન મળેલ છે.


આ ચક્ષુદાન મિતલભાઈ ખેતાણીના સહયોગથી થયેલ છે.

સમગ્ર ગુજરાતમાં ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાનની વધુ માહીતી માટે જનકલ્યાણ ટ્રસ્ટના ચેરમેન ઉમેશભાઈ મહેતા મો. નં. ૯૪૨૮૫ ૦૬૦૧૧ પર સંપર્ક કરવા જણાવ્યું છે.

વ્હાલી દિકરીની યાદમાં સેવાયજ્ઞ

# સ્વ. વૈદિકબા જાડેજાના જન્મ દિવસે રવિવારે ડેરી ગામે યોજાશે રકતદાન કેમ્પનો સેવા યજ્ઞ

## સિવિલના જરૂરીયાતમંદ દર્દીઓના લાભાર્થે ઉત્સાહભેર મહાદાન કરવા દાતાઓને અપીલ



**અબતક, રાજકોટ**

વ્હાલી દિકરીની યાદમાં તેમના જન્મદિવસને સેવા માટે નીમીત બનાવવા કાલાવડ ડેરી ગામના રાજપુત પરિવાર દ્વારા રવિવારે હોસ્પિટલના દર્દીઓના લાભાર્થે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

રાજકોટ સિવીલ હોસ્પિટલના જરુરીયાત મંદ દર્દીઓને વિનામૂલ્યે બ્લડ મળી રહે તેવા શુભઆશયથી શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશનના સહયોગથી, સ્વ.વૈદિકાબા મયુરસિંહ જાડેજાના જન્મ દિવસ નીમીતે તા. ૨૯-૩-૨૬ રવિવારે સવારે ૮ થી ૧૨ સુધી કાલાવડ તાલુકાના ડેરી ગામે મહા રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

આ કેમ્પમાં મયુરસિંહ જશુભા જાડેજા, શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણી, રાજકોટ સિવીલ બ્લડ બેંકના એમ.ડી. પેથોલોજીસ્ટ ડોકટર્સની ટીમ માનવ સેવા આપશે. રકતદાતાને બહોળી સંખ્યામાં રકતદાન કરવા વિનંતી કરવામાં આવી છે. રકતદાન કેમ્પનું આયોજન માટે અંગદાન, દેહદાન, ચક્ષુદાન, ત્વચાદાન, થેલેસેમીયા જાગૃતિ સેમીનાર કરવા કે જીવદયા કાર્ય માટે શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણી મો. નં. ૯૪૨૮૨ ૦૦૬૬૦ પર સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

# વિવેકાનંદ યુથ કલબ દ્વારા જરૂરીયાતમંદો માટે વિનામૂલ્યે સ્લીપર વિતરણ અભિયાનનો પ્રારંભ

## શહેરમાં દર ઉનાળે સ્લીપર વિતરણની પરંપરાનો ૨૫માં વર્ષમાં પ્રવેશ



**અબતક, રાજકોટ**


રાજકોટ શહેરની જાણીતી સેવા સંસ્થા વિવેકાનંદ યુથ કલબદ્વારા છેલ્લા ૨૫ વર્ષથી પ્રતિ વર્ષ ઉનાળાના દિવસો દરમિયાન સ્લીપર ચંપલ વિતરણ અભિયાન હાથ ધરવામાં આવે છ આ વર્ષે પણ ઉનાળો બેસતા જ આકરો તાપ પડવાની શરૂઆત થઈ ગઈ છે ત્યારે સમનવમીના પવિત્ર દિવસથી સ્લીપર વિતરણનો પ્રારંભ કરવામાં આવેલ છે.

સંસ્થાના કાર્યકર્તાઓ બપોરના સમયે અલગ અલગ સાઈઝના સ્લીપરના થેલા ભરીને શહેરના મોટા મવા, સ્પીડવેલ ચોક, કોસ્મોપ્લેક્સ સિનેમા વિસ્તાર, નવા ૧૫૦ ફૂટ રીંગ રોડ, અર્જુન પાર્ટી પ્લોટ સહિતના વિસ્તારોમાં જઈને ધગધગતા ડામરના કે ધૂળિયા રસ્તા પર ઉઘાડા પગે જતા, ખુલ્લા મેદાનમાં તેમજ બાંધકામ સાઈટ પર કામ કરતા મજૂર ભાઈઓ બહેનો અને બાળકો સહિતના સાતસોથી વધુ જરૂરતમંદોને સ્લીપર વિતરણ કરીને ઉમદા માનવ ધર્મ બજાવેલ છે.

જનસેવાના આ ઉમદા કાર્યમાં સેવાભાવી સ્વજન કડવા પટેલ સમાજના અગ્રણી જયંતિલાલ એમ પટેલ, લંડન નિવાસી અનામી દાતા, રઘુવંશી અગ્રણી પંકજભાઈ માણેક, ભમ્માબેન મહેશભાઈ દેસાઈ સહિતના દાતાઓનો આર્થિક સહયોગ પ્રાપ્ત થયો હતો.

સંસ્થાન કાર્યકર્તાઓ અનુપમ દોશી, પંકજ રૂપારેલીયા, હસુભાઈ શાહ, દિનેશભાઈ ગોવાણી, ડો. હાર્દિક દોશી, રમેશ શિશાંગીયા, મહારાજ વગેરે સહભાગી બનેલ હતી. સ્લીપર વિતરણની આ સેવા પ્રવૃત્તિમાં આર્થિક સહયોગ આપવા ઈચ્છતા દાતાઓ સ્વજનોએ વિશેષ માહિતી પૂછપરછ માટે અનુપમ દોશી ૯૪૨૮૨૩૩૭૯૬ નો સંપર્ક સાધવા જણાવ્યું છે.

# અકસ્માતમાં મૃત્યુ પામેલાને શ્રધ્ધાંજલિ અર્પણ કરતા પૂ.મોરારિબાપુ



**અબતક, રાજકોટ**

કાળનું ચક્ર થંભવાનું નામ લેતું નથી. દેશનાં વિવિધ રાજયોમાંથી અકસ્માતના સમાચારો સતત પ્રાપ્ત થતા રહે છે. તાજેતરમાં થયેલા ગમખ્વાર અકસ્માતમાં આંધ્રપ્રદેશ માં ૧૮ લોકોનાં અકાળે અવસાન થયા છે. માર્ગ અકસ્માતમાં આંધ્રપ્રદેશ ખાતે ૧૩ લોકોનાં મોત નિપજ્યા છે અને ૫ આશાસ્પદ યુવાનોનું ડૂબી જતાં મોત થયું છે. પૂજ્ય મોરારિબાપુએ આ કરુણાંતિકામાં જીવ ગુમાવનારા પરત્વે સંવેદના વ્યકત કરી તેમનાં પરિવારજનોને રુપિયા ૧૫,૦૦૦ લેખે ૨,૭૦,૦૦૦ની સહાયતા રાશિ અર્પણ કરી છે. આંધ્રપ્રદેશ મુખ્યમંત્રી રાહત ફંડમાં મુંબઈ સ્થિત રામકથાના શ્રોતા દ્વારા આ રાશિ પહોંચાડવામાં આવશે. બીજી તરફ ગુજરાતમાં પણ માર્ગ અકસ્માતમાં ૫ લોકોનાં મોત નિપજયા છે. પૂજય મોરારિબાપુએ તેમના પરિવારજનોને રુપિયા ૭૫,૦૦૦ ની સહાય કરી છે. આ દુઃખદ ઘટનામાં મહુવા તાલુકાના વડલી ગામના યુવકનો પણ સમાવેશ થાય છે અને તેના પરિવારને પણ ૧૫,૦૦૦ ની સહાય પૂજ્ય બાપુ તરફથી કરવામાં આવી છે.

પાણી વ્યવસ્થાપનમાં પણ અવિરત ગુજરાત

# વડાપ્રધાન યાત્રાધામ અંબાજી માટે રૂ.૧૪૧ કરોડની જળ યોજનાનું ઈ-ખાતમુહૂર્ત કરશે

## દાંતા અને અમીરગઢ તાલુકાના કુલ ૩૪ ગામો અને અંબાજી શહેરના અંદાજે ૭૮ હજાર નાગરિકોને ફાયદો

**અબતક રાજકોટ**

રાજ્યના સર્વાંગી વિકાસ માટે પાણીની અગત્યતાને સમજીને સરકાર દ્વારા દરેક નાગરિકને શુદ્ધ અને પૂરતું પેયજળ પૂરૂ પાડવા માટે નક્કર આયોજન કરવામાં આવ્યું છે. આ કડીરૂપ અભિયાન અંતર્ગત, બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકાના આદિવાસી વિસ્તારો તેમજ પવિત્ર યાત્રાધામ અંબાજી માટે અંદાજિત રૂ. ૧૪૧ કરોડની રકમની 'અંબાજી જૂથ પાણી પુરવઠા યોજના ભાગ-૧ અને ૨' નું વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ૩૧ મી એ ઈ-ખાતમુહૂર્ત કરવામાં આવનાર છે.જેનાથી દાંતા અને અમીરગઢ તાલુકાના કુલ ૩૪ ગામો અને અંબાજી શહેરના નાગરિકોને આ યોજનાનો સીધો લાભ મળશે .

આ પ્રોજેક્ટ પૂર્ણ થવાથી આશરે ૦.૭૮ લાખની વસ્તીને નિયમિત પીવાનું પાણી ઉપલબ્ધ થશે .

આ વિસ્તાર ડુંગરાળ અને ખડકાળ હોવાથી અત્યાર સુધી અહીંના ગામો ભૂગર્ભ જળ પર નિર્ભર હતા, જે હવે સરફેસ સ્રોત એટલે કે સપાટી પરના સ્રોત આધારિત યોજનામાં પરિવર્તિત થશે જેનો સીધો ફાયદો આરોગ્યને થશે.

### ભવિષ્યને ધ્યાનમાં રાખી આ સુવિધા ઉભી કરાઈ

અંબાજી એ ભારતનું એક મહત્વનું પવિત્ર યાત્રાધામ હોવાથી અને ભવિષ્યમાં આસપાસના વિસ્તારોમાં થનારા વિકાસને ધ્યાને રાખીને આ પીવાના પાણીની વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે .



### પાણી પુરવઠા ક્ષેત્રે ગુજરાતની મહત્વની સિદ્ધિઓ

રાજ્યવ્યાપી ગ્રીડઃ ગુજરાત સરકારે ભૂગર્ભ જળ પરની નિર્ભરતા ઘટાડીને નદી, કેનાલ અને જળાશય જેવા સ્રોતો આધારિત યોજનાઓ અમલી બનાવી છે 'રાજ્ય વ્યાપી પાણી પુરવઠા ગ્રીડ' હેઠળ ૩,૩૦૦ કિ.મીથી વધુ બલ્ક પાઈપલાઈનના કામો પૂર્ણ કરવામાં આવ્યા છે.

જેના પરિણામે અત્યાર સુધી રાજ્યના ૧૫,૦૦૦ થી વધુ ગામો અને ૨૫૧ શહેરી વિસ્તારોને સરફેસ સ્રોત આધારિત પીવાનું પાણી મળી રહ્યું છે, જેનાથી રાજ્યની અંદાજે પાંચ કરોડથી વધુ વસ્તી લાભાન્વિત થઈ છે .

# અમૃત ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા કાલે નારી કવિયત્રી સંમેલન સાથે સંગીત સંધ્યા

## અબતકની શુભેચ્છામાં અમૃત ચેરિટેબલ ટ્રસ્ટના સભ્યોએ આપી માહિતી

**અબતક,રાજકોટ**

વિશ્વકર્માનારી કવિયત્રી સંમેલન તથા સ્વ. મુકેશભાઈ ગીતોની હારમાળા અમૃત ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટ દ્વારા આયોજીત વિશ્વ કવિતા દિવસ નિમિતે ગુજરાત સાહિત્ય જગતમાં આદર ભર્યું સ્થાન ધરાવતા કવિતા પ્રેમીઓનાં હૃદયસ્થ જાણીતા કવયિત્રીઓનું સંમેલન યોજાય રહ્યું છે. ત્યારે કવિયત્રી સંમેલનના માધ્યમ ગુજરાતી સાહિત્યની આરાધના કરવા કવયીત્રી કાવ્ય પઠનના સાક્ષી બનવા શહેરના સાહિત્ય પ્રેમીઓ સૌ કોઈને સ્નેહ ભર્યું આમંત્રણ છે. કવયીત્રી સંમેલન તા. ૨૮ માર્ચ ૨૦૨૬ અને શનિવારના રોજ રોટરી કલબ વિદ્યાનગર મેઈન રોડ કોઠારી લેબોરેટરીની બાજુમાં રાજકોટ ખાતે આયોજન સમય ૩ થી ૬ કરેલ છે.જેના ૧૬થી વધુ કવયીત્રી બહેનો ભાગ લેશે.



તસ્વીરઃ શૈલેષ વાડોલીયા

અમૃત ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટ દ્વારા આયોજીત સફળતાના પાંચ વર્ષ પૂર્ણ થતા સમસ્ત વિશ્વકર્મા સમાજ કે નામ સ્વ. મુકેશભાઈ ગીતોની હારમાળા ગ્રીનીસ બુકમાં નામ નોંધાવેલ એવા અલ્પેશભાઈ ડોડીયાના સ્વરમાં ઓરકેસ્ટ્રા મ્યુઝીકલ મીલોસનું આયોજન સમસ્ત વિશ્વકર્મા સમાજના લોકો માટે કરવામા આવે છે.

મુકેશના યાદગાર ગીતોની હારમાળા તા.૨૮ માર્ચ ૨૦૨૬ અને શનિવારના રોજ સમય રાત્રે ૯ કલાકે હેમુગઢવી હોલ ટાગોર રોડ સરગમ કલબ સંચાલીત વિરાણી ચોક રાજકોટ ખાતે યોજેલ છે.

# જંગલેશ્વરના નઈમ પર અયાન સોરાનો ટોળાં સ્વરૂપે પાઈપ વડે હુમલો

## અંકુર સોસાયટીમાં ઘર નજીક ગાળાગાળી કરતા શખસોને ટપારવા ગયેલા યુવાનને માર મરાયો

**અબતક, રાજકોટ**

જંગલેશ્વરમાં અંકુર સોસાયટીમાં રાત્રીના ઘર પાસે ગાળો બોલી રહેલા શખસોને ટપારતા યુવાન પર પાંચ શખસોએ પાઈપ વડે હુમલો કર્યો હતો. જેમાં યુવકને ઈજા પહોંચતા સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. બનાવ અંગે યુવાનની ફરિયાદ પરથી ભક્તિનગર પોલીસે અયાન ઉર્ફે હકુભાઈ સોરા સહિત પાંચ શખસો વિરુદ્ધ રાયોટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

જંગલેશ્વરમાં ભવાની ચોક પાસે અંકુર સોસાયટી શેરી નંબર-૧ માં રહેતા નઈમબીન ઈમ્તિયાઝબીન કસીરી (ઉ.વ. ૨૬) નામના યુવાને ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે અયાન ઈબ્રાહીમભાઈ ઉર્ફે હકુભાઈ સોરા અને તેની સાથેના ચાર અજાણ્યા શખસોના નામ આપ્યા છે. યુવાને ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે છૂટક મજૂરીકામ કરે છે.

ગઈકાલ રાત્રીના આઠેક વાગ્યા આસપાસ તે અહીં ઘર પાસે ચોકમાં ઉભો હતો ત્યારે અયાન ઉર્ફે હકુ તથા તેની સાથેના બીજા ચાર શખસો તેની પાસે આવ્યા હતા અને તેમના હાથમાં લોખંડના પાઈપ હતા અને યુવાનને કહ્યું હતું કે, તું અહીં મારા માણસો નીકળ્યા ત્યારે ગાળો બોલતા હતા ત્યારે તે કેમ તેને ગાળો બોલવાની ના પાડી? જેથી યુવાને કહ્યું હતું કે, અમારા ઘર પાસે બહેન દીકરીઓ હોય તમે ગાળો ના બોલો મેં ફક્ત એટલું જ કહ્યું હતું. દરમિયાન અયાને તેના હાથમાં રહેલ પાઈપ યુવાનને કપાળના ભાગે ફટકારી દીધો હતો બાદમાં તેના પર પાઈપ વડે હુમલો કરી નાક તથા હોઠના વાગે ઈજા પહોંચાડી હતી. અયાન સાથેના ચાર શખસોએ યુવાનને પાઈપ ઘા પગમાં ફટકાર્યા હતા. દરમિયાન અહીં લોકો એકત્ર થઈ જતા આ શખસો અહીંથી નાસી ગયા હતા. ત્યારબાદ યુવાનને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.યુવકે ફરિયાદમાં વધુમાં જણાવ્યું હતું કે, રાત્રિના ઘર પાસે અજાણ્યા શખસો ગાળો બોલતા હોય તેથી તેણે ગાળો બોલવાની ના પાડતા આ વાતનો ખાર રાખી અયાન તથા તેની સાથેના ચાર અજાણ્યા શખસોએ ગેરકાયદે મંડળી રચી તેના પર પાઈપ વડે હુમલો કર્યો હતો. જે અંગે ભકિતનગર પોલીસે આરોપીઓ વિરુદ્ધ રાયોટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

### ભક્તિનગર પોલીસે રાયોટનો ગુનો નોંધી આરોપીઓને ઝડપી લેવા શોધખોળ શરૂ કરી

# દેરડી કુંભાજીમાં ધો.૧૨ની વિદ્યાર્થિનીએ ગળાફાંસો ખાઈ જીવનનો અંત આણ્યો

## ૧૭ વર્ષીય મિતલે પરીક્ષા આપ્યા બાદ ડિપ્રેશનમાં પગલું ભર્યું

**અબતક રાજકોટ**

ગોંડલ તાલુકાના દેરડી કુંભાજી ગામમાં ધોરણ ૧૨માં અભ્યાસ કરતી ૧૭ વર્ષીય સગીરાએ અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. બોર્ડની પરીક્ષા પૂર્ણ થયા બાદ વિદ્યાર્થિની ડિપ્રેશનમાં રહેતી હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. આ બનાવને પગલે નાના એવા ગામમાં અને મજૂરી કામ કરતા પરિવારમાં અરેટાટી વ્યાપી ગઈ છે.

પ્રાપ્ત વિગતો મુજબ, દેરડી કુંભાજીમાં રહેતા કનુભાઈ ચાવડાની ૧૭ વર્ષીય પુત્રી મિતલ કનુભાઈ ચાવડાએ ગઈકાલે પોતાના ઘરે કોઈ ન હતું ત્યારે રૂમમાં પંખા સાથે સાડી બાંધી ગળાફાંસો ખાઈ લીધો હતો. પરિવારના સભ્યોને જાણ થતા જ તાત્કાલિક ૧૦૮ મારફતે તેને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. ઘટનાની જાણ સુલતાનપુર પોલીસને કરવામાં આવતા હેડ કોન્સ્ટેબલ જયસુખભાઈ અને તેમની ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી ગયા હતા. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં જાણવા મળ્યું છે કે મિતલ ભણવામાં ખૂબ જ તેજસ્વી હતી. તાજેતરમાં જ તેણે ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષા આપી હતી અને તેના પેપર પણ ખૂબ જ સારા ગયા હતા. જોકે, પરીક્ષા આપ્યા બાદ તે સતત માનસિક તણાવ (ડિપ્રેશન) માં રહેતી હતી. આગળના અભ્યાસ અને કરિયરની ચિંતામાં તેણે આ આત્મઘાતી પગલું ભર્યું હોવાનું અનુમાન સેવાઈ રહ્યું છે. સુલતાનપુર પોલીસે મૃતદેહનો કબજો સંભાળી સૌપ્રથમ ગોંડલ સરકારી હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો, જ્યાંથી વધુ તપાસ અર્થે ફોરેન્સિક પીએમ માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ મોકલી આપવામાં આવ્યો હતો.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક મિતલના પિતા ખેત મજૂરી કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા, પોતે બે બહેન એક ભાઈમાં મોટી હતી. બનાવને લઈ પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. આ મામલે પોલીસે આપઘાતનું સચોટ કારણ જાણવા માટે વધુ તપાસ હાથ ધરી છે.

# કેન્દ્રીય મંત્રી ડો. મનસુખ માંડવિયા કાલથી બે દિવસ બનશે રાજકોટના મહેમાન

## રાજકોટમાં યુવા સવાદ ઉપલેટામાં કાર્યકર્તાઓને મળશે

**અબતક, રાજકોટ**

પોરબંદર લોકસભાના સાંસદ શ્રમ અને રોજગાર તથા યુવા બાબતો અને રમત ગમત મંત્રી ડો. મનસુખ માંડવિયા કાલે તાઃ ૨૮ અને ૨૯ માર્ચ, ૨૦૨૬ના રોજ રાજકોટ જિલ્લાના વિવિધ વિસ્તારોના પ્રવાસે કરશે છે. આ બે દિવસીય પ્રવાસ દરમિયાન તેઓ રાજકોટ શહેર, ઉપલેટા વિવિધ લોકાર્પણ, સામાજિક સેવા અને જનસંપર્કના કાર્યક્રમોમાં ઉપસ્થિત રહી જનતા તથા કાર્યકર્તાઓ સાથે સંવાદ કરશે.



તાઃ ૨૮ માર્ચ, શનિવારના રોજ આર. કે. યુનિવર્સિટી ખાતે 'યુવા સંવાદ' થી થશે. બાદ મહાનગરપાલિકા ખાતે વિવિધ વિકાસકાર્યોના લોકાર્પણનો કાર્યક્રમ યોજાશે. ત્યારબાદ સરદાર પટેલ વિદ્યામંદિર ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાના અનાવરણ સમારોહમાં હાજરી આપશે ત્યારબાદ મેઘાણી રંગભવન ખાતે આયોજિત કાર્યક્રમમાં વરિષ્ઠ નાગરિકોને જીવન સહાયક ઉપકરણોનું વિતરણ કરશે.

પ્રવાસના બીજા દિવસે ૨૯ માર્ચ, રવિવારના રોજ ઉપલેટા સ્થિત ગોરસ કાર્યાલય ખાતે કાર્યકર્તાઓ સાથે મુલાકાત કરી માર્ગદર્શન આપશે. ડો. મનસુખભાઈ માડવીયાના બે દિના રાજકોટ જીલ્લાના કાર્યક્રમોને લઈ ભાજપ પરિવારમાં ભારે ઉત્સાહ પ્રવર્તી રહ્યો છે.

# દરેક ખેડૂત પોતાની જમીનના ચોથા ભાગમાં પ્રાયોગિક ધોરણે પ્રાકૃતિક ખેતી શરૂ કરેઃ રાજયપાલ

## બાયસેગના માધ્યમથી રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ રાજયભરના ખેડૂતો, કિસાન મિત્રો અને કૃષિ સખીઓ સાથે કર્યો વર્ચ્યુઅલ સંવાદ





**અબતક, રાજકોટ**

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ ગાંધીનગરના લોકભવન ખાતેથી બાયસેગ ના માધ્યમ દ્વારા રાજ્યભરના ખેડૂતો, કિસાન મિત્રો અને કૃષિ સખીઓ સાથે વર્ચ્યુઅલ સંવાદ સાધ્યો હતો. આ તકે તેમણે પ્રાકૃતિક ખેતીને આવનારી પેઢી અને માનવતાની સેવાનું એક પવિત્ર કાર્ય ગણાવ્યું હતું. તેમણે રાજ્યના કૃષિ અધિકારીઓ અને માસ્ટર ટ્રેનર્સને આ મિશનમાં સમર્પણભાવથી જોડાઈને ગામડે-ગામડે જઈ ખેડૂતોને જાગૃત કરવા અપીલ કરી હતી.સંવાદ દરમિયાન આચાર્ય દેવવ્રતજીએ જૈવિક અને પ્રાકૃતિક ખેતી વચ્ચેનો વૈજ્ઞાનિક ભેદ સ્પષ્ટ કરતા જણાવ્યું હતું કે, જૈવિક ખેતીમાં ખર્ચ અને મહેનત વધુ હોવાથી ખેડૂતો તેનાથી દૂર ભાગે છે, જ્યારે પ્રાકૃતિક ખેતી તદ્દન અલગ અને શૂન્ય ખર્ચની પદ્ધતિ છે. આ ખેતીમાં બહારથી કોઈ મોંઘા ખાતર કે દવા ખરીદવાની જરૂર રહેતી નથી, માત્ર એક દેશી ગાય દ્વારા તૈયાર થતું જીવામૃત અબજો સૂક્ષ્મ જીવાણુઓ પેદા કરી જમીનના ખનીજોને છોડના ખોરાકમાં ફેરવવામાં મદદરૂપ થાય છે.રાસાયણિક ખેતીના ગંભીર દુષ્પરિણામો અંગે ચિંતા વ્યક્ત કરતા તેમણે જણાવ્યું હતું કે, કેમિકલયુક્ત ખેતીના કારણે કેન્સર, ડાયાબિટીસ અને હાર્ટ એટેક જેવી બીમારીઓનું પ્રમાણ વધ્યું છે. રાસાયણિક ખાતરોને લીધે જમીનનો ઓર્ગેનિક કાર્બન ઘટીને ૦.૫% થી નીચે જતો રહ્યો છે, જેનાથી જમીન કઠણ બની ગઈ છે અને તે વરસાદી પાણી શોષવાની ક્ષમતા ગુમાવી રહી છે. આ પરિસ્થિતિ પૂર અને દુષ્કાળ જેવી કુદરતી આપત્તિઓને આમંત્રણ આપે છે.

અંતમાં તેમણે દરેક ખેડૂતને પોતાની કુલ જમીનના ચોથા ભાગમાં પ્રાયોગિક ધોરણે પ્રાકૃતિક ખેતી શરૂ કરવા આહવાન કર્યું હતું. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના 'રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ મિશન' ને સફળ બનાવવા માટે દરેક ગામમાં ઓછામાં ઓછા ૭૫ પ્રાકૃતિક ખેડૂતો તૈયાર કરવા પર ભાર મૂક્યો હતો. આ કાર્યક્રમમાં કૃષિ વિભાગના ઉચ્ચ અધિકારીઓ નિતિન સાંગવાન, એસ. કે. જોશી, અનિલ પટેલ અને એચ. એમ. ચાવડા પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

# બીમારીથી કંટાળી મહિલાએ તળાવમાં પડતું મુકી જીવન ટૂંકાવ્યું

## લાંબા સમયથી ચામડીના રોગની પીડાથી પરિણીતાએ અંતિમ પગલું ભર્યું, પરિવારમાં શોક છવાયો

**અબતક રાજકોટ**

શહેરના રૈયા ગામ પાસે આવેલા પરશુરામ મંદિર નજીકના તળાવમાં પડતું મૂકી મહિલાએ આત્મહત્યા કરી લેતા પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે. મૃતક મહિલા સવારે પતિ સાથે હસતા મુખે કામ પર નીકળ્યા બાદ બપોરે તેમનો મૃતદેહ તળાવમાંથી મળી આવતા ચકચાર મચી ગઈ છે.પ્રાપ્ત વિગતો મુજબ, ગુરુવારે બપોરે ૨ વાગ્યાની આસપાસ પરશુરામ મંદિર નજીક આવેલી એક વાડીના માલિકે તળાવમાં એક મૃતદેહ તરતો જોયો હતો. તેમણે તુરંત ઈમરજન્સી નંબર ૧૧૨ પર જાણ કરતા યુનિવર્સિટી પોલીસ અને ફાયર બ્રિગેડનો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો. ફાયર વિભાગે ભારે જહેમત બાદ મૃતદેહને બહાર કાઢી પીએમ અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડ્યો હતો. પોલીસ તપાસમાં ખુલ્યું હતું કે મૃતક મહિલાનું નામ જીજ્ઞાબેન આકાશભાઈ શુકલા (ઉં.વ. ૪૦) છે, જેઓ નાણાવટી ચોક પાસે ટાઈટેનિયમ બિલ્ડિંગમાં રહેતા હતા.

જીજ્ઞાબેન અને તેમના પતિ આકાશભાઈ બંને ખાનગી નોકરી કરે છે. રોજની જેમ ગુરુવારે સવારે ૧૦:૩૦ વાગ્યે બંને સાથે જ ઘરેથી નોકરી માટે નીકળ્યા હતા. જોકે, કામ પર જવાને બદલે જીજ્ઞાબેન તળાવે પહોંચ્યા હતા અને આ આત્મઘાતી પગલું ભર્યું હતું.પરિવારજનોના જણાવ્યા અનુસાર, જીજ્ઞાબેન લાંબા સમયથી ચામડીના રોગથી પીડાતા હતા. અનેક સારવાર છતાં આ બીમારીમાં રાહત ન મળતા તેઓ સતત માનસિક તણાવ અને ચિંતામાં રહેતા હતા. આ બીમારીની પીડા સહન ન થતા તેમણે મોતને વહાલું કર્યું હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાઈ રહ્યું છે.જીજ્ઞાબેનના આકસ્મિક મોતથી તેમના ૯ વર્ષના સંતાને માતાની છત્રછાયા ગુમાવી છે. બનાવને લઈ પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. યુનિવર્સિટી પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પ્રદેશ ભાજપ દ્વારા ૭ સહ પ્રવક્તાઓની કરાય નિમણુંક

## સાંસદ ધવલ પટેલ ઉપરાંત અશ્વિન બેન્કર, જયરાજસિંહ પરમાર, ઘનશ્યામ ગઢવી, મનજી આહિર, હેમાલી બોઘાવાલા અને શ્વેતા બ્રહ્મભટ્ટને પ્રવક્તા બનાવાયાઃ ઝુબીન આશરા અને કલ્પ પટેલની પ્રદેશ મીડિયા સહ ઈન્ચાર્જ તરીકે નિયુક્તી

**અબતક, રાજકોટ**

સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીની તારીખ હવે ગમે ત્યારે જાહેર થઈ જાય તેવી સંભાવના દેખાઈ રહી છે. સત્તાધારી પક્ષ ભાજપ દ્વારા સંગઠનમાં ધડાધડ નિમણુંકો કરવામાં આવી રહી છે. પાર્લામેન્ટરી બોર્ડના સભ્યોના નામ બે દિવસ પહેલા જાહેર કરાયા બાદ આજે પ્રદેશના સહ પ્રવક્તાના નામ જાહેર કરવામાં આવ્યા છે. જ્યારે બે સહ મીડિયા ઈન્ચાર્જની પણ નિમણુંક કરી દેવામાં આવી છે.

આજે પ્રદેશ ભાજપ અધ્યક્ષ દ્વારા પ્રદેશના સાત સહ પ્રવક્તાના નામોની વિધિવત ઘોષણા કરવામાં આવી છે. જેમાં વલસાડના સાંસદ ધવલભાઈ પટેલ, કર્ણાવતીના અશ્વિન બેન્કર, મહેસાણાના જયરાજસિંહ પરમાર, અમદાવાદ જિલ્લાના ઘનશ્યામભાઈ ગઢવી, કચ્છના મનજીભાઈ





આહિર, સુરતના પૂર્વ મેયર હેમાલીબેન બોઘાવાલા અને કર્ણાવતીના શ્વેતાબેન બ્રહ્મભટ્ટને સહ પ્રવક્તા બનાવવામાં આવ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે પ્રદેશ પ્રવક્તા તરીકે ડો.અનિલ પટેલ સેવા આપી રહ્યા છે. આ ઉપરાંત આજે બે પ્રદેશ મીડિયા સહ ઈન્ચાર્જની પણ ઘોષણા કરવામાં આવી છે. જેમાં કર્ણાવતીના ઝુબીનભાઈ આશરા અને ગાંધીનગર શહેરના કલ્પ પટેલને જવાબદારી સોંપવામાં આવી છે. આ સહ પ્રવક્તાઓએ પક્ષના મહત્વપૂર્ણ બ્રીફીંગ અંગે મીડિયા સમક્ષ નિવેદન આપવાનું હોય છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની તારીખ જાહેર થતાની સાથે જ આવતા સપ્તાહે પક્ષ દ્વારા ઉમેદવારોની પસંદગી કરવા માટે સેન્સ પ્રક્રિયાની કાર્યવાહી માટે પ્રદેશ નિરિક્ષકોના નામની પણ જાહેરાત કરી દેવામાં આવશે તેવી શકયતા હાલ દેખાઈ રહી છે.

# કેન્દ્ર સરકારે કોમર્શિયલ એલપીજીના ક્વોટામાં ૨૦ ટકાનો વધારો કર્યો

## કોમર્શિયલ એલપીજીની ફાળવણી પ્રી-ક્રાઈસીસ લેવલના ૫૦% સુધી મર્યાદિત હતી જે હવે ૭૦ ટકા પહોંચી: ઉદ્યોગોને રાહત આપવા મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો

**અબતક, રાજકોટ**

દેશના ઔદ્યોગિક વિકાસને વેગ આપવા અને ઉત્પાદન ક્ષેત્રે પડતી મુશ્કેલીઓને દૂર કરવા માટે ભારત સરકારે એક મહત્વનો અને નિર્ણાયક પગલું લીધું છે. કેન્દ્રીય પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ જાહેરાત કરી છે કે, સરકારે રાજ્યો માટે કોમર્શિયલ એલપીજીના ક્વોટામાં મોટો વધારો કરીને તેને ૭૦% સુધી પહોંચાડી દીધો છે.

પેટ્રોલિયમ મંત્રાલયના સચિવ ડો. નીરજ મિત્તલે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવોને પત્ર લખીને આ અંગે જાણકારી આપી છે. અગાઉ કોમર્શિયલ એલપીજીની ફાળવણી પ્રી-ક્રાઈસીસ લેવલના ૫૦% સુધી મર્યાદિત હતી. જેમાં હવે ૨૦% નો વધારો કરવામાં આવ્યો છે. આ સાથે જ કુલ ફાળવણી હવે ૭૦% થઈ ગઈ છે. આ નિર્ણયનો મુખ્ય હેતુ મિડલ ઈસ્ટ સંકટ અથવા અન્ય કારણોસર ઉદ્ભવેલી ગેસની તંગીમાં ઉદ્યોગોને રાહત આપવાનો છે.

ડો. નીરજ મિત્તલે પોતાના પત્રમાં રાજ્યોને ૧૦% રિફોર્મ-બેઝ્ડ (સુધારા આધારિત) એલોકેશનનો તાત્કાલિક લાભ આપવા માટે પણ આગ્રહ કર્યો છે. જે રાજ્યોએ પીએનજી (પાઈપ્ડ નેચરલ ગેસ) ને પ્રોત્સાહન આપવા માટે જરૂરી સુધારા કર્યા છે, તેમને આ વધારાનો લાભ મળશે. આ પગલાથી ઔદ્યોગિક કામગીરીમાં આવતા અવરોધો દૂર થશે અને આર્થિક ગતિવિધિઓ તેજ બનશે.

### ક્યા ઉદ્યોગોને મળશે પ્રાથમિકતા?

સરકારે આ વધારાના ૨૦% ક્વોટા માટે કેટલીક શરતો અને પ્રાથમિકતાઓ નક્કી કરી છે. લેબર-ઈન્ટેન્સિવ સેક્ટર જેવા કે સ્ટીલ, ઓટોમોબાઈલ, ટેક્સટાઈલ, ડાઈંગ, કેમિકલ્સ અને પ્લાસ્ટિક જેવા ઉદ્યોગોને આ ફાળવણીમાં પ્રાધાન્ય આપવામાં આવશે. ઉપરાંત સ્પેશિયલાઈઝ્ડ હીટિંગ એવા ઉદ્યોગો કે જેમને ખાસ હીટિંગ પ્રક્રિયા માટે એલપીજીની અનિવાર્ય જરૂરિયાત છે અને જ્યાં નેચરલ ગેસ વિકલ્પ તરીકે વાપરી શકાતો નથી, તેમને પ્રથમ પસંદગી મળશે. આ નિર્ણયથી શ્રમ-સઘન ઉદ્યોગોને વેગ મળશે, જેનાથી રોજગારીની તકો સુરક્ષિત થશે.

# કોટડાસાંગાણીમાં મોટરસાયકલના હુકમાં લટકાવેલો રૂ. ૯૮ હજારની રોકડ ભરેલો થેલો ચોરાયો

## સીસીટીવી ફૂટેજમાં સગીર તસ્કર નોટરીનો થેલો ઉઠાવી ગયાનું ધ્યાને આવ્યું : ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

કોટડાસાંગાણીમાં મોટરસાયકલના હુકમાં રૂ. ૯૮ હજારની રોકડ ભરેલો થેલો લટકાવી ઘરમાં જતાં જ નોટરીનો રોકડ ભરેલો થેલો ગણતરીની મિનિટોમાં ચોરાઈ ગયો હતો. ઘર બહારથી જ રોકડ ભરેલો થેલો ઉઠાવી જવા મામલે નોટરીએ સીસીટીવી ચકાસતા સગીર તસ્કર કળા કરી ગયાનું ધ્યાને આવતા કોટડાસાંગાણી પોલિસ મથકે સગીર તસ્કર વિરુદ્ધ ગુનો નોંધાયો હતો.

મામલામાં કોટડાસાંગાણીની જૂની પોસ્ટ ઓફિસ નજીક રહેતા ૪૮ વર્ષીય પ્રૌઢ કાદીરબક્ષ જાનમહોમ્મદભાઈ બ્લોચએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, હું ગોંડલ જુની કોર્ટના ઝાપા પાસે મારૂતી ઝેરોક્ષ નામની નોટરી તથા ઝેરોક્ષની દુકાન ચલાવવુ છુ. જેમા ઝેરોક્ષ તથા નોટરીનુ કામ કરૂ છુ. મારે બે પત્નીઓ છે. જેમા પહેલા પત્ની સબાનાબેન બ્લોચ જે કોટડાસાંગાણી જુની પોસ્ટ ઓફીસ પાસે આવેલ મારા ઘરે અમારા ત્રણ સંતાનો સાથે રહે છે અને બીજી પત્ની ઝાહિદાબેન બ્લોચ જે ગોંડલ મોવિયા રોડ પર વિનાયક પાર્ક ખાતે આવેલ મારા અન્ય મકાનમા એક દિકરા આમીર સાથે રહે છે.

નોટરીએ જણાવ્યું હતું કે, ગત તા.૨૬-૦૩-૨૦૨૬ ના રોજ સવારના આશરે અગ્યાર વાગ્યે હુ મારા ઘર વખરીના સામાનની ખરીદી કરી કોટડા ગામની બજારમાથી ઘરે પરત આવેલ હતો. ત્યારે મે મારા હોન્ડા સાઈન મોટરસાયકલ જેના રજી નં. જીજે-૦૩-એનઈ-૮૧૯૨ ઘરની બહાર પાર્ક કરી ઘરમાં અંદર જતો રહેલ હતો. ત્યારે મારો કોફી કલરનુ્ક લેધરનો થેલો જેમા મારા જરૂરી કાગળો તથા ૯૮ હજાર રોકડા હતા તેં થેલો મે મારા મોટરસાઈકલના ડાબી બાજુના લોખંડના હુકમા લટકાડેલ હતો. આશરે પંદર-વિશ મિનીટ બાદ હુ મારા ઘરની બહાર આવી મારૂ મોટરસાઈકલ જોતા થેલો મળી આવેલ ન હતો. જેથી મેં મારા પત્ની સબાનાબેનને થેલા બાબતે પૂછતાં તેને આ બાબતે કંઈ ખબર નહિ હોવાનું જણાવ્યું હતું.

જેથી ફરિયાદીએ તેમના ઘરની બાજુમા આવેલ કંદોઈની દુકાનના સી.સી.ટી.વી કેમેરા ચેક કરતા એક સોળ-સત્તર વર્ષનો છોકરો જેણે કાળા કલરનો શર્ટ તથા બ્લુ કલરનું જીન્સ પેન્ટ પહેરેલ હતું તેં સગીર મારા મોટરસાઈકલમા રાખેલ થેલો ચોરી કરી ગયાનું જોવા મળ્યું હતું. જે બાદ સગીરની તપાસ કરતા તેની ઓળખ થઈ જતાં નોટરીએ કોટડાસાંગાણી પોલિસ મથકે સીસીટીવી ફૂટેજ સાથે દોડી જઈ સગીર તસ્કર વિરુદ્ધ નામજોગ રૂ.૯૮ હજારની રોકડ ભરેલા થેલાની ચોરી અંગે ફરિયાદ નોંધાવી હતી. મામલામાં પોલિસેં સગીરને પકડી રોકડ ભરેલો થેલો રિકવર કરવા તજવીજ હાથ ધરી છે.

# લોધિકા અને શાપર ગામે જુગારના દરોડા

## રૂ.૧૭ હજારની રોકડ સાથે ,બે મહિલા સહિત ૧૨ પત્તા પ્રેમી ઝડપાયા

**અબતક રાજકોટ**

રાજકોટ જિલ્લામાં બે સ્થળે જુગારના દરોડા પાડવામાં આવ્યા છે ,જેમાં લોધીકાના રાવકી ગામે અને શાપર વેરાવળમાં બુદ્ધનગરમાં પોલીસે જુગારના દરોડા પાડી ,જુગાર રમતી બે મહિલા સહિત ૧૨ પત્તાપ્રેમીને ઝડપી લઇ, જુગારના પટમાંથી રૂ.૧૭ હજારની રોકડ કબ્જે કરી છે.

પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ,લોધીકા પોલીસની ટીમ રાવકી ગામ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે,રાવકી માખાવડ રોડ પર પટેલ પાનની દુકાન પાછળ આવેલા ટેકનોકાસ્ટિંગ કારખાના વળી શેરીમાં અમુક શખ્સો જાહેરમાં જુગાર રમી રહયા છે. લોધિકા પોલીસ જુગારનો દરોડો પાડી,જુગાર રમતો સુધીરકુમાર અરવિંદકુમાર વર્મા, સમસાદ સુલેમાનભાઈ અન્સારી, હફીઝ અહમદ અનૂર અલી ખાન, રિતેશકુમાર સત્યન્દ્રભાઈ શાહ સરફરાજ સાબર અલી અંસારી, મનોજ દયારામ ચૌહાણ અને અમિત જગમલભાઈ બાબરીયા નામના શખ્સોને ઝડપી લઇ, જુગાર ના પટમાંથી રૂ. ૧૩.૮૦૦ની રોકડ કબ્જે કરી છે. જ્યારે જુગારનો બીજો દરોડો શાપર પોલીસે વેરાવળમાં આવેલા બુદ્ધનગરમાં પાડી જુગાર રમતો યશપાલ પ્રતાપભાઈ ચાવડા, વિજય બાવનજીભાઈ વાઢેર ,કમલેશ દલપતભાઈ શેખવા ,શોભનાબેન સંજયભાઈ મેવાડા અને રસીલાબેન રમણીકભાઈ પરમાર નામના પત્તા પ્રેમીઓને ઝડપી લઇ, જુગારના પટ્ટ રૂ.૩.૩૬૦ ની રોકડ કબ્જે કરી છે.

# પ્રોજેક્ટ 'લાઈફ' દ્વારા રવિવારે 'સ્વસ્થ મહિલા, સ્વસ્થ સમાજ' વિષયે સેમિનાર

**અબતક, રાજકોટ**

લાઈફ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર, પ્રોજેક્ટ 'લાઈફ, રેસકોર્સ રીંગ રોડ, રાજકોટ દ્વારા આયોજિત આરોગ્યલક્ષી પ્રવચન શ્રેણી 'શું કરીએ તો સદાય સાજા રહીએ' અંતર્ગત ૩૩૩માં પ્રવચનનું આગામી રવિવાર, ૨૯ માર્ચ ૨૦૨૬ સવારે ૧૦.૦૦ થી ૧૧.૦૦ સુધી આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ડો.હેતલ મોઢા, એમ.ડી. દ્વારા 'સ્વસ્થ મહિલા, સ્વસ્થ સમાજ' પર મહત્વની માહિતી આપવામાં આવશે.

ઉપરોકત બાબતમાં ઊંડાણપૂર્વક માહિતી મેળવવા માટે ડિજીટલી પ્રસારિત થનાર આ ટોક આપના માટે ખૂબ જ ઉપયોગી બની શકે છે તો અચૂક લાભ લેવા વિનંતી. વધુ માહિતી માટે મોબાઈલ નંબર ૮૫ ૧૧ ૩૩ ૧૧ ૩૩ પર સંપર્ક કરવા જણાવાયું છે.

## (પહેલા પાનાનું ચાલું)

### સેન્સેક્સ...

એમસીએક્સ પર આજે ચાંદીના ભાવમાં રૂ. ૬૮૦૦ અને સોનાના ભાવમાં રૂ.. ૨૪૦૦ નો ઉછાળો જોવા મળ્યો હતો. ડોલર સામે રૂપિયો ૭૮ પૈસા તુટયો હતો.

આ લખાય રહ્યું છે ત્યારે સેન્સેકસ ૧૪૬૮ પોઈન્ટના ઘટાડા સાથે ૭૩૮૦૫, નીફટી ૪૨૧ પોઈન્ટના ઘટાડા સાથે ૨૨૮૮૫ પોઈન્ટ પર કામકાજ કરી રહ્યા છે. ડોલર સામે રૂપિયો ૭૮ પૈસાના ઘટાડા સાથે ૯૪.૭૫ પર ટ્રેક કરી રહ્યા છે.

### ઈરાની ઈંધણ...

પસાર થઈ રહ્યા છે. તાજેતરના દિવસોમાં આ ગતિવિધિઓમાં પણ વધારો જોવા મળ્યો છે. બીજી તરફ યુદ્ધગ્રસ્ત ઈરાને હોર્મુઝ મારફતે હુમલાખોર દેશો તરફ જતા જહાજોને રોકી દીધા છે.

વૈશ્વિક બ્રેન્ટ બેન્ચમાર્કની સરખામણીમાં ઈરાનના ક્રૂડની સ્થિતિ વધુ મજબૂત બની છે. આ સપ્તાહની શરૂઆતમાં તેના ડિસ્કાઉન્ટમાં ઘટાડો થઈને પ્રતિ બેરલ ૨.૧૦ ડોલરની આસપાસ આવી ગયું છે, જે છેલ્લા એક વર્ષમાં સૌથી ચુસ્ત સ્તર છે. ઉલ્લેખનીય છે કે, બંને દેશો વચ્ચે યુદ્ધની શરૂઆત પહેલા આ અંતર પ્રતિ બેરલ ૧૦ ડોલરથી વધુ હતું.

જ્યારે ઈરાક અને કુવૈત જેવા દેશોને તેમના ઓઈલ ઉત્પાદનમાં ભારે ઘટાડો કરવાની ફરજ પડી છે અને યુએઈ તથા સાઉદી અરેબિયા વૈકલ્પિક નિકાસ માર્ગો શોધવાના પ્રયાસો કરી રહ્યા છે, ત્યારે ઈરાને પર્શિયન ગલ્ફમાંથી ક્રૂડની શિપિંગ અવિરત ચાલુ રાખી છે. ૧ થી ૨૩ માર્ચ વચ્ચે ઈરાને સરેરાશ ૧.૬ મિલિયન બેરલ પ્રતિદિન નિકાસ કરી છે. આ પહેલા ફેબ્રુઆરી મહિનામાં પણ ઈરાને જુલાઈ ૨૦૧૮ પછીની સૌથી વધુ શિપમેન્ટ નોંધાવી હતી.

ઈરાનના મુખ્ય નિકાસ હબ ખાર્ગ આઈલેન્ડ પરની ઓઈલ સુવિધાઓ અમેરિકાના હુમલાઓથી અત્યાર સુધી બચી જવા પામી છે. અમેરિકન હુમલાઓમાં માત્ર સૈન્ય મથકોને જ નિશાન બનાવવામાં આવ્યા છે, જોકે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે યુદ્ધના શરૂઆતના દિવસોમાં આ આઈલેન્ડ પર હુમલો કરવાનો સ્પષ્ટ સંકેત આપ્યો હતો. ઈરાને પણ અમેરિકા અને ઈઝરાયેલને ચેતવણી આપી દીધી છે કે જો તેના ઉર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નિશાન બનાવવામાં આવશે તો હોર્મુઝની સામુદ્રધુનીને ''સંપૂર્ણપણે બંધ'' કરી દેવામાં આવશે.

દરમિયાન, ડોનાલ્ડ ટ્રમ્પે ૬ એપ્રિલ સુધી ઈરાનના ઉર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પરના હુમલાઓ અટકાવી દીધા છે અને કહ્યું છે કે બંને દેશો વચ્ચે વાટાઘાટો ચાલી રહી છે. તેમણે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ''ઈરાન સરકારની વિનંતી મુજબ, હું એનર્જી પ્લાન્ટના વિનાશનો સમયગાળો ૧૦ દિવસ માટે એટલે કે સોમવાર, ૬ એપ્રિલ, ૨૦૨૬ ના રોજ રાત્રે ૮ વાગ્યા સુધી રોકી રહ્યો છું.''

### હોર્મુઝ ટોલબુથ...

જેના કારણે એશિયન દેશોમાં ઓઈલની અછત સર્જાઈ છે અને વૈશ્વિક સ્તરે ભાવ આસમાને પહોંચ્યા છે. ૧ માર્ચથી અત્યાર સુધીમાં માત્ર ૧૫૦ જેટલા જહાજો જ અહીંથી પસાર થઈ શક્યા છે. સુરક્ષાના જોખમને કારણે, પસાર થતા લગભગ અડધા જહાજો તેમની રેડિયો આઈડેન્ટિફિકેશન (લોકેશન ટ્રેકિંગ) સિસ્ટમ બંધ રાખે છે. સંયુકત રાષ્ટ્રની સંસ્થાના જણાવ્યા અનુસાર, અત્યાર સુધીમાં ૧૮ જહાજો પર હુમલા થયા છે અને ૭ ક્રૂ મેમ્બર્સના મોત નિપજ્યા છે. જોકે, ઈરાને આઈએમઓને પત્ર લખીને બચાવ કર્યો છે કે તેણે આંતરરાષ્ટ્રીય કાયદાના સિદ્ધાંતો હેઠળ 'દરિયાઈ સલામતી અને સુરક્ષા' જાળવવા માટે જ આ પગલાં લીધા છે.

### અકસ્માત...

કાર્યક્રમમાંથી પરત ફરી રહેલી બસ અને પિક-અપ વાહન વચ્ચે થયેલી અથડામણમાં ૧૦ લોકોના મોત થયા છે અને ૨૦થી વધુ લોકો ઘાયલ થયા છે, તેમ એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. આ ઘટના જિલ્લા મથકથી લગભગ ૨૫ કિલોમીટર દૂર નાગપુર રોડ પર સિમરિયા પાસે બની હતી. આ અકસ્માતમાં છ પુરુષો, ત્રણ મહિલાઓ અને એક બાળકનું મોત થયું છે. કોતવાલી સ્ટેશન હાઉસ ઓફિસર આશિષ કુમારે ઉમેર્યું હતું કે, અકસ્માત સમયે બસમાં ૪૦થી વધુ મુસાફરો સવાર હતા. ઘાયલોને એમ્બ્યુલન્સ અને અન્ય વાહનો દ્વારા જિલ્લા હોસ્પિટલ અને નજીકની અન્ય તબીબી સુવિધાઓમાં લઈ જવામાં આવ્યા છે.

### પેટ્રોલ-ડીઝલમાં રાહત...

દ્વારા આજે બહુ મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. પેટ્રોલ અને ડીઝલ પરની સ્પેશિયલ એડિશનલ એકસાઈઝ ડ્યુટીમાં ઘટાડો કરવામાં આવ્યો છે. હાલ પેટ્રોલ પર પ્રતિ લીટર રૂ. ૧૩ એકસાઈઝ ડ્યુટી વસુલવામાઃ આવે છે. જેમાં રૂ. ૧૦ નો ઘટાડો કરી રૂ. ૩ કરવામાં આવી છે. જયારે ડીઝલ પર પ્રતિ લીટર હાલ વસુલવામાં આવતી રૂ. ૧૦ એકસાઈઝ ડ્યુટી શુન્ય કરી દેવામાં આવી છે.

આ નિર્ણયથી ઓઈલ કંપનીઓને મોટો ફાયદો થશે ખોટમાં ઘટાડો થશે બીજી તરફ આંતર રાષ્ટ્રીય બજારમાં ક્રુડ બેરલના ભાવમાં વધારો થઈ રહ્યો હોવા છતાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં કોઈ જ પ્રકારોનો વધારો થશે. નહી ખાનગી ઓઈલ કંપની નયારા દ્વારા ગઈકાલે પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં વધારો કરી દેવામાં આવ્યો છે. હવે કેન્દ્ર સરકારે એકસાઈઝ ડ્યુટીમાં ઘટાડો કરતા બની શકે કે, કંપની દ્વારા ભાવ વધારો પાછો ખેંચી શકાય.

### અમેરિકા રાષ્ટ્રપતિની સહી...

કરવાની યોજના રાષ્ટ્રના ૨૫૦મા સ્વાતંત્ર્ય દિવસના સન્માનમાં છે. આ નોટો પર ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેન્ટની સહી પણ જોવા મળશે. સ્કોટ બેસેન્ટના મતે, ડોનાલ્ડ ટ્રમ્પના નામવાળી ડોલરની નોટોથી દેશની ઐતિહાસિક સિદ્ધિઓને ઓળખવાનો આનાથી વધુ શક્તિશાળી બીજો કોઈ રસ્તો નથી.

રટગર્સ ખાતેના સેન્ટર ફોર મોનેટરી એન્ડ ફાઈનાન્સિયલ હિસ્ટ્રીના ડિરેક્ટર માઈકલ બોર્ડોના જણાવ્યા મુજબ, આ પગલાથી રાજકીય વિરોધ ચોક્કસપણે થશે, પરંતુ કોઈ કાનૂની મર્યાદાઓ ઓળંગાઈ છે કે કેમ તે સ્પષ્ટ નથી. કારણ કે, વર્ષ ૧૮૬૨માં કોંગ્રેસે સિવિલ વોર દરમિયાન ટ્રેઝરી સેક્રેટરીને ચલણી નોટોની ડિઝાઈન અને પ્રિન્ટ કરવાની સત્તા આપી હતી, જેથી તેઓ સહી કોની રહેશે તે નક્કી કરવાનો અધિકાર ધરાવે છે.

ડેમોક્રેટ્સ દ્વારા આ નિર્ણયની આકરી ટીકા કરવામાં આવી રહી છે, કારણ કે આ જાહેરાત એવા સમયે થઈ છે જ્યારે અમેરિકનો મોંઘવારી અને તાજેતરમાં શરૂ થયેલા ઈરાન યુદ્ધના કારણે ઈંધણના વધતા ભાવોનો સામનો કરી રહ્યા છે. ડેમોક્રેટિક સાંસદ શોન્ટેલ બ્રાઉને એક્સ પર પોસ્ટ કરીને જણાવ્યું હતું કે ટ્રેઝરીની આ યોજના ઘૃણાસ્પદ અને અન-અમેરિકન છે. પરંતુ આનાથી ઓછામાં ઓછું એ યાદ રહેશે કે જ્યારે આપણે ગેસ અને કરિયાણા માટે વધુ ચૂકવણી કરીએ ત્યારે કોનો આભાર માનવો.

## (ચોથા પાનાનું ચાલુ)

### રેસકોર્સ ગ્રાઉન્ડ...

કીર્તન, હાસ્યરસ, મોટીવેશનલ સ્પીચ, રામધૂન અને સત્સંગ સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પવિત્ર મહોત્સવને સફળ બનાવવા માટે મુખ્ય મનોરથીઓ રાજુભાઈ પોબારૂ, મનિષભાઈ માદેકા, હિરેનભાઈ ખખ્ખર અને સુધીરભાઈ દુબલ સહિત સમગ્ર રાધે રાધે પરિવાર અને તથાસ્તુ વિદ્યાપીઠની ટીમ રાત-દિવસ જહેમત ઉઠાવી રહી છે.

ભાવિકોની સુવિધા માટે ગંગોત્રી ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા રાજકોટના વિવિધ વિસ્તારોમાંથી કથા સ્થળ સુધી પહોંચવા માટે વિનામૂલ્યે બસ સેવા પૂરી પાડવામાં આવશે. સ્પીડવેલ ચોક, સ્વામીનારાયણ ચોક, કુવાડવા રોડ ડી-માર્ટ, ભકિતનગર સર્કલ, આકાશવાણી ચોક, મવડી ચોકડી અને રેલનગર જેવા મુખ્ય વિસ્તારોમાંથી દરરોજ સાંજે ૭૦૦ વાગ્યે બસની સુવિધા ઉપલબ્ધ રહેશે. આ સેવાનો લાભ લઈને વધુમાં વધુ શ્રદ્ધાળુઓ કથા શ્રવણ માટે પહોંચે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

આવતીકાલે સાંજે સાત વાગ્યે સાધુ-સંતો અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય કરી આ જાજરમાન ભાગવત સપ્તાહનો શુભારંભ કરાશે. સમગ્ર આયોજન પાછળ પિતૃઓનો મોક્ષ અને લોકકલ્યાણનો ઉમદા હેતુ જોડાયેલો છે. આ દિવ્ય મહોત્સવમાં જોડાવા અને પવિત્ર ભાગવત કથાનો લાભ લઈ પુણ્યનું ભાથું બાંધવા માટે આયોજક પરિવાર દ્વારા તમામ ધર્મપ્રેમી જનતાને ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

### જીવ રક્ષા ફાઉન્ડેશન...

શરૂ કર્યું છે. અહીં દરરોજ અંદાજે ૧૫૦૦ લીટર શુદ્ધ અને ઠંડી છાશનું વિતરણ કરવામાં આવે છે. અમારો ઉદ્દેશ્ય માત્ર છાશ આપવાનો જ નહીં, પરંતુ લોકોને આ ગરમીમાં ઠંડક આપવાનો છે.''

આ આયોજનની ખાસ વિશેષતા એ છે કે, સંસ્થાના સ્વયંસેવકો રસ્તા પરથી પસાર થતા વાહન ચાલકો અને રિક્ષામાં બેઠેલા મુસાફરો પાસે રૂબરૂ જઈને તેમને પ્રેમપૂર્વક છાશ અર્પણ કરે છે. સેવાની સાથે સ્વચ્છતાનું પણ એટલું જ મહત્વ જાળવતા, સ્વયંસેવકો રોડ પર લોકો દ્વારા મૂકવામાં આવેલા ખાલી ગ્લાસ તુરંત ઉપાડી લે છેઅને વિસ્તારને સ્વચ્છ રાખે છે.

જીવ રક્ષા ફાઉન્ડેશનની આ કામગીરીને રાજકોટના નગરજનો બિરદાવી રહ્યા છે. ધોમધખતા તડકામાં રાહદારીઓ માટે આ છાશ કેન્દ્ર આશીર્વાદરૂપ સાબિત થઈ રહ્યું છે.

### ગોપીનાથ મોટર...

રહી છે. વિયેતનામમાં સ્થાપિત અને વિન ગ્રુપ દ્વારા સમર્થિત, કંપનીએ સંપૂર્ણપણે ઈલેકિટ્રક મોબિલિટી તરફ આગળ વધવાનો સાહસિક નિર્ણય લીધો છે. વિનફાસ્ટે ઝડપથી ઉત્તર અમેરિકા, યુરોપ અને એશિયા સહિતના આંતર રાષ્ટ્રીય બજારોમાં વિસ્તરણ કર્યુ. જે તેની વૈશ્વિક ઈવી બ્રાન્ડ બનવાની મહત્વાકાંક્ષા દર્શાવે છે.

વિનફાસ્ટ નવી પેઢીની ઓટોમોબાઈલ કંપનીઓનું પ્રતિનિધિત્વ કરે છે. જે ઈલેકિટ્રફિકેશન દ્વારા ઉદ્યોગને નવી દિશા આપી રહી છે. વિયેતનામમાં તેની શરુઆતથી લઈને ભારત અને વૈશ્વિક બજારોમાં તેની વધતી હાજરી સુધી કંપની સ્પષ્ટ દ્રષ્ટિ સાથે આગળ વધી રહી છે. એક સ્વચ્છ, હરિયાળો અને સંપૂર્ણપણે ઈલેકિટ્રક ભવિષ્ય તરફ વિશ્વને આગળ ધણાવવાનો!

ગોપીનાથ મોટરના મેનેજીંગ ડિરેકટર ગૌતમભાઈ પટેલ તથા ડિરેકટર પ્રજેશભાઈ પટેલએ રાજકોટ સૌરાષ્ટ્રની લકઝરીપ્રિય જનતાને શોરુમની મુલાકાત લેવા હાર્દિક નિમંત્રણ પાઠવેલ છે.

### લેકમે સલૂન...

ખાસ બ્રાઈડલ મેકઅપ અને પ્રી-બ્રાઈડલ ગ્રૂમિંગ સર્વિસ અહીં ઉપલબ્ધ છે. લેકમે સલૂનમાં સ્કીન ટ્રીટમેન્ટ, હેર કટ અને મેકઅપ જેવી તમામ સુવિધાઓ પર ગ્રાહકોને એક મહિના સુધી ૩૦ ટકા ડિસ્કાઉન્ટ આપવામાં આવશે. સ્કીન અને વાળની માવજત માટે અહીં લેટેસ્ટ ટેકનોલોજી અને ઈન્ટરનેશનલ પ્રોડક્ટ્સનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જેથી રાજકોટના ગ્રાહકોને સંતોષકારક રિઝલ્ટ મળી રહે.

અત્યાધુનિક લૂક અને ટ્રેન્ડ સેટિંગ સ્ટાઈલ માટે જાણીતી લેકમે બ્રાન્ડ હવે રાજકોટના હૃદય સમાન વિસ્તારમાં પોતાની સેવાઓનો પ્રારંભ કરી ચૂકી છે, જેનો લાભ લેવા સંચાલકો દ્વારા જાહેર જનતાને નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## (૧૨માં પાનાનું ચાલુ)

### ભારત-ઓસ્ટ્રેલિયા

જાન્યુઆરી ૨૦૨૭ની શરૂઆતમાં, ઝિમ્બાબ્વેની ટીમ કોલકાતા, હૈદરાબાદ અને મુંબઈમાં રમાનારી ત્રણ મેચની વન-ડે શ્રેણી માટે ભારતનો પ્રવાસ કરશે. ઝિમ્બાબ્વેની ટીમ દ્વિપક્ષીય સિરીઝ રમવા માટે વર્ષ ૨૦૦૨ બાદ પ્રથમ વખત ભારતનો પ્રવાસ ખેડશે. ઉલ્લેખનીય છે કે, દિલ્હીમાં ૧૩મી ડિસેમ્બરે શ્રીલંકા સામે પ્રથમ વન-ડે મેચ યોજાનાર છે. જોકે, દિલ્હીમાં છેલ્લા કેટલાક વર્ષોમાં ઠંડીની સિઝનમાં હવાનું પ્રદૂષણ ઘણું રહેતું હોય છે. વર્ષ ૨૦૧૭માં ભારત-શ્રીલંકા ટેસ્ટ દરમિયાન ખેલાડીઓને શ્વાસ લેવામાં મુશ્કેલી પડી હતી. આ ઉપરાંત ગત વર્ષે બીસીસીઆઈએ શરૂઆતમાં ઓક્ટોબરમાં કોલકાતામાં વેસ્ટ ઈન્ડીઝ સામે અને નવેમ્બરમાં દિલ્હીમાં સાઉથ આફ્રિકા સામે ટેસ્ટ મેચ રમાનાર હતી. પછી આ મેચોનું સ્થળ બદલી દેવાયું હતું જેથી દિલ્હીને મેચની યજમાની કરવાની તક મળે.

## (છેલ્લા પાનાનું ચાલુ)

### જીટીયુ કુલપતિ...

તો પણ ચાર સભ્યોની નિયુક્તિ કરવામાં અને સત્તાવાર કમિટીની જાહેરાત કર્યા બાદ સમગ્ર દેશમાં જાહેરાત આપીને ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવા સહિતની પ્રક્રિયામાં બેથી ત્રણ માસ જેટલો સમય પસાર થતો હોય છે. આમ, જીટીયુને ચાલુવર્ષે પણ નિર્ધારિત સમયમાં કુલપતિ મળશે કે કેમ તે એક પ્રશ્ન છે. સૂત્રો કહે છે કે, વર્તમાન કુલપતિને બીજા ટર્મ મળશે તેવી ચર્ચાઓ પણ શરૂ થઈ છે. જોકે, યુનિવર્સિટીના સૂત્રો કહે છે કે, વર્તમાન કુલપતિની ટર્મ પૂરી થઈ ત્યાં સુધી તેઓ યુનિવર્સિટીમાં કામ કરતાં તમામ કર્મચારી-અધિકારીઓને પણ ઓળખતાં નથી. વર્તમાન કુલપતિ એક અધિકારી તરીકેની વિશેષ છાપ ધરાવે છે. આ સ્થિતિમાં તેમને બીજી ટર્મ આપવામાં આવશે કે કેમ તે પ્રશ્ન છે.

### દૂધ ઉત્પાદક મંડળી...

પશુ હોય, તો તે રોજનું અંદાજે ૧૦૦ કિલો છાણ આપી શકે, જેનો અર્થ છે કે તેને મહિને રૂ. ૩૦૦૦ જેટલી વધારાની આવક માત્ર છાણમાંથી થશે. બાયો-સીએનજી વેચીને મંડળી રોજની લાખોની કમાણી કરી શકશે (જેમ કે બનાસ ડેરી રોજની ૩ લાખની આવક કરે છે). આ નફાનો હિસ્સો અંતે તો પશુપાલક સભાસદોને બોનસ સ્વરૂપે જ મળે છે.

### વસ્તી ગરીબી રેખા હેઠળ...

આપ્યું છે. રાજ્ય સરકારે ૬૩ સરકાર હસ્તકના જાહેર ક્ષેત્રના ઉપક્રમો માં રૂપિયા ૧.૨૪ લાખ કરોડનું રોકાણ કર્યુ. ૬૩ જાહેર ક્ષેત્રના એકમો માં રોકાણ ની સામે માત્ર ૬ એકમોએ વળતર આપ્યું. ઉધાર લીધેલા ૬.૫૩ ટકા ના ભંડોળ સામે માત્ર ૧.૭૫ ટકા વળતર મળ્યું, રોકાણ માં વધારો છતાં વળતર સામાન્ય રહ્યું હતું, બે દાયકા બાદ પણ સરકારી ખર્ચનો હિસાબ રજૂ ન થયો, કેગ દ્વારા સરકારી વિભાગો દ્વારા હિસાબ રજૂ ન થતા ગંભીર ટીકા કરવામાં આવી છે.

વર્ષ ૨૦૦૧-૦૨ થી વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન અપાયેલી રૂપિયા ૭,૪૩૧ કરોડનો હિસાબ રજૂ નથી કર્યો, સરકારના ૧૮ વિભાગો દ્વારા મળેલા અનુદાનો સંદર્ભે ૪,૨૫૮ વપરાશ ના પ્રમાણપત્રો રજૂ ન કરી ને મોટા પાયે નાણાં ક્યાં વપરાયા ? કેવી રીતે વપરાયા ? અથવા તો જે તે યોજનામાં હેતુફેર કરીને ગેરવલ્લે ગયા, ગેરરીતિ થઈ તે બાબતે સરકારી વિભાગોએ ભાગેડુ માનસિકતા બતાવી છે, જેનો કેગ અહેવાલે ખુલ્લો કર્યા છે.

### મુખ્યમંત્રી કાલે રાજકોટમાં

વિવિધ પ્રકલ્પોનો સમાવેશ કરવામાં આવ્યો છે.આ કાર્યક્રમ અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરાયેલા પૂર્ણ થયેલા વિકાસકાર્યોનું લોકાર્પણ તથા નવા વિકાસ પ્રકલ્પોના ખાતમુહૂર્ત કરવામાં આવશે. આ પ્રકલ્પો અમલમાં આવતા શહેરના અનેક વિસ્તારોમાં સુવિધાઓનો વ્યાપ વધશે અને નાગરિકોને ગુણવત્તાસભર સુવિધાઓ ઉપલબ્ધ બનશે.

આ કાર્યક્રમમાં પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણી, રાજ્યકક્ષા મંત્રી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ, ગુજરાત સરકારના દર્શનાબેન વાઘેલા, રાજકોટના સંસદસભ્ય પરસોત્તમભાઈ રૂપાલા, રાજ્યસભાના સંસદસભ્ય રામભાઈ મોકરીયા, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, ધારાસભ્ય ભાનુબેન બાબરીયા ગરિમામય ઉપસ્થિતિ રહેશે.

ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા દ્વારા ભકિતનગર સર્કલ પાસે મેઘાણી રંગભવન ખાતે બપોરે ૩.૩૦ કલાકે ભારત સરકારની રાષ્ટ્રીય વયોશ્રી યોજના અંતર્ગત વરિષ્ઠ નાગરિકોને જીવન સહાયક ઉપકરણોના વિતરણનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. તેમાં સીએમ ખાસ ઉપસ્થિત રહી ઉપકરણોનું વિતરણ કરશે. આ કાર્યક્રમમાં કેન્દ્રીય કેબીનેટ મંત્રી ડો. મનસુખભાઈ માંડવીયા, રાજય સરકારના કેબીનેટ મંત્રી અને રાજકોટના પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણી, રાજયકક્ષાના મંત્રી કૌશિકભાઈ વેકરીયા પણ ખાસ ઉપસ્થિત રહેશે. આવતીકાલના રાજકોટના પ્રવાસ દરમિયાન મુખ્યમંત્રી દ્વારા શહેરના ૧૫૦ ફૂટ રિંગરોડ પર બાલાજી હોલ પાસે આવેલા શ્રી લેઉવા પટેલ બોર્ડીંગના નવ નિર્મિત અધતન બિલ્ડીંગના લોકાર્પણ તથા શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાના અનાવરણના કાર્યક્રમમાં હાજરી આપશે. રાજકોટમાં છ કલાકના રોકાણ દરમિયાન સીએમ ચાર કાર્યક્રમોમાં હાજરી આપશે.

# દુઃખદ અવસાન

## સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

## દિપક ઈલેક્ટ્રિકલવાળા મુકેશભાઈ કામદારના માતૃશ્રીનું અવસાન



**રાજકોટઃ** દીપક ઈલેક્ટ્રિકલ વાળા મુકેશભાઈ કામદારના માતૃશ્રી ગૌ.વાસી. નિમેલાબેન ક્રિષ્નાલાલ કામદાર (ઉં.વ. ૯૪) તે અ.સૌ. ઉર્વશીબેન ભરતભાઈ પારેખ માતૃશ્રી, કેતનભાઈ અ સૌ.રિધ્ધીબેન ના દાદી. નું દુખ અવસાન થયેલ છે.તેમનું બેસણું તા.૨૮ ને શનિવાર સાંજે ૪-૩૦ થી ૬-૦૦ નેહરુનગર કોમ્યુનિટી હોલ,મારવાડી શેર બિલ્ડીંગ સામેની શેરી ,નાનામવા રોડ ,રાજકોટ ખાતે રાખેલ છે.મુકેશભાઈ કામદારના મો. નં. ૯૪૨૮૨ ૦૧૨૭૮ છે.

**રાજકોટઃ** મુળ અમરેલીના સ્વ. અંદરજીભાઈ મીઠાભાઈ ગણાત્રાના પુત્ર ભીખુભાઈના પત્ની સરોજબેન (ઉ.વ.૭૭) ને સ્વ. રાજુભાઈ, દેવાંગભાઈ, હિનાબેન જયપ્રકાશભાઈ રૂપારેલ (મહુવા)ના માતા, બીપીનભાઈના ભાભી, ચલાલા નિવાસી સ્વ. છોટાભાઈ હરજીભાઈ ઉનડકટના દીકરી, ભુપેન્દ્રભાઈ (રાજકોટ), અશ્વિનભાઈ, મનોજભાઈ (ભાવનગર)ના બહેનનું તા. ૨૬ ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તથા પિયર પક્ષની સાદડી તા. ૨૭ ને શુક્રવારે સાંજે ૪ થી ૬ દરમિયાન રામેશ્વર હોલ, નાણાવટી મેઈન રોડ, રામેશ્વર ચોક, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** દ્વારકા નિવાસી રમેશભાઈ હરિદાસ રાયઠઠ્ઠા (ઉ.વ.૭૨) (રાધે એજન્સી વાળા) તે સ્વ હરિદાસ આણંદજી રાયઠઠ્ઠા ના પુત્ર, ભાવિનભાઈ, અમિતભાઈ ના પિતા, સ્વ મંગલદાસ લક્ષ્મીદાસ બારાઈ (સલાયા વાળા) ના જમાઈનું અવસાન થયેલ છે. સદગતનું બેસણુ તથા સસરા પક્ષની સાદળી તા ૨૭ ને શુક્રવાર ના રોજ સાંજે ૪:૩૦ થી ૫ વાગ્યા સુધી મણીબેન ટાઉનહોલ,બાલ મંદિર પાસે રાખેલ છે.

**રાજકોટઃ** સતોદડિયા શ્રીગૌડ મેડતવાળ બ્રાહ્મણ સ્વ. જીજ્ઞાબેન આકાશભાઈ શુકલ તે લલીતભાઈ અમૃતલાલ શુકલ, બીનાબેન લલીતભાઈ શુકલના પુત્રવધુ, આકાશ લલીતભાઈ શુકલના પત્ની, જલ્પાબેન, સમીરભાઈ લલીતભાઈ શુકલના ભાભી, આર્યાના માતાનું તા. ૨૬ ના રોજ અવસાન થયેલ છે. તેનું બેસણું તા. ૨૭ ના રોજ સાંજે ૪ થી ૬ દરમિયાન સત્યેશ્વર મહાદેવ મંદિર, સત્યમ શિવમ સુંદરમ સોસાયટી જામનગર રોડ રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ :** ગુજરાતી શ્રીગૌડ માળવી બ્રાહ્મણ મૂળ સમાણા હાલ રાજકોટ સ્વ. રમેશચંદ્ર ચીમનલાલ મહેતાના પત્ની મધુબેન (ઉ.વ. ૭૬) તે સ્વ. નવીનભાઈના લઘુબંધુના પત્ની તે જીજ્ઞેશભાઈ તથા અંજનાબેન જીતેન્દ્રકુમાર પંડ્યા (અમરેલી)ના માતુશ્રી તે સ્વ. વિશ્વનાથભાઈ હરિનંદભાઈ જોષી (કોટડા સાંગાણી)ના દીકરીનું તા. ૨૬/૩ને ગુરુવારે અવસાન થયું છે. સદગતનું બંને પક્ષનું ઉઠમણું તથા બેસણું તા. ૨૮/૩ને શનિવારે સાંજે ૪ થી ૬ સાંઈનાથ મહાદેવ મંદિર, સાંઈબાબા પાર્ક, અલય રેસિડેન્સીની પાસે, નાના મવા રોડ, રાજકોટ ખાતે રાખ્યું છે.

**રાજકોટઃ** રાજકોટ નિવાસી કારડીયા રાજપુત કમલેશ મોહનભાઈ ચૌહાણ તે સ્વ. મોહનભાઈ રવજીભાઈ ચૌહાણ, ઉષાબેન એમ. ચૌહાણના પુત્ર, અરૂણાબેનના પતિ, કરણ, ખુશીના પિતાનું અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૨૮ ને શનિવારે સાંજ ૪ થી ૬ દરમિયાન પંચનાથ મહાદેવ મંદિર રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# રાજકોટ રેન્જના પાંચ જિલ્લાના ૨૯ મોસ્ટેડ વોન્ટેડ પર ઈનામ જાહેર

## હત્યા, દુષ્કર્મ, એનડીપીએસ, લૂંટ સહિતના ગંભીર ગુનામાં સંડોવાયેલા આરોપીઓને જેલના સળિયા પાછળ ધકેલવા રેન્જ વડા નિર્લિપ્ત રાયનો એકશન પ્લાન : ગુનેગારોની માહિતી આપનારની ઓળખ ગુપ્ત રાખી રોકડ પુરસ્કાર અપાશે

**અબતક, રાજકોટ**

રાજકોટ રેન્જના પાંચ જિલ્લામાં હત્યા, લૂંટ, દુષ્કર્મ, એનડીપીએસ સહિતના ગંભીર ગુનાઓ આચરી ભૂગર્ભમાં ઉતરી જનાર આરોપીને પકડી પાડવા રેન્જ વડા નિર્લિપ્ત રાય એકશન મોડમાં આવ્યા છે. પાંચ જિલ્લાના ૨૯ મોસ્ટ વોન્ટેડની સચોટ માહિતી આપનારને રોકડ ઈનામ અને ખબર આપનારનું નામ ગુપ્ત રાખવામાં આવશે. જે અંગે રેન્જ આઈજી કચેરી કે પોલીસ મથકે જાણ કરી શકશે.

રાજકોટ રેન્જ આઈજી નિર્લિપ્ત રાય દ્વારા રેન્જ હસ્તકના પાંચ જિલ્લાઓ દેવભૂમિ દ્વારકા, જામનગર, મોરબી, રાજકોટ ગ્રામ્ય અને સુરેન્દ્રનગર જિલ્લાઓમાં ગંભીર પ્રકારના ગુન્હાઓમાં નાસતા-ફરતા આરોપીઓની વારંવાર તપાસ કરતા મળી આવેલ ન હોય તેમજ તેઓ વિરુધ્ધનું ધરપકડ વોરંટ કોર્ટમાંથી મેળવી બજવણીના પ્રયત્નો કરવા છતાં આરોપીઓ આજ સુધી મળી આવેલ નથી. તેઓને શોધી કાઢવા માટે પોલીસને સચોટ માહિતી આપનારને આરોપી વાઈઝ રોકડ ઈનામ જાહેર કરેલ છે.

ખબર આપનારનું નામ ગુપ્ત રાખવામાં આવશે જેથી આરોપીઓ અંગે જો કોઈ સચોટ માહિતી આપને મળે તો તુર્તજ તેના વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરાવવા રાજકોટ રેન્જ આઈજી ઓફિસ કે જે તે પોલીસ મથકને જાણ કરવા અનુરોધ કરાયો છે.

### ટંકારા લૂંટકાંડના આરોપીઓ સહિતનો સમાવેશ : યાદી જાહેર

રૂપેશકુમાર ઉર્ફે ટીનપાલ રામમહોનસિંગ ઉર્ફે દલમોહનસિંહ ચૌહાણ (મુળ રહે.રામચુહા, પોસ્ટ સંભુગંજ (બિહાર) તથા ભારતનગર ભાવનગર રોડ, રાજકોટ શહેર) ટંકારાના લૂંટના ગુનામાં ફરાર છે.જેની માહિતી આપનારને ૮ હજાર રોકડ ઈનામ અપાશે.

ફારૂક હબીબ જામ (રહે.જુની એસ.બી.આઈ બેન્ક પાસે, માળીયા મીયાણા) માળીયા મીયાણા પોલીસ મથકના હત્યા, રાયોટ, આર્મ્સ એકટના ગુનામાં ફરાર છે. જેની માહિતી આપનારને ૨૦ હજાર રોકડ ઈનામ અપાશે.

ભાવેશ વિઠ્ઠલદાસ દુધાત્રા (મુળ ગામ,વેજા ગામ, ગોંડલ, હાલ રહે.શીવધારા સોસાયટી, પીર વાડી પાસે, લીજ્જત પાપડની પાછળ, ગોંડલ બાયપાસ રોડ) એનડીપીએસના ગુનામાં ફરાર છે, જેની માહિતી આપનારને ૧૫ હજાર રોકડ ઈનામ અપાશે.

વિવેક ઉર્ફે ટેલર અમરેન્દ્રસીહ ચંદેલ (રહે.હાલ રેલનગર સુર્યા પાર્ક રાજકોટ) મુળગામ પલવર (બિહાર) લોધીકા પોલીસ મથકના હત્યાના ગુનામાં ફરાર છે. જેની માહિતી આપનારને ૮ હજાર રોકડ ઈનામ અપાશે. રોહન બચાવપ્રસાદ રાવત (યાદવ) (રહે.ગોરખપુર,ઉત્તરપ્રદેશ) વિરપુર પોલીસ મથકના હત્યા, આર્મ્સ એકટના ગુનામાં ફરાર છે. જેની માહિતી આપનારને ૮ હજાર રોકડ ઈનામ અપાશે.

આસુતોષ શીવધરન ત્રીપાઠી (રહે.દીબીયાપુર ઉત્તરપ્રદેશ), આસુતોષ પન્નાલાલ ચતુર્વેદી રહે.અહેરીપુર ઉતરપ્રદેશ) અને મહેન્દ્ર કૃષ્ણબલદેવ તીવારી (રહે.ભરથના ગામ, ઈટાવા, ઉતરપ્રદેશ) જામનગરના બી. ડિવિઝન પોલીસ મથકના હત્યા, આર્મ્સ એકટના ગુનામાં ફરાર છે. જેની માહિતી આપનારને ૫-૫ હજાર રોકડ ઈનામ અપાશે.

લખવિંદરસિંગ સ્વરૂપસિંગ તોંડ (જાટ) (રહે. ખોજકીપુર ગામ, અમૃતસર (પંજાબ) ખંભાળીયા પોલીસ મથકના અપહરણ અને લૂંટના ગુનામાં ફરાર છે, જેની માહિતી આપનારને ૧૦ હજાર રોકડ ઈનામ અપાશે.

અર્જુનસિંગ મોહન્તી ઉર્ફે રમેશ ઉર્ફે પંકજ ઉર્ફે પંડીત ઉર્ફે બ્રાહ્મણ (રહે.ડેડીયાસણ, ભરૂચ, મુળ રહે.ઓરીસ્સા) ભાણવડ પોલીસ મથકના હત્યાના ગુનામાં ફરાર છે, જેની માહિતી આપનારને ૧૦ હજાર રોકડ ઈનામ અપાશે.

કમા ઉર્ફે કમલેશ સાવલસિંગ મીનાવા (રહે.કાકડકુવા ગામ,ધાર (મધ્યપ્રદેશ), રાહુલ ઉર્ફે ખુમસિંગ સજનસિંગ બધેલ (રહે.કદવાલબડી ગામ,અલીરાજપુર (મધ્યપ્રદેશ),

દિનેશ જામસિંગ મેલા (ભીલ) (રહે.કાકડકુવા ગામ, ધાર (મધ્યપ્રદેશ) ભાણવડ પોલીસ મથકના લૂંટ સહિતની કલમ હેઠળના ગુનામાં ફરાર છે. જેની માહિતી આપનારને ૫-૫ હજાર રોકડ ઈનામ અપાશે.

લાલજી કૈલાશ પંડયા (રહે.રાજપાર્ક- રાધેક્રિષ્ના શકિત ડેરીની બાજુમાં, જામનગર મુળ રહે.ખંભાળીયા) જામનગરના બી. ડિવિઝન પોલીસ મથકના હત્યાના ગુનામાં ફરાર છે.જેની માહિતી આપનારને ૧૦ હજાર રોકડ ઈનામ અપાશે.

બાલુ માનસિંગ બીલવાવ અને વસના ભુરા સરૂપા બીલવાલ (રહે. બંને મંડલી બડી, મધ્યપ્રદેશ) જામનગર પંચ બી. ડિવિઝન પોલીસ મથકમાં લૂંટના ગુનામાં ફરાર છે. જેની માહિતી આપનારને ૫-૫ હજાર રોકડ ઈનામ અપાશે.

કૈલાશ રામસીંગ અજનાર (રહે. સૂર્યા ગામ, અલીરાજપુર, મધ્યપ્રદેશ) અપહરણ, દુષ્કર્મના ગુનામાં ફરાર છે. જેની માહિતી આપનારને ૫ હજાર રોકડ ઈનામ અપાશે.

સંદિપ ગોકરણ પાસવાન (રહે.જારવા ગામ, બલરામપુર (ઉત્તરપ્રદેશ) દુષ્કર્મ, પોકસોના ગુનામાં ફરાર છે. જેની માહિતી આપનારને ૫ હજાર રોકડ ઈનામ અપાશે.

રણજીતસિંહ ઉર્ફે રાણા બલવિરસિંહ મજબી (રહે. ધુન્ના (પંજાબ), સોનુસિંગ સતનામસિંગ (રહે.પટ્ટી ગામ,ફિરોજપુર,પંજાબ) મોરબીના સીટી બી ડીવી. પોલીસ મથકના અપહરણ, આર્મ્સ એકટના ગુનામાં ફરાર છે. જેની માહિતી આપનારને ૧૦-૧૦ હજાર રોકડ ઈનામ અપાશે.

ગંગારામ છોટાડીલા ચતર (રહે.ભરભરીયા, ઝારખંડ-બિહાર) હત્યાના ગુનામાં ફરાર છે. જેની માહિતી આપનારને ૧૦ હજાર રોકડ ઈનામ અપાશે. દેવાસી ઉર્ફે કનુ મદનપરી (રહે.બોસ્તા, ઓડીસા) મોરબી તાલુકા પોલીસ મથકના પોકસો, અપહરણ અને દુષ્કર્મના ગુનામાં ફરાર છે. જેની માહિતી આપનારને ૫ હજાર રોકડ ઈનામ અપાશે.

મુકેશ ઉર્ફે ધોળયો ઉર્ફે શૈલેન્દ્ર પુરખારા સરદારરામ ગોદારા (રહે.૧૯ એજી.ડબલીકલન, (રાજસ્થાન) વિંછીયા પોલીસ મથકના દારૂના ગુનામાં ફરાર છે. જેની માહિતી આપનારને ૧૦ હજાર રોકડ ઈનામ અપાશે. રાજલખાન શખી મહમદ મુસ્લીમ (રહે. લહાર, મધ્યપ્રદેશ) વઢવાણ પોલીસ મથકના અપહરણ, પોકસોના ગુનામાં ફરાર છે. જેની માહિતી આપનારને ૫ હજાર રોકડ ઈનામ અપાશે.

મનુભા માનસિંહ ઝાલા (રહે. અલંકાર ટોકીઝ પાછળ, સુરેન્દ્રનગર) વઢવાણ પોલીસ મથકના હત્યના ગુનામાં ફરાર છે. જેની માહિતી આપનારને ૮ હજાર રોકડ ઈનામ અપાશે. અલી નથુ ડફેર (રહે ઈંગરોડી, લખતર મૂળ પાટડી સુરેન્દ્રનગર) લખતર પોલીસ મથકના હત્યાના પ્રયાસના ગુનામાં ફરાર છે. જેની માહિતી આપનારને ૧૦ હજાર રોકડ ઈનામ અપાશે.

ધર્મેશ બાબુલાલ ગુર્જર (રહે આકિયા, રાજસ્થાન), ડાલુરામ હાલુજી ગુર્જર (રહે ભભાણા, રાજસ્થાન) લખતર પોલીસ મથકના ગંભીર ગુનામાં ફરાર છે. જેની માહિતી આપનારને ૫-૫ હજાર રોકડ ઈનામ અપાશે. તેમજ ભીખા ભૂરા કુના (રહે. પલાસનેર, ધૂળે, મહારાષ્ટ્ર) સાયલા, ધજાળા, લીંબડી પોલીસ મથકના એનડીપીએસના ગુનામાં અને ચોટીલા પોલીસ મથકના દારૂના ગુનામાં ફરાર છે. જેની માહિતી આપનારને ૨૦ હજાર રોકડ ઈનામ અપાશે.

# બડાબજરંગ ફાઉન્ડેશન દ્વારા હનુમાન જયંતીએ ૬૦થી વધુ આકર્ષક ફ્લોટ્સ સાથે નિકળશે રથયાત્રા


તસ્વીરઃ શૈલેષ વાડોલીયા

## અબતક મીડિયાની શુભેચ્છા મુલાકાતે આવેલા આયોજકોએ આપી માહિતી

**અબતક, રાજકોટ**

રાજકોટના આંગણે આગામી હનુમાન જન્મોત્સવના પાવન અવસરે બડાબજરંગ ફાઉન્ડેશન દ્વારા સતત ૧૮માં વર્ષે ભવ્ય રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. સનાતન ધર્મના જાગરણ અને સંગઠનના ઉમદા હેતુ સાથે યોજાનારી આ યાત્રામાં રાજકોટની ૧૦૦થી વધુ સંસ્થાઓ સહભાગી થશે. આ વર્ષે રથયાત્રામાં ૬૦થી વધુ આકર્ષક ફ્લોટ્સ જોડાશે, જેમાં કેદારનાથની ઝાંખી, દેવી-દેવતાઓના જીવંત પાત્રો, અને દેશના વીર લડવૈયાઓના વેશધારી પાત્રો આકર્ષણનું કેન્દ્ર બનશે. આ સાથે જ 'બેટી બચાવો બેટી પઢાવો', પર્યાવરણ જાગૃતિ, ગૌમહિમા અને રકતદાન જેવા સામાજિક સંદેશાઓ પણ વહેતા કરવામાં આવશે. રથયાત્રા દરમિયાન શ્રદ્ધાળુઓ માટે ૨૫૧ કિલો મલીંદાના પ્રસાદની તેમજ ઠંડા પીણા અને શરબતની સેવા ઠેર-ઠેર ઉપલબ્ધ રહેશે.

અબતક મીડિયા હાઉસની શુભેચ્છા મુલાકાતે આવેલા કલ્પેશ ગમારા, દિનેશ પુનવાણી, રવિ ભટ્ટી, જય ખત્રી, રુદ્ર ગણાતા સહિતનાએ માહિતી આપતા જણાવ્યું હતું કે, આ ભવ્ય નગરયાત્રાનું પ્રસ્થાન તા. ૦૨-૦૪-૨૦૨૬, શનિવારના રોજ સાંજે ૪:૩૦ કલાકે સાધુ-સંતો અને ભૂદેવોના વૈદિક મંત્રોચ્ચાર સાથે બડાબજરંગ હનુમાનજી મંદિર, રામનાથપરા-૧૬ ખાતેથી થશે. આ યાત્રા રામનાથપરા મેઈન રોડ, હાથીખાના, પેલેસ રોડ અને કરણપરા ચોક જેવા રાજમાર્ગો પર ફરીને ભુપેન્દ્ર રોડ સ્થિત બાલાજી મંદિર ખાતે સંપન્ન થશે. સમગ્ર રૂટને કેસરી ધ્વજાઓ અને વિશાળ બેનરોથી શણગારી 'કેસરીયો' કરવામાં આવશે. ડીજે અને બેન્ડના તાલે ''જય શ્રી રામ'' ના નાદ સાથે બજરંગીઓ ઝૂમી ઉઠશે, જેમાં બહેનો માટે અલગથી ડીજેની વ્યવસ્થા કરવામાં આવી છે. ભક્તો વર્ષમાં એકવાર નીકળતી આ દાદાની નગરયાત્રામાં રથ ખેંચીને અને દર્શન કરીને ધન્યતા અનુભવશે.

# દક્ષિણ ગુજરાતનું વડોદરાને એઆઈબીઈનું પરીક્ષા કેન્દ્ર ફાળવ્યું

## વડોદરા, ભરૂચ,નર્મદા,છોટાઉદેપુર, ગોધરા, દાહોદ, આણંદના વિદ્યાર્થી વકીલોને રાહતઃ દિલીપ પટેલની સફળ રજુઆત



**અબતક, રાજકોટ**

વડોદરાને AIBEની પરીક્ષા કેન્દ્ર ફાળવવા માટે વડોદરા બાર એસોસિએશનના દ્વારા બાર કાઉન્સિલના મેમ્બર અને રાજકોટના સિનિયર ધારાશાસ્ત્રી દિલીપભાઈ પટેલને કરેલી રજૂઆતને પગલે બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા હકારાત્મક વલણ અપનાવી ભાવિ વકીલોને હવે અમદાવાદ સુધી ધક્કા નહીં ખાવા પડે અને વડોદરાને પરીક્ષા કેન્દ્રની મંજૂરી આપી છે. વધુ વડોદરા, ભરૂચ, નર્મદા, છોટાઉદેપુર, ગોધરા, દાહોદ અને આણંદ શહેર અને જિલ્લા નવા વકીલોને પરીક્ષા આપવા માટે અમદાવાદ જવું પડે છે.આથી છ જિલ્લાને વડોદરા શહેર નજીક હોવાથી અઈઈઊ 'એકઝામ કેન્દ્ર' ફાળવવા માટે વડોદરા બાર એસોસિએશનના પ્રમુખ હસમુખભાઈ ભટ્ટ અને વડોદરાની રજૂઆત ધ્યાને લેવા બાર કાઉન્સિલના મેમ્બર નિમિષાબેન ધોત્રે અને વંદનાબેન દ્વારા પણ દિલિપભાઈને રજૂઆત કરી હતી. બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની જનરલ બોર્ડની મીટીંગ મળેલ હતી. તેમાં આ રજૂઆત ધ્યાને લઈને બી.સી.આઈ.ના જનરલ બોર્ડમાં આ રજૂઆત મૂકવામાં આવી હતી.જેને દિલીપ પટેલ દ્વારા વડોદરા AIBE ની એકઝામ કેન્દ્ર ફાળવવા માટેની માંગણી યોગ્ય હોવાની રજૂઆત કરતા ચેરમેન મનનકુમાર મિશ્રાએ વડોદરાને AIBE નું પરીક્ષા કેન્દ્ર આપવા માટે મંજૂરી આપી હતી. જિલ્લાના વકીલ મંડળોમાં ખુશીની લાગણી ઉભી થયેલ છે.

# પારો ચડયોઃ રાજયમાં ફરી ગરમીનું જોર વધ્યું

## ભુજમાં મહત્તમ તાપમાન ૩૯ ડિગ્રી નોંધાયુંઃ સૌરાષ્ટ્ર-કચ્છમાં હજી તાપ વધશે

**અબતક, રાજકોટ**

રાજયમાં ગત સપ્તાહે કમોસમી વરસાદ પડયો હતો. આગામી રવિવાર અને સોમવારે ફરી માવઠાની આગાહી આપવામાં આવી છે. માવઠાની શકયતા વચ્ચે રાજયમાં મહત્તમ તાપમાનનો પારો ઉંચકાયો છે. ભુજમાં મહત્તમ તાપમાન ૩૯ ડિગ્રીએ આંબી ગયો છે. સૌરાષ્ટ્ર-કચ્છમાં હજી ગરમી વધી શકે છે.

હવામાન વિભાગના જણાવ્યાનુસાર ગઈકાલે ગુરુવારે અમદાવાદનું તાપમાન ૩૮ ડિગ્રી સેલ્સીયસ, ડિસાનું તાપમાન ૩૭ ડિગ્રી, ગાંધીનગરનું તાપમાન ૩૭.૪ ડીગ્રી, વલ્લભવિદ્યાનગરનું તાપમાન ૩૭.૫ ડિગ્રી, વડોદરાનું તાપમાન ૩૮.૪ ડિગ્રી, સુરતનું તાપમાન ૩૭.૪ ડિગ્રી, દમણનું તાપમાન ૩૪.૬ ડિગ્રી, કચ્છના ભુજનું તાપમાન ૩૯ ડિગ્રી, નલીયાનું તાપમાન ૩૪ ડિગ્રી, કંડલા પોર્ટનું તાપમાન ૩૬.૭ ડિગ્રી, કંડલા એરપોર્ટનું તાપમાન ૩૬.૫ ડિગ્રી, અમરેલીનું તાપમાન ૩૮.૯ ડિગ્રી, ભાવનગરનું તાપમાન ૩૬.૫ ડિગ્રી, દ્વારકાનું તાપમાન ૨૯.૪ ડિગ્રી, પોરબંદરનું તાપમાન ૩૪.૫ ડિગ્રી, રાજકોટનું તાપમાન ૩૮.૩ ડિગ્રી, વેરાવળનું તાપમાન ૩૫.૪ ડિગ્રી, દિવનું તાપમાન ૩૫.૨ ડિગ્રી, સુરેન્દ્રનગરનું તાપમાન ૩૮.૩ ડિગ્રી, મહુવાનું તાપમાન ૩૭ ડિગ્રી અને કેશોદનું તાપમાન ૩૮.૪ ડિગ્રી નોંધાયું હતું.

આગામી રવિવાર અને સોમવારે રાજયમાં કમોસમી વરસાદની આગાહી આપવામાં આવી છે. જો કે સૌરાષ્ટ્રમાં વાતાવરણમના પલ્ટાથી કોઈ અસર દેખાય તેવી શકયતા નહીવત છે. સૌરાષ્ટ્ર-કચ્છમાં પારો હજી ઉચકાશે.

# કોર્પોરેશને સ્પોર્ટ્સ સંકુલમાં મેમ્બરશિપ શરૂ કરતા જ સાઈટ ક્રેશ

## કલાકો સુધી સાઈટ ઓપન ન થતા લોકો પરેશાન

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આજથી તમામ રમતગમત સંકુલમાં ત્રીમાસિક તથા વાર્ષિક મેમ્બરશીપ માટે રજીસ્ટ્રેશન શરૂ કરવામાં આવ્યું હતું.જેમ સાઈટ ક્રેશ થવાના કારણે લોકોએ કલાકો સુધી ભારે પરેશાનીનો સામનો કરવો પડ્યો હતો.

કોર્પોરેશન દ્વારા વિવિધ રમત ગમતની સુવિધાઓ જેવી કે સિન્થેટીક એથ્લેટીક ટ્રેક, સિન્થેટીક ટેનીસ કોર્ટ, વોલીબોલ, બાસ્કેટબોલ કોર્ટ તથા શ્રી અટલ બિહારી વાજપેયી સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ ખાતે આવેલ બેડ્મિન્ટન કોર્ટ, વોલીબોલ કોર્ટ, ૨ ટેનીસ કોર્ટ, બાસ્કેટ બોલ કોર્ટ, સ્કોવોશ કોર્ટ તેમજ રેસકોર્ષ જીમ, નાના મવા મલ્ટિ એક્ટીવિટી સેન્ટર લેડિઝ જીમ, શેઠ હાઈસ્કુલ જીમ, હૈદરી ચોક જીમ, સ્પોર્ટ્સ ઓર્થોરીટી ઓફ ગુજરાતની સંયુકત એપીવી રાજકોટ સ્પોર્ટ્સ પ્રમોશન ફાઉન્ડેશન સંચાલિત શ્રી અટલ બિહારી વાજપેયી સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ મવડી ખાતે રમત ગમત સુવિધાઓ જેમ કે બેડમિન્ટન, લોન ટેનીસ, વોલીબોલ, બાસ્કેટબોલ તથા કબ્બડીના કોચીંગ માટે રજીસ્ટ્રેશન વહેલા તે પહેલાનાં ધોરણે વાર્ષિક મેમ્બરશીપ www.rmc.gov.in પરથી ઓનલાઈન શરૂ કરવામાં આવી હતી. આ ઉપરાંત તમામ સિવિક સેન્ટર તથા વોર્ડ ઓફીસ ખાતે પણ રજિસ્ટ્રેશન શરૂ કરવામાં આવ્યુ હતુ.પરંતુ સાઈટ ક્રેશ થવાના કારણે કલાકો સુધી લોકોએ હેરાન ગતિ ભોગવવી પડી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે,ગત વર્ષે સિન્થેટીક એથ્લેટીક ટ્રેક રેસકોર્ષમાં ૮૪૫૦, સિન્થેટીક ટેનીસ કોર્ટમાં ૨૧૯ સિન્થેટીક બાસ્કેટબોલ કોર્ટમાં ૨૩૦, વિવિધ જીમમાં ૩૭૮૪શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ સ્નાનાગારમાં ૫૬૦૫, શ્રી મહર્ષિ દયાનંદ સરસ્વતી સ્નાનાગારમાં ૭૪૭૦, શ્રી લોકમાન્ય તિલક સ્નાનાગારમાં ૪૭૭૩, શ્રી સ્વામી વિવેકાનંદ સ્નાનાગારમાં ૨૧૦૮ શ્રી જીજાબાઈ સ્નાનાગારમાં ૧૯૦૯, વોલીબોલ કોર્ટમાં ૫૦,મવડી ઈન્ડોર સ્ટેડીયમમાં બેડમિન્ટનમાં ૧૨૪૯, મવડી ઈન્ડોર સ્ટેડીયમ બાસ્કેટબોલમાં ૧૭૧, મવડી ઈન્ડોર સ્ટેડીયમ લોન ટેનીસમાં ૧૫૫, મવડી ઈન્ડોર સ્ટેડીયમમાં વોલીબોલમાં ૨૯૦ કોલ ૩૬૪૬૩ સભ્યો નોંધાયા હતા.

# સાળંગપુરધામમાં રામનવમી અને ઘનશ્યામ જન્મોત્સવની ઉજવણી



**અબતક, રાજકોટ**

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ ખાતે આજે રામનવમી તથા શ્રી ઘનશ્યામ જન્મોત્સવની આસ્થાભેર ઉજવણી કરવામાં આવી હતી. શાસ્ત્રી હરિપ્રકાશદાસજી સ્વામી (અથાણાવાળા) ની પ્રેરણાથી શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી દાદાને અત્યંત સુંદર હજારીગલના ફૂલોનો શણગાર કરવામાં આવ્યો હતો. સવારે ૫:૪૫ કલાકે કોઠારી વિવેકસાગરદાસજી સ્વામી દ્વારા દાદાની શણગાર આરતી ઉતારવામાં આવી હતી અને દાદાને દિવ્ય વાઘા ધરાવવામાં આવ્યા હતા. દાદાને કાજુ, દ્રાક્ષ, અંજીર અને બદામ જેવા સૂકા મેવા (ડ્રાયફ્રૂટ્સ)નો ભવ્ય અન્નકૂટ ધરવામાં આવ્યો હતો.મંદિર પરિસરમાં મારુતિ યજ્ઞનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. બપોરે બરાબર ૧૨:૦૦ કલાકે શ્રી રામ જન્મોત્સવની ભવ્ય આરતી કોઠારી વિવેકસાગરદાસજી સ્વામી દ્વારા કરવામાં આવી હતી, જેમાં હજારો હરિભક્તોએ સહભાગી થઈ ધન્યતા અનુભવી હતી. આજે રાત્રે ૧૦:૧૦ કલાકે ઘનશ્યામ જન્મોત્સવની વિશેષ આરતી કરવામાં આવશે. આ પ્રસંગે મંદિરના આંગણે હરિભક્તો દ્વારા રાસ-ગરબાની રમઝટ બોલાવી આનંદોત્સવ મનાવવામાં આવશે. દિવસભર ભક્તોએ દાદાના આ દિવ્ય સ્વરૂપના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા.

## દાદાને હજારીગલના ફૂલોનો શણગાર અને ડ્રાયફ્રૂટનો અન્નકૂટ ધરાવાયો

# દ્વારકા બાદ હવે રાજકોટમાં સેવા આપશે પી.આઈ. એસ.એમ. સોલંકી



**અબતક, રાજકોટ**

દેવભૂમિ દ્વારકા ખાતે પોતાની નિષ્ઠાપૂર્વકની સેવાઓ આપ્યા બાદ, પી.આઈ. એસ.એમ.સોલંકી (સરોજબેન મુરજીભાઈ સોલંકી)ની હવે રાજકોટ શહેર ખાતે બદલી કરવામાં આવી છે. પોતાની ફરજ પ્રત્યે અત્યંત પ્રામાણિક, શિસ્તબદ્ધ અને 'નોન-કરપ્ટેડ' છબી ધરાવતા આદર્શ પોલીસ અધિકારી તરીકેની ઓળખ ધરાવતા સોલંકીની રાજકોટમાં વરણી થતા સ્થાનિક સ્તરે અને પોલીસ વિભાગમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. લોકભોગ્ય કાર્યશૈલી અને કડક શિસ્તના આગ્રહી એવા અધિકારીના આગમનથી રાજકોટ શહેરની સુરક્ષા વ્યવસ્થામાં વધુ એક સક્ષમ નેતૃત્વનો ઉમેરો થયો છે.

# ફિલ્મ અભિનેતા જહોન અબ્રાહમ ધોરાજી પોલીસ મથકની મુલાકાતે



**અબતક, રાજકોટ**

ફિલ્મ અભિનેતા જહોન અબ્રાહમ હાલ ધોરાજી ખાતે પોતાની આગામી ફિલ્મ ફોર્સ-૩ નું શૂટિંગ કરી રહ્યા છે. દરમિયાન તેઓ ધોરાજી પોલિસ મથકની મુલાકાતે પહોચ્યા હતા. અહીં તેમણે એએસપી સિમરન ભારદ્વાજ અને પીઆઈ કે એસ ગરચર સાથે વાત કરી પોલિસની કામગીરીથી અવગત થયાં હતા.બોલીવુડ અભિનેતા જોન અબ્રાહમ હાલ ધોરાજીમાં પોતાની ફિલ્મ ફોર્સ-૩ નું શૂટિંગ કરી રહ્યા છે. આ શૂટિંગના આ શેડ્યુલ દરમિયાન બોલીવુડ અભિનેતાએ ધોરાજી પોલીસ સ્ટેશનની મુલાકાત લઈ ધોરાજી પોલીસ ફોર્સ સાથે વાતચીત કરી હતી અને તેની કામગીરી અંગે અવગત થયા હતા. ધોરાજી એએસપી સિમરન ભારદ્વાજે તેમને પોલીસની કામગીરી અંગે મહત્વની માહિતી આપી હતી. જે જાણી તેવો પ્રભાવિત થયા હતા. આ તકે ધોરાજી પોલીસ મથકના પીઆઈ એ.એસ.ગરચર તથા સ્ટાફ પણ હાજર રહ્યો હતો. અંતમાં બોલીવુડ એકટરે ગુજરાતીમાં પોલીસ જવાનોને કહ્યું હતું કે આપણે ફરીથી મળીશું.

# સમસ્ત ભરવાડ સમાજ દ્વારા મનપાની ચૂંટણીમાં વિધાનસભાદીઠ બબ્બે ટિકિટ આપવા માંગણી



**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાં આશરે ૩૦,૦૦૦થી વધુ ભરવાડ સમાજના પરિવારો રહે છે, જેમાં ૯૫% પરિવારો વર્ષોથી ભાજપની વિચારધારા સાથે જોડાયેલા છે તેમાં સમાજના કસાયેલા કાર્યકરો પણ છે અને તેઓ વર્ષોથી ભાજપના કાર્યકર્તા તરીકે સક્રિય રીતે કામ કરી રહ્યા છે. આગામી રાજકોટ મહાનગરપાલીકાની ચૂંટણીમાં કસાયેલા કાર્યકરોમાંથી વિધાનસભા વાઈઝ બબ્બે ઉમેદવારોને પસંદ કરી ટિકીટ આપવામાં આવે તેવી સમસ્ત ભરવાડ સમાજ દ્વારા શહેર ભાજપ અને ધારાસભ્ય સમક્ષ માંગણી કરવામાં આવી હતી. અગાઉ રાજકોટ શહેરમાં ભરવાડ સમાજને ચાર ટિકીટ આપવામાં આવતી હતી. હવે જનસંખ્યામાં પણ વધારો થયો છે અને ઓબીસીના ક્વોટામાં પણ વધારો થયો છે ત્યારે દરેક વિધાનસભા દીઠ ભરવાડ સમાજની બે ટિકીટ ફાળવવામાં આવે તેવી રજુઆત કરવામાં આવી હતી. ભરવાડ સમાજના આગેવાનો દ્વારા શહેર પ્રમુખ માધવભાઈ દવે અને ધારાસભ્ય દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, ઉદયભાઈ કાનગડ, ભાનુબેન બાબરીયા સમક્ષ કરાયેલી લેખીત રજુઆતમાં જણાવ્યું હતું કે ભરવાડ સમાજ હંમેશા ભાજપની સાથે રહ્યો છે અને રહેશે એની અમો ખાતરી આપીએ છીએ.

ભરવાડ સમાજની લાગણી અને માંગણીને ધ્યાનમાં રાખીને યોગ્ય નિર્ણય લેવામાં આવે અને ભરવાડ સમાજના લોકોને ઉમેદવારી માટે વધુ તક આપવામાં આવે તેવી આશા સાથે યોગ્ય વિચારણા કરવા રજુઆત કરવામાં આવી હતી. આ રજુઆત સમયે ભરવાડ સમાજના આગેવાન ભીખાભાઈ પડસારીયા, રાજુભાઈ જુંજા, હીરાભાઈ બાંભવા, હીરાભાઈ જોગરાણા, દિનેશભાઈ ટોળીયા, બાબુભાઈ માટીયા, જીતુભાઈ કાંટોળીયા, લાલાભાઈ મીર, રઘુભાઈ ધોળકીયા, વીભાભાઈ જોગરાણા, રમેશભાઈ ચાવડીયા, નાગજીભાઈ વરૂ, નાગજીભાઈ ગોલતર, નાથાભાઈ ટોળીયા, મેહુલભાઈ ગમારા, વિજયભાઈ ટોળીયા, રામભાઈ ખીટ, હરીભાઈ માટીયા, મહેશભાઈ માટીયા, રાજુભાઈ મુંધવા, દિલીપભાઈ ગમારા, નારણભાઈ વકાતર, નારણભાઈ ટારીયા, પરેશભાઈ સોરીયા, ખોડાભાઈ ગમારા, ગોવિંદભાઈ બાંભવા, અશોકભાઈ ડાભી વગેરે આગેવાનો જોડાયા હતા.

# હવે એક કલાકમાં જ સારવાર માટે મંજૂરી મળી જશે: આરોગ્ય વીમાના નિયમોમાં ફેરફાર

## હેલ્થ ઈન્શ્યોરન્સ પૉલિસી ધરાવતા દર્દીઓને હવે હોસ્પિટલમાં સારવાર અને ડિસ્ચાર્જ માટે લાંબી રાહ જોવી પડશે નહીં

**અબતક, રાજકોટ**

હેલ્થ ઈન્શ્યોરન્સ પૉલિસી ધરાવતા દર્દીઓને હવે હોસ્પિટલમાં સારવાર અને ડિસ્ચાર્જ માટે લાંબી રાહ જોવી પડશે નહીં. વીમા નિયમનકાર,આઈઆરડીએઆઈ એ નવા નિયમો નક્કી કર્યા છે. નાણા મંત્રાલયે જણાવ્યું હતું કે, પોલિસીધારકોને જરૂરી સહાય પૂરી પાડવા માટે, કેશલેસ હેલ્થ ઈન્શ્યોરન્સ ક્લેમની પ્રક્રિયા માટે ચોક્કસ સમય નક્કી કર્યો છે.

એક કલાકની અંદર કેશલેસ પ્રી-ઓથોરાઈઝેશનને મંજૂરી આપવા અને ત્રણ કલાકની અંદર અંતિમ ઓથોરાઈઝેશન માટે સમય નક્કી કરી છે. મંત્રાલયે જણાવ્યું હતું કે, આવી ટાઈમલાઈન નક્કી કરવા પાછળનો ઉદ્દેશ્ય વિલંબ ઘટાડવાનો અને દર્દીઓને સમયસર સારવાર મળે તે સુનિશ્ચિત કરવાનો છે.

બીજી તરફ હેલ્થ ઈન્શ્યોરન્સ સેક્ટર ઝડપથી વિકસી રહ્યું છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં કુલ હેલ્થ ઈન્શ્યોરન્સ પ્રીમિયમ ૧.૨ લાખ કરોડ રુપિયાને વટાવી ગયું, જે આશરે ૯% વૃદ્ધિ દર દર્શાવે છે. સરકારે જણાવ્યું હતું કે, હેલ્થ ઈન્શ્યોરન્સની વધતી માંગ પાછળના મુખ્ય કારણોમાં લોકોમાં જાગૃકતા, હેલ્થ કેર ફાઈનેન્સિંગ સુધી પહોંચો અને મેડિકલ ખર્ચ સામે સુરક્ષાની જરૂરિયાતનું મુખ્ય કારણ છે. નાણાકીય વર્ષ ૨૦૨૫ માં સામાન્ય અને આરોગ્ય વીમા સંબંધિત કુલ ૧૩૭,૩૬૧ ફરિયાદો નોંધાઈ હતી. આમાંથી ૯૩% ફરિયાદોનું સમાધાન તે જ નાણાકીય વર્ષમાં કરવામાં આવ્યું હતું.

### કેશલેસ ક્લેમ માટેના નિયમ

૧. હોસ્પિટલમાં દાખલ થવા દરમિયાન દર્દીઓને થતા વિલંબને રોકવા માટે આઈઆરડીએઆઈ એ કડક સમયમર્યાદા નક્કી કરી છે.
૨. વીમા કંપનીઓએ એક કલાકની અંદર કેશલેસ પ્રી-ઓથોરાઈઝેશન વિનંતીઓને મંજૂરી આપવી જરુરી છે.
૩. હોસ્પિટલમાંથી રજા આપવામાં આવે ત્યારે અંતિમ મંજૂરી માટેની પ્રક્રિયા મહત્તમ ત્રણ કલાકની અંદર પૂર્ણ થવી આવશ્યક છે.


જીવન દ્વિઅંકી નાટક જેવું છે

# એસી રિપેરિંગની સાથે ઓસ્કાર સુધી પહોંચી ભુજના નયન રાણાની કળા

## ધ ગુડ રોડ, જલ અને છેલ્લો શો નામની ફિલ્મો ઓસ્કારની રેસમાં સ્થાન મેળવ્યું હતું

**અબતક, રાજકોટ**

માણસના જીવનની સફર ક્યારેક કોઈ રોમાંચક પટકથા જેવી હોય છે, જ્યાં પડદા પાછળનો સંઘર્ષ અને પડદા પરની સફળતા વચ્ચે જમીન-આસમાનનું અંતર હોય છે. ભુજના ૭૧ વર્ષીય નયન રાણાનું જીવન પણ જાણે કોઈ 'દ્વિઅંકી નાટક' હોય તેમ બે વિરોધાભાસી ભૂમિકાઓમાં વહેંચાયેલું છે. એક તરફ તેઓ કચ્છની કાળઝાળ ગરમીમાં લોકોના એર-કન્ડિશનર (એઈ) રિપેર કરી પરસેવો પાડે છે, તો બીજી તરફ તેમની મહેનત વિશ્વના સૌથી પ્રતિષ્ઠિત એવોર્ડ 'ઓસ્કાર'ના રેડ કાર્પેટ સુધી ગુંજી રહી છે.



નયન રાણાના નામે ભારતીય સિનેમાની એવી ત્રણ ફિલ્મોના પ્રોડક્શન ક્રેડિટ્સ જોડાયેલા છે જેણે ઓસ્કારની રેસમાં સ્થાન મેળવ્યું હતું. જેમાં 'ધ ગુડ રોડ' (૨૦૧૩), 'જલ' (૨૦૧૪) અને ઓસ્કાર માટે શોર્ટલિસ્ટ થયેલી ફિલ્મ 'છેલ્લો શો' (૨૦૨૨)નો સમાવેશ થાય છે. આટલી મોટી વૈશ્વિક સિદ્ધિઓ છતાં, રાણા આજે પણ ભુજમાં એક સાધારણ એસી મિકેનિક તરીકે કાર્યરત છે. તેઓ કહે છે કે, "જીવન નિર્વાહ માટે હું એસી રિપેર કરું છું કારણ કે થિયેટરમાંથી કાયમી આવક મળતી નથી, અમે તેને માત્ર જુસ્સાના દમ પર જીવંત રાખ્યું છે.''તેમની આ કલાયાત્રા માત્ર ૧૦ વર્ષની ઉંમરે શરૂ થઈ હતી. વર્ષ ૧૯૮૨માં મુંબઈ ગયા બાદ તેમણે ૧૧ વર્ષ સુધી એસીના વ્યવસાય સાથે ફિલ્મ અને ટેલિવિઝનમાં કામ કર્યું. તેમણે રામગોપાલ વર્માની 'સત્યા' અને મહેશ ભટ્ટની 'માઉથફુલ ઓફ સ્કાય' જેવી ફિલ્મોમાં ટેકનિકલ સહાયક તરીકે કામ કર્યું છે. તાજેતરમાં જ, તેમણે શ્રી મુક્તાજીવન સ્વામીબાપા મહિલા કોલેજ માટે લખેલું અને દિગ્દર્શિત કરેલું નાટક 'ઈશ્વરની અમાનત' કચ્છ યુનિવર્સિટી યુવા મહોત્સવ ૨૦૨૫-૨૬માં પ્રથમ સ્થાને વિજેતા બન્યું છે.

નયન રાણાની સફર સાબિત કરે છે કે જો મનમાં કળા પ્રત્યે સાચો સમર્પણ ભાવ હોય, તો સામાન્ય વ્યવસાયની વચ્ચે પણ અસામાન્ય સિદ્ધિઓ હાંસલ કરી શકાય છે. આજે પણ તેઓ 'તાત ને તાપ' જેવી કૃતિઓ દ્વારા ખેડૂતોની વેદનાને વાચા આપવાનું કાર્ય કરી રહ્યા છે.

# આરટીઈ હેઠળ ૮૪ હજાર બેઠક પર વિદ્યાર્થીઓને ધો.૧માં પ્રવેશ અપાશે

## ગત વર્ષની સરખામણીમાં ૧૦ હજાર જેટલી બેઠકો ઘટી

**અબતક, રાજકોટ**

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭માં ૮૪ હજાર કરતા વધુ બેઠકો પર ગરીબ અને મધ્યમવર્ગના વિદ્યાર્થીઓને ધો.૧માં પ્રવેશ ફાળવવામાં આવશે. ગત વર્ષની સરખામણીમાં આ વખતે બેઠકોની સંખ્યામાં ૧૦ હજાર જેટલો ઘટાડો થયો છે. ચાલુ વર્ષ માટે આરટીઈમાં પ્રવેશ માટે ૪ એપ્રિલથી ફોર્મ ભરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવશે.આરટીઈમા ગુજરાતી માધ્યમની સૌથી વધુ ૪૧૪૧૧ બેઠકો પર પ્રવેશ ફાળવવામાં આવનાર છે. ગત વર્ષે ગુજરાતી માધ્યમની ૪૯ હજાર કરતા વધુ બેઠકો પર પ્રવેશ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ વખતના અગ્રતાક્રમમાં પણ ફેરફાર કરાયો છે, જે અનુસાર આંગણવાડીના બાળકોને ચાલુ વર્ષે અનામત કેટેગરીના વિદ્યાર્થીઓ પછી અગ્રતા આપવામાં આવી છે. રાજ્ય પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરી દ્વારા આરટીઈ અંતર્ગત ખાનગી શાળાઓમાં ગરીબ અને મધ્યમ વર્ગના બાળકોને પ્રવેશ આપવા માટેની જાહેરાત કરાઈ છે. ખાનગી શાળાઓમાં ગત વર્ષે પ્રવેશ મેળવેલ કુલ વિદ્યાર્થીઓના ૨૫ ટકા જેટલી બેઠકો પર ચાલુ વર્ષે વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવનાર છે. જેના પગલે ચાલુ વર્ષે ૮૪ હજાર કરતા વધુ બેઠકોમાં પ્રવેશ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. ગત વર્ષે ૯૪ હજાર જેટલી બેઠકોમાં પ્રવેશ માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીએ જારી કરેલી વિગતો મુજબ આરટીઈ અંતર્ગત પ્રવેશ મેળવવા માટે વિદ્યાર્થીઓ માટે ૪ એપ્રિલથી ઓનલાઈન ફોર્મ ભરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવશે. જેમાં ૧૭ એપ્રિલ સુધી ઓનલાઈન ફોર્મ ભરી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. ચાલુ વર્ષની પ્રવેશ કાર્યવાહીમાં ગુજરાતી માધ્યમની ૪૧૪૧૧ બેઠકો, અંગ્રેજી માધ્યમની ૪૦૨૬૨ બેઠકો, હિન્દી માધ્યમની ૨૨૩૫ બેઠકો અને અન્ય માધ્યમની ૩૨૦ બેઠકો માટે પ્રવેશ કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જોકે, હાલમાં વેરિફિકેશનની પ્રક્રિયા ચાલુ હોવાના પગલે બેઠકોની સંખ્યામાં સામાન્ય ફેરફાર થઈ શકે તેમ સૂત્રોએ જણાવ્યું હતું. આરટીઈના પ્રવેશ કાર્યવાહીમાં પ્રવેશ અગ્રતાક્રમમાં પણ ચાલુ વર્ષે ફેરફાર જોવા મળ્યો છે.આરટીઈમા પ્રવેશ માટે કુલ ૧૩ પ્રકારના વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવતો હોય છે અને તેમનો અગ્રતાક્રમ પણ નક્કી કરવામાં આવેલો છે. જે અનુસાર અગ્રતાક્રમમાં આગળ આવતા વિદ્યાર્થીઓને પ્રથમ પ્રવેશ મળે છે. અગ્રતાક્રમમાં સૌથી પહેલા અનાથ બાળકોને પ્રવેશ ફાળવવામાં આવે છે. આ સિવાય અન્ય કેટેગરી મળી કુલ ૧૩ જેટલી કેટેગરી નક્કી છે.

# નેપાળના ૪૭માં વડાપ્રધાન બન્યાં જેન-ઝી લીડર બાલેન શાહ

## બપોરે ૧૨:૩૪ કલાકે બાલેન શાહે હિન્દુ રીતિ-રિવાજ મુજબ પદ અને ગોપનીયતાના શપથ લીધા

**અબતક, રાજકોટ**

નેપાળના રાજકારણમાં એક ઐતિહાસિક પરિવર્તન આવ્યું છે. રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટીના યુવા નેતા અને કાઠમાંડુના પૂર્વ મેયર બાલેન્દ્ર શાહ ઉર્ફે બાલેન શાહને નેપાળના ૪૭માં વડાપ્રધાન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. રાષ્ટ્રપતિ રામચંદ્ર પૌડેલે બંધારણની કલમ ૭૬(૧) હેઠળ તેમની નિમણૂક કરી છે.

બાલેન શાહના વ્યક્તિત્વ અને તેમની કાર્યશૈલી પાછળ ભારતનો મોટો પ્રભાવ છે. તેમણે પોતાનું ઉચ્ચ શિક્ષણ ભારતમાં પૂર્ણ કર્યું છે. કાઠમાંડુમાં બેચલર ડિગ્રી મેળવ્યા બાદ, બાલેન શાહ ભારત આવ્યા હતા અને એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યો હતો. વિશ્વેશ્વરૈયા ટેકનોલોજીકલ યુનિવર્સિટીમાં અભ્યાસ કર્યો હતો. તેમણે ભારતની પ્રતિષ્ઠિત વિશ્વેશ્વરૈયા ટેકનોલોજીકલ યુનિવર્સિટી (કર્ણાટક) માંથી સ્ટ્રક્ચરલ એન્જિનિયરિંગમાં માસ્ટર ડિગ્રી મેળવી છે. ભારતમાં મેળવેલી આ




એન્જિનિયરિંગની ડિગ્રી અને ટેકનિકલ સમજને કારણે જ તેમણે કાઠમાંડુના મેયર તરીકે ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને શહેરી વિકાસમાં ક્રાંતિકારી ફેરફારો કર્યા હતા. જેણે તેમને વડાપ્રધાન પદ સુધી પહોંચાડવામાં મદદ કરી છે. આજે બપોરે ૧૨૩૪ કલાકે બાલેન શાહે હિન્દુ રીતિ-રિવાજ મુજબ પદ અને ગોપનીયતાના શપથ લીધા હતા. આ પ્રસંગે સાત શંખનાદકોએ શંખ ફૂંકીને માંગલિક શરૂઆત કરી હતી. જેને નેપાળી પરંપરામાં સફળતા અને સકારાત્મકતાનું પ્રતીક માનવામાં આવે છે.૧૯૯૦માં કાઠમાંડુમાં જન્મેલા બાલેન શાહે ૨૦૨૨માં અપક્ષ ઉમેદવાર તરીકે કાઠમાંડુના મેયરની ચૂંટણી જીતીને સૌને ચોંકાવી દીધા હતા. હવે માત્ર ચાર વર્ષમાં તેઓ દેશના સર્વોચ્ચ પદ પર બિરાજમાન થયા છે. એક એન્જિનિયર તરીકેનું તેમનું વિઝન હવે આખા નેપાળના વિકાસ માટે કામ કરશે તેવી આશા રાખવામાં આવી રહી છે.

# જીટીયુના એનએસએસ યુવાનોએ ઉત્તર પૂર્વ યુવા મહોત્સવમાં ગુજરાતી કલાના કરાવ્યા દર્શન

## પાંચ દિવસીય મહોત્સવમાં ૨૦ રાજ્યોના ૨૦૦ કલાકારો વચ્ચે ગુજરાતી ગરબો ગુંજ્યો

**અબતક, રાજકોટ**

નાગાલેન્ડ ખાતે નોર્થ ઈસ્ટ યુથ ફેસ્ટિવલ ૨૦૨૬ યોજાયો હતો. આ ફેસ્ટિવલનું આયોજન નાગાલેન્ડ સરકાર દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં નોર્થ ઈસ્ટની સેવન સિસ્ટર સ્ટેટ્સ-અરુણાચલ પ્રદેશ, આસામ, મણિપુર, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ, ત્રિપુરા તથા સિક્કિમ રાજ્યના યુવાનો જોડાયા હતા.




રાષ્ટ્રીય સેવા યોજના હેઠળ દેશભરના ૨૦થી વધુ રાજ્યોમાંથી ૨૦૦ કરતાં વધુ સ્વયંસેવકો જોડાયા હતા. જેમાં ગુજરાતમાંથી ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના ચાર ભાઈઓ અને ચાર બહેનો સ્વયંસેવકો તથા પ્રોગ્રામ ઓફિસર ડો.વિકાશ અગ્રવાલ ઈન્ચાર્જ તરીકે જોડાયા હતા.

આ પાંચ દિવસીય કાર્યક્રમ દરમિયાન દેશભરના યુવાનોને નોર્થ ઈસ્ટના યુવાનો સાથે રહી તેમની સંસ્કૃતિ, પરંપરા અને જીવનશૈલીને નજીકથી સમજવાનો અવસર મળ્યો હતો.

સાંસ્કૃત્તિક સભ્યતાના આદાનપ્રદાન કાર્યક્રમ દ્વારા ''એક ભારત, શ્રેષ્ઠ ભારત''ની ભાવના વધુ મજબૂત બને છે. ગુજરાતના યુવાનો દ્વારા પરંપરાગત વેશભૂષામાં ગરબા રજૂ કરવામાં આવ્યા હતા.

જીટીયુના વિદ્યાર્થીઓએ સૌ સાથે સહકાર અને સમન્વયથી રહી દેશભરના યુવાનોમાં પોતાની સકારાત્મક છાપ ઊભી કરી હતી. રીજનલ ડાયરેક્ટર ડો. કમલકુમાર કર તથા જીટીયુના હોદ્દેદારો દ્વારા એનએસએસના સ્વયંસેવકોને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# રેલ સબ-વેથી ટ્રેક પર થતી દુર્ઘટનાઓ પર રોક લગાવાશે

## ટ્રેકની આરપાર સુગમ સબ વેનું નિર્માણ ૧૨ કલાકમાં કરી શકાશે

**અબતક, રાજકોટ**

રેલવે ટ્રેક પાર કરતી વખતે થતી દુર્ઘટનાઓને હવે રેલવે મિશન મોડમાં રોકશે. સુવિધાજનક સબ વે બનાવી આ સુનિશ્ચિત કરવામાં આવશે. તેની વ્યાપક તૈયારીઓના ભાગરૂપે રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવે નવી દિલ્હીમાં સંબંધિત અધિકારીઓ સાથે વર્કશોપ કરી વાતચિત કરી હતી.

રેલવે ટ્રેકની એક બાજુ વસાહત છે અને બીજી બાજુ ખેતર, શાળા, સ્મશાન અથવા અન્ય ઉપયોગી અને મહત્વપૂર્ણ સ્થળો છે, તેવા સ્થળોએ આ રેલવે સબ વે બનાવવામાં આવશે. રેલ મંત્રીએ દેશભરમાં આવા સબ વે બનાવવા માટે નિર્દેશ આપ્યો છે, જ્યાં રોજિંદા જીવનમાં મોટી સંખ્યામાં લોકો રેલવે ટ્રેક પાર કરે છે.

રેલ મંત્રીએ અધિકારીઓને એવી સુવિધાજનક રેલવે સબ વે બનાવવાની સૂચના આપી કે જે રેલવે ટ્રેક પાર કરતા લોકો માટે જીવનદાયી વિકલ્પ બની શકે.

આ સબ વે બનાવતી વખતે એ વાતનું ધ્યાન રાખવામાં આવશે કે સામાન્ય માણસ સાયકલ, મોટરસાયકલ તથા રોજગાર સંબંધિત અન્ય સામાન સાથે સરળતાથી પસાર થઈ શકે. આથી દેશભરમાં રેલવે ટ્રેક પાર કરતી વખતે થતી દુર્ઘટનાઓમાં ઘટાડો થશે. દેશની મોટી જનસંખ્યા માટે ભારતીય રેલના આ સબ વે આશીર્વાદ સમાન સાબિત થશે.

રેલ મંત્રીએ અધિકારીઓને આ મોટી સમસ્યાથી આગામી ૫-૬ વર્ષમાં મુક્તિ અપાવવા કહ્યું છે. આ સબ વે એવી રીતે બનાવવામાં આવશે કે રેલવે ટ્રેકની આરપાર તેનું નિર્માણ માત્ર ૧૨ કલાકમાં શક્ય બને તેમજ ડિઝાઈન એવી હોવી જોઈએ કે લોકો તેને ઉપયોગમાં લેવા માટે સંકોચ થાય નહીં અને પાણી ભરાવાથી સબ વે પ્રભાવિત ન થાય. રેલવે સબ વે બનાવવાનો આ મહત્વપૂર્ણ નિર્ણય છેલ્લા ઘણા દિવસોથી અધિકારીઓ સાથે ચાલી રહેલી ચર્ચા-વિચારણાનું પરિણામ છે. રેલ મંત્રીએ માન્યું કે વ્યવસ્થા સંવેદનશીલ હોવી જોઈએ અને સામાન્ય માણસની સમસ્યાઓનો એવો ઉકેલ શોધવામાં આવે જે આવનારા ઘણા દાયકાઓ સુધી અસરકારક રહે.

# વિશ્વનીડમ ગુરૂકુલમ ખાતે રવિવારે 'બાયોગેસ પ્લાન્ટ'નો શુભારંભ

## ભોજન શાળાને કાયમી ગેસ મળી રહેતા આત્મનિર્ભર કાયમી રસોડુ નિર્માણ થયું

## 'અબતક' ની મુલાકાતમાં ગુરૂકુલમના જીતુભાઈએ આપી વિવિધ માહીતી

**અબતક, રાજકોટ**

વિશ્વનીડમ ગુરુકુલમ છેલ્લા ૩૦ વર્ષથી સમાજના છેવાડાના માનવીઓ માટે અક્ષર જ્ઞાનના માધ્યમથી આત્મ નિર્ભર બનાવવા માટેના પ્રયત્નો કરે છે. આજે રાજકોટના ૧૪ જેટલા પછાત વિસ્તારોમાં લગભગ બાળકો સાક્ષર થયા વાલીઓ કુટુંબ નિયોજન પણ જાગૃત થયા. બાળક પોતાની જવાબદારીના સુત્રે મા-બાપ તથા બાળકો બન્ને જવાબદાર પણ થયા અમારી યાત્રા કાચબાની ચાલે ધીરે ધીરે આગળ વધી રહી છે તે આજે વિશાળ ગુરુકુલમ ના સ્વરુપે કાર્યરત



થઈ છે. સમગ્ર ભામાશા જગતના દાનથી ઈશ્વરીયાની વીંડીમાં આજે ત્રણ કરોડના ખર્ચે ગુરુકુલમ ભવન નિર્માણ પામ્યું અને મિત્રો માત્ર બે જ મહિનાના ટુંકા ગાળામાં રાઘવેન્દ્ર ગ્રીન ટેકનોલોજી પ્રાઈવેટ લી. ના પ્રયત્નોથી આજે જયારે વૈશ્વિક યુધ્ધના ભણકારા વચ્ચે ગેસ પેટ્રોલ ની અછતના સમયે ગુજરાત સરકાર દ્વારા આજરોજ ગેસ બાબતે આત્મનિર્ભર થયું છે. જેમાં ૨૬ લાખના ખર્ચે બાયોગેસ પ્લાન્ટ વિશ્વનીડમને પ્રાપ્ત થયો છે. જયારે જયાં ૨૦૦ બાળકો રહીને અભ્યાસ તથા ત્રણ ટાઈમ ભોજન કરી શકે તો પણ ભવિષ્યમાં પણ કયારેય ગેસના બાટલાઓ ની જરુર ન પડે.

રવિવારે બાયોગેસ પ્લાન્ટને લોકાર્પણ કરવા જઈ રહા છીએ. તથા વિશ્વનીડમના જ બે ભૂતપૂર્વ બાળકોને દાતાઓ ના હસ્તે સન્માનીત પણ કરાશે.

વિશ્વનીડમના જ બાળકોને પશુપાલન, ઘોડેશ્વારી, રાઈફલ શુટીંગ, જૈવિક ખેતી, ઈલેકટ્રીક કામ વેલ્ડીંગ કામ, પ્લમ્બિગ કામ જેવા વિષયોની તાલીમ પણ આપી રહો છે. આ કાર્યક્રમમાં બે તેજસ્વી છાત્રોનું સન્માન પણ કરાશે. રાજકોટ થી છ કિ.મી. દુર આવેલા વિશ્વ નિડમ ગુરુકુલમ ઈશ્વરીયાની વિડીમાં સૌરા. યુનિ. મુંઝકા પાસે યોજાયેલ કાર્યક્રમમાં પધારવા જાહેર નિમંત્રણ સંસ્થાના સંચાલક જીતુભાઈએ પાઠવેલ છે.

# નરેન્દ્ર મોદી માત્ર એક વ્યક્તિ નથી પરંતુ એક વિચાર અને સંસ્થા છે: વિશ્વકર્મા

## ભાજપના કરોડો કાર્યકરો માટે નરેન્દ્રભાઈ મોટા પ્રેરણા સ્રોત: પ્રદેશ અધ્યક્ષ

**અબતક, રાજકોટ**

ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માએ પત્રકાર પરિષદને સંબોધન કર્યું હતું.

જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં ૮,૯૩૧ દિવસ સુધી ચૂંટાયેલી સરકારના વડા તરીકે સેવા આપવાનો ઐતિહાસિક રેકોર્ડ સ્થાપ્યો છે. પહેલા મુખ્યમંત્રી અને ત્યારબાદ વડાપ્રધાન તરીકે સતત ૮,૯૩૧ દિવસ સુધી શાસનનું નેતૃત્વ કરીને તેમણે સિક્કિમના ભૂતપૂર્વ મુખ્યમંત્રી પવન કુમાર ચામલિંગજીના ૮,૯૩૦ દિવસના રેકોર્ડને પાછળ છોડી દીધો છે. સાથે જ તેઓ ગુજરાતના સૌથી લાંબા સમય સુધી સેવા આપનારા મુખ્યમંત્રી રહી ચૂક્યા છે અને વડાપ્રધાન તરીકે પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીજીના ૪,૦૭૭ દિવસના કાર્યકાળનો રેકોર્ડ પણ પાછળ છોડી દીધો છે.

તેમણે યાદ અપાવ્યું કે વર્ષ ૨૦૦૧માં જ્યારે નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતનું સુકાન સંભાળ્યું ત્યારે રાજ્ય સામે અનેક પડકારો ઉભા હતા. ૨૦૦૧ નો ભૂકંપ રાજ્ય માટે અને વિશેષ કરીને કચ્છ માટે વિનાશ બનીને આવ્યો હતો. ઘણા લોકો કહેતા હતા કે કચ્છ ફરી બેઠું થઈ શકશે નહીં. પરંતુ નરેન્દ્રભાઈ મોદીના દ્રઢ મનોબળ, પ્રબળ ઈચ્છાશક્તિ અને મજબૂત નેતૃત્વથી



કચ્છ ફરી ઊભું થયું અને કચ્છની ગાથા ઈતિહાસમાં લખાય તે રીતે તેનો વિકાસ થયો.

તેઓ ન તો આંખ ઝૂકાવીને વાત કરશે, ન તો આંખ કાઢીને, પરંતુ આંખમાં આંખ મિલાવીને વાત કરશે. ઉરી અને પુલવામાના કાયરતાપૂર્ણ હુમલાનો જવાબ ભારતે ડોઝિયર સોંપીને નહીં, પરંતુ સર્જિકલ સ્ટ્રાઈક અને બાલાકોટ એર સ્ટ્રાઈકથી દુશ્મનના ઘરમાં ઘૂસીને આપ્યો. ઓપરેશન સિંદૂર જેવી વ્યૂહાત્મક રણનીતિઓએ દુનિયાને એ સ્પષ્ટ સંદેશ આપ્યો કે આ નવું ભારત છે, આ ન તો કોઈને છેડે છે, અને જો કોઈ તેને છેડે છે તો તેને છોડતું પણ નથી.

તેઓએ કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીને અત્યાર સુધી ૨૯ થી વધુ દેશોએ પોતાના સર્વોચ્ચ નાગરિક અને રાજકીય સન્માનોથી સન્માનિત કર્યા છે. અને ૧૯ દેશોની સંસદમાં તેમને સંબોધન કરવાની તક મળી છે જે તેમના વૈશ્વિક નેતૃત્વ, રાજદ્વારી કૌશલ્ય અને ભારતની વધતી આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠાને દર્શાવે છે.


સનાતન સંસ્કૃતિ, આધ્યાત્મિક પરંપરા અને ભારતીય મૂલ્યોને વિશ્વ મંચ પર ગૌરવ અપાવવાનું કાર્ય નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં થયું છે. કાશ્મીરમાથી કલમ ૩૭૦ ની નાબૂદીનું કરોડો નાગરિકોનું વર્ષો જૂનું સ્વપન મોદીજીના નેતૃત્વમાં સાકાર થયું છે. જ્યારે દેશને સૌથી મોટી મહામારી કોવિડ-૧૯એ થંભી જવા મજબૂર કરી દીધો હતો. ત્યારે નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં 'આત્મનિર્ભર ભારત'નો સંકલ્પ લેવામાં આવ્યો. ભારતે પોતાની સ્વદેશી વેક્સિન જ ન બનાવી, પરંતુ ૨૨૦ કરોડથી વધુ ડોઝનું દુનિયાનું સૌથી મોટું અને સફળ રસીકરણ અભિયાન ચલાવીને કરોડો દેશવાસીઓના જીવ બચાવ્યા. સાથે જ ભારતે ૧૦૦ થી વધુ દેશોને વેક્સિનની લગભગ ૩૦ કરોડથી વધુ ડોઝ પણ પંહોચાડ્યા.

તેમણે કહ્યું કે, વિપક્ષે મોદી ઉપર વ્યક્તિગત હુમલા કર્યા. ''ચા વાળો'', મોત કા સોદાગર, ચોર, નીચ, મોદી તેરી કબ્ર ખુદેગી જેવા અપશબ્દો બોલ્યા. તેઓની પૂજનીય માતા માટે પણ અપશબ્દો કહ્યા. પરંતુ જનતાએ દરેક વખતે જવાબ આપ્યો - વિશ્વાસથી, મતથી અને સમર્થનથી. નરેન્દ્રભાઈ મોદીનું વ્યક્તિત્વ અને કાર્યશૈલી આજે ભાજપના દરેક કાર્યકર્તા માટે પ્રેરણાસ્ત્રોત છે. તેમનો સંઘર્ષ કાર્યકર્તાને ઊર્જા આપે છે, તેમનું સમર્પણ કાર્યકર્તાને લડવાની શકિત આપે છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી માત્ર એક વ્યક્તિ નથી, પરંતુ એક વિચાર અને સંસ્થા છે.

# પાટીદાર સમાજ તક ઉભી કરનારો સમાજ છે: મૌલેશભાઈ ઉકાણી



## ઈશ્વરીયા ખાતે ઉમા સંકુલમાં જીવન વિદ્યાપીઠનું ભુમિપુજન કરાયું: જ્ઞાતિજનોએ સમુહમાં ઉમા પ્રસાદનો લ્હાવો લીધો





**અબતક, રાજકોટ**

ઈશ્વરીયા ખાતે ઉમા સંકુલમાં જીવન વિદ્યાપીઠનું ભુમિ પુજન કરવામાં આવ્યું હતું. આ તકે મુખ્ય દાતા જીવનભાઈ ગોવાણી પરિવાર સહિતના દાતાઓ તથા ઉમિયાધામના ૨૨ દાતા ટ્રસ્ટીઓનું સન્માન કરાયું હતું. આ તકે ઉમિયા ધામના પ્રમુખ મૌલેશભાઈ ઉકાણીએ જણાવ્યું હતું કે, સંગઠનશકિત જ પાટીદાર સમાજનું અસિતત્વ છે. પાટીદાર સમાજ તક ઉભી કરનાર સમાજ છે. પાટીદાર સમાજે પોતાના વડવાઓના પરિશ્રમ થકી પ્રગતિ સાધી છે. પથ્થરમાંથી શિલ્પ (મૂર્તિ) બન્યો છે. સમાજે સંગઠીત થવાની વાત પર તેઓએ ભાર મુકયો હતો. સૌરાષ્ટ્રની તમામ સંસ્થાઓએ ઉમિયા ધામના નેજા હેઠળ બની કાર્ય કરવું. પાટીદાર સમાજ સરસ્વતિની સાધના મા લક્ષ્મીની ધનકૃપા અને મા ઉમિયાની આરાધના થકી સંગઠિત બની પ્રગતિ સાધે તેવી નેમ વ્યકત કરી હતી.

ઈશ્વરીયા ખાતે ચાર દિવસીય ત્રિવેણી સમારોહના પહેલા દિવસે તા. ૨૨ ના વોર્ડ નં. ૧ થી ૯ ના પાટીદારોએ જ્ઞાતિ સમુહ ભોજન તેમજ સાગર પટેલ તથા જોય અધેરાનો કાર્યક્રમ માણ્યો હતો. બીજા દિવસે તા.૨૩ને સોમવારે વોર્ડ નં. ૧૦, ૧૩ થી ૧૯ ના પાટીદારોએ જ્ઞાતિ સમુહ ભોજન ૨૫ કુંડી મહાયજ્ઞ દર્શન, ની સાથે ગુણવંત ચુડાસમાનો હાસય દરબાર માણ્યો હતો. બુધવારે વોર્ડ નં. ૧૨ ના પાટીદારો જ્ઞાતિ સમુહ ભોજનમાં જોડાય નૃત્ય ભકિતમય સંગીત સાથે સૌરાષ્ટ્રની પ્રખ્યાત શ્રીનાથજીની ઝાંખી માણી હતી. તા. ૨૬ ને રામનવમીએ યોજાનાર ઉમા સંકુલ, રાજકોટનું ભુમિપુજન કાર્યક્રમ તા. ૨૫ને બુધવારે સાંજે ૫ કલાકે જીવન વિદ્યાપીઠ, રાજકોટ પ્રોજેકટના મુખ્ય દાતા જીવનભાઈ ગોરધનભાઈ ગોવાણી તથા ભુપેશભાઈ ગોવાણી (મુંબઈ) પરિવારના હસ્તે થયું હતું.ઈશ્વરીયા ખાતે ત્રિવેણી સમારોહના વિશાળ પટ્ટાંગણમાં સમારોહ સ્થળના પ્રારંભે આકર્ષક સુશોભીત પ્રવેશ દ્વારા, મા ઉમિયા, શ્રીરામ-લક્ષ્મણ જાનકી સાથેની પ્રતિમા, શિવજીની પ્રતિમા સાથેના મંદિરો, કૃષ્ણની મોહમ પ્રતિમા લોકોના આકર્ષણનું કેન્દ્ર બની રહ્યા છે.

### સમુધ્ધી યોજના અંતર્ગત શૈક્ષણીક પ્રોજેકટમાં દાન આપનારા દાતાઓને વધાવતા ઉમિયાધામના હોદેદારો

સમુધ્ધી યોજના-૩ અંતર્ગત ઉમા સંકુલ, જીવન વિદ્યા પીઠ, રાજકોટ, ઉના વાટીકા સિદસર, ઉમા છાત્રાલય હોસ્ટેલ અમદાવાદ ના શૈક્ષણીક નિર્માણાધીન છે. આ સમૃધ્ધી યોજનાઓમાં ઈશ્વરીયા ઉમાસંકુલ માં જીવન વિદ્યાપીઠ રાજકોટમાં ૧૨.૫૧ કરોડનું દાન આપનાર મુખ્ય દાતા જીવનભાઈ ગોવાણી પરિવાર, ૩.૧૧ કરોડના ઓડીટોરીયમ હોલના દાતા તરીકે અમીતાબેન નટુભાઈ ઉકાણી તથા સોનલબેન મૌલેશભાઈ ઉકાણી, સ્પોર્ટસંકુલના દાતા પાણ ગ્રુપના મનસુખભાઈ પાણ, રાજનભાઈ વડાલીયા, સનફોર્જના રાજેશભાઈ કાલરીયા, ૩.૧૧ કરોડ વિદ્યાસંકુલ-૧ ના દાતા ઈટાલીકા ગ્રુપના રેખાબેન શૈલેશભાઈ વૈશ્નાણી, ૩.૧૧ કરોડ વિદ્યાસંકુલ-૨ ના દાતા કિરણભાઈ વાછાણી, ૧.૧૧ કરોડના લાયબ્રેરીના દાતાફાલ્કન ગ્રુપના પરીતા રીશીભાઈ કોટડીયા, ભાવનાબેન જગદીશભાઈ કોટડીયા, ૧૧ લાખ ના લીફટના દાતા દિલીપભાઈ તથા નીતીનભાઈ ફળદ જામનગર, ૭.૫૧ લાખા સ્કુલરુમના દાતા તરીકે પ્રવીણભાઈ રામાણી, સંજયભાઈ કોરડીયા (ધારાસભ્ય-જુનાગઢ) સહીતના દાતાનું સન્માન કરાયું હતું.



### ઉમિયાધામ દ્વારા માત્ર કડવા પાટીદારો જ નહીં સર્વ જ્ઞાતિ- સર્વ સમાજના હોદેદારોને આમંત્રણ

તાજેતરમાં જ રાજકોટના રાજમાર્ગો પર જગત જનની મા ઉમિયાની નગરયાત્રામાં રાજકોટ શહેરની એકતા અને સમરસતાના અભૂતપૂર્વ દર્શન થયા હતા. શોભાયાત્રાના રૂટ પર ઠેર ઠેર સ્વાગત પોઈન્ટ પર દરેક જ્ઞાતિ સમાજના આગેવાનોએ મા ઉમિયાના દર્શન સ્વાગતમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ. આ ભાતૃભાવની લાગણીને વધારે મજબુત કરવા ઉમિયા ધામના હોદેદારો દ્વારા ઈશ્વરીયા ખાતે ત્રિવેણી સમારોહમાં જીવન વિદ્યાપીઠ ના ભૂમિપુજન પ્રસંગે જ્ઞાતિ સમુહ ભોજનમાં સર્વ જ્ઞાતિ સર્વે સમાજના સંસ્થાના ટ્રસ્ટીઓ, આગેવાનો શ્રેષ્ઠીઓ કાર્યક્રમ ભોજનપ્રસાદ અને દર્શનમાં સામેલ થયા હતા.

‘અન્ન ભેગા તેના મન ભેગા’ ના સૂત્રને સાર્થક કરતા સૌ એક અંક પંગતમાં ભોજન લઈ એકતા અને સંગઠન શકિતનો પરિચય કરાવી સમાજ વિકાસના કાર્યો અને આગામી નિર્માણાધીન પ્રોજેકટોના વિકાસને વેગ અને ઉત્સાહ પુરો પાડયો હતો. ત્રિવેણી સમારોહમાં આયોજન અને અમલિકરણ સમીતીના અધ્યક્ષ કૌશિકભાઈ રાબડીયા, ઉપાધ્યક્ષ હર્ષિતભાઈ કાવર, મંત્રી પ્રફુલભાઈ કાથરોટીયાના માર્ગદર્શન હેઠળ ૪૦ જેટલી સમીતીઓમાં ૩ હજાર જેટલા સ્વયસેવકો પોતાના શ્રમયજ્ઞ થકી પાર્કીંગ, રસોડા, ભોજનાલય જેવી મહત્વપૂર્ણ કામગીરી પુરી નિષ્ઠાથી બજાવી હતી. સમગ્ર વ્યવસ્થાને સુચારુઢબે પરિપૂર્ણ કરવા ઉમિયા પરિવાર સંગઠન સમીતી રાજકોટના સ્વયંસેવકોએ જહેમત ઉઠાવી હતી.




# લેઉવા પટેલ બોર્ડિંગના નવનિર્મિત ભવનનું કાલે મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણ

## સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાનું અનાવરણ કરાશે, લેઉવા પટેલ સમાજના બાળકોને રહેવાની-શિક્ષણની ઉતમ સુવિધા હવે ઘર આંગણે





**અબતક,રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ કાલે રાજકોટમાં ઉપસ્થિત રહેશે. શહેરમાં લેઉવા પટેલ બોર્ડિંગ, બાલાજી હોલ સામે, ૧૫૦ ફૂટ રીંગરોડ ખાતે સ્થિત લેઉવા પટેલ બોર્ડિંગના નવનિર્મિત ભવનનું લોકાપર્ણ તેમજ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાનું અનાવરણ મુખ્યમંત્રીના હસ્તે કરાશે. લેઉવા પટેલ સમાજના બાળકો વિદ્યાર્થીઓને રહેવા તેમજ શિક્ષણની ઉતમ સુવિધા ઘર આંગણે મળી રહેશે. તેમ જેતપુર-જામકંડોરણાના ધારાસભ્ય જયેશભાઈ રાદડીયાએ જણાવ્યું છે. આ કાર્યક્રમમાં કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી મનસુખભાઈ માંડવીયા સહિત વિવિધ ખાતાના મંત્રી અને લેઉવા પટેલ સમાજના આગેવાનો હાજરી આપશે.

લેઉવા પટેલ નૂતન કેળવણી મંડળ રાજકોટ સંચાલીત લેઉવા પટેલ બોર્ડીંગના નવ નિર્માણ પામેલ અદ્યતન બિલ્ડીંગનો લોકાપર્ણ સમારોહ (લેઉવા પટેલ બોર્ડીંગ, સરદાર પટેલ વિદ્યામંદિર) તેમજ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા અનાવરણ સમારોહ ૨૮ માર્ચને શનિવારે સાંજે ૪.૩૦ કલાકે યોજાશે. લેઉવા પટેલ બોર્ડીંગના નવનિર્માણ પામેલ ભવનની લોકાપર્ણ તથા પ્રતિમા અનાવરણ વિધી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે કરાશે.

સમારોહના મુખ્ય મહેમાન કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા, ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશભાઈ પટેલ, કૃષિ અને સહકાર મંત્રી જીતુભાઈ વાઘાણી, રાજયકક્ષાના મંત્રી કૌશિકભાઈ વેકરિયા અને ધારાસભ્ય જયેશભાઈ રાદડીયા હાજર રહેશે.

કાર્યક્રમનો પ્રારંભ ભવનના લોકાપર્ણ, પ્રતિમા અનાવરણ સાથે સાંજે ૫ કલાકે થશે. સાંજના ૫.૧૫ કલાકે દિપ પ્રાગટય, મહેમાનોનું સ્વાગત અભિવાદન સાંજના ૫.૩૦ કલાકે, મહેમાનોનું પ્રવચન સાંજે ૫.૪૫ કલાકે અને ભોજન સમારંભ સાંજના ૭ કલાકે યોજાશે.

લેઉવા પટેલ સમાજે ખંત, મહેનત અને ખમીરથી સદકાર્યો કરીને અનેરી ઓળખ ઉભી કરી છે. ત્યારે આજની પેઢીના ઉજજવળ ભવિષ્યના નિર્માણ માટે સમાજના દાતાઓ અને આગેવાનો આગળ આવ્યા છે. લેઉવા પટેલ નૂતન કેળવણી મંડળ રાજકોટ સંચાલિત લેઉવા પટેલ બોર્ડીંગના નવનિર્માણ પામેલ અધતન બિલ્ડીંગનું લોકાપર્ણ કરવામાં આવશે.આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ઉપરાંત ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, સંસદ સભ્ય પરસોતમભાઈ રૂપાલા, સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ ટ્રસ્ટ નાથદ્વારાના ઉપપ્રમુખ રાજુભાઈ હિરપરા, પૂર્વ કેબીનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલ, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, પૂર્વ સાંસદ શિવલાલ વેકરિયા તેમજ બાલાજી વેફર્સના ચંદુભાઈ વિરાણી પણ હાજર રહેશે.સમારોહનાં અતિથી વિશેષ તરીકે લેઉવા પટેલ અતિથી ભવન સોમનાથના પ્રમુખ ભવાનભાઈ રંગાણી, સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશનના પ્રમુખ હરેશભાઈ પરસાણા, સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ ટ્રસ્ટ નાથદ્વારાના ભુપતભાઈ બોદર, વરૂણ ગ્રુપના રામજીભાઈ હરસોડા, સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ ટ્રસ્ટ નાથદ્વારાના ટ્રસ્ટી ડી.કે. સખીયા સહિતના આગેવાનો હાજર રહેશે.

### પવિત્ર જમીનદાનથી નવી આશાઓનું સર્જન થશે

લેઉવા પટેલ બોર્ડિંગના ભવનનું નિર્માણ કરવા માટે સમાજના દાતાઓએ જમીનદાન પણ કર્યું છે. આ પવિત્ર જમીનદાનથી નવી આશાઓનું સર્જન થશે. લેઉવા પટેલ બોર્ડિંગ માટે સ્વ. પોપટભાઈ લાખાભાઈ સોરઠીયા પરિવાર તરફથી ૨ એકર, સ્વ. માવજીભાઈ બેચરભાઈ અકબરી પરિવાર દ્વારા ૧ એકર, સ્વ. રવજીભાઈ બેચરભાઈ અકબરી પરિવાર તરફથી ૨ એકર અને સ્વ. લાલજીભાઈ જેરામભાઈ તંતી પરિવાર તરફથી ૧ એકર જમીન દાનમાં આપવામાં આવી છે.

# ધો.૧ થી ૧૧માં એઆઈ અને લેંગ્વેજ પ્રોગ્રામ સહિતના વિષયોનો સમાવેશ કરાશે

## નવા શૈક્ષણિક વર્ષથી જુદા જુદા ૩૨ નવા પુસ્તકો અભ્યાસક્રમમાં લાગુ કરાશે: અગાઉ વર્ષ ૨૦૧૩-૧૪માં નવા પુસ્તકો લાગુ કર્યા બાદ અંદાજે ૧૩ વર્ષ પછી એકસાથે ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી માધ્યમમાં પણ પુસ્તકો બદલાશે

**અબતક, રાજકોટ**

રાજ્યની પ્રાથમિકથી લઈને માધ્યમિક સુધીના વિવિધ માધ્યમોમાં વર્ષ ૨૦૨૬-૨૭માં જુદા જુદા ૩૨ પાઠ્યપુસ્તકોમાં સંપૂર્ણ ફેરબદલ કરી દેવામાં આવ્યો છે. અમલમાં લાવવામાં આવેલા નવા પુસ્તકોમાં ભાષા,ગણિત અને સાયન્સ એન્ડ ટેકનોલોજીના પુસ્તકો પર વિશેષ ભાર મુકવામાં આવ્યો છે.ખાસ કરીને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને પ્રોગ્રામ લેગ્વેંજના વિષયોને પણ સામેલ કરવામાં આવ્યા છે.શિક્ષણ વિભાગ દ્વારા સમયાંતરે ધો.૧થી ૧૧ના પાઠ્યપુસ્તકોમાં ફેરફાર કરવામાં આવતો હોય છે. વર્તમાન પરિસ્થિતિને અનુકુળ હોય તેવા વિષયો દાખલ કરીને જૂના વિષયો રદ કરવામાં આવતાં હોય છે. વર્ષ ૨૦૨૬-૨૭માં જુદા જુદા ધોરણોના અંદાજે ૩૨ પુસ્તકોમાં મોટાપાયે ફેરબદલ કરવાની જાહેરાત કરી દેવામાં આવી છે. મહત્વની વાત એ છે કે,ધો.૯ અને ૧૧માં વર્ષ ૨૦૧૩--૧૪માં નવા પુસ્તકો દાખલ કરવામાં આવ્યા હતા. હાલમાં જ આજ પુસ્તકો ભણાવવામાં આવી રહ્યા છે. હવે પછી અંદાજે ૧૩ વર્ષ પછી અત્યાધુનિક પુસ્તકો દાખલ કરવામાં આવ્યા છે. જેમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને આધુનિક પ્રોગ્રામિંગ લેંગ્વેજ જેવા વિષય પર પહેલી વખત દાખલ કરવામાં આવ્યા છે. પ્રાથમિક વિભાગમાં ધો.૨માં ગુજરાતી પ્રથમ અને દ્વિતીય ભાષામાં વાચનમાળા નામનું પુસ્તક અને ધો.૩માં ગણિત મેળો અને આપણી અદ્દભૂત દૂનિયા (પર્યાવરણ) જેવા પુસ્તકો દાખલ કરવામાં આવ્યા છે. આજ રીતે ધો.૬માં ગણિત પ્રકાશ અને વિજ્ઞાનમાં કુતુહલ નામના પુસ્તકો તૈયાર કરી દેવામાં આવ્યા છે. મહત્વની વાત એ કે, આ પુસ્તકો માત્ર ગુજરાતી માધ્યમમાં નહી પરંતુ અંગ્રેજી માધ્યમમાં પણ સમાન પધ્ધતિથી ૩૨ જેટલા પુસ્તકો લાગુ કરવામાં આવશે. ધો.૭ અને ૮માં અંગ્રેજી અને હિન્દી માધ્યમના પુસ્તકોમાં શ્રીમદ્દ ભાગવદ્દ ગીતા ના પાયાના મૂલ્યો જેવું પુસ્તક દાખલ કરીને વિદ્યાર્થીઓમાં નૈતિકતાના મુલ્યો વધે તેવો પ્રયાસ કરવામાં આવ્યો છે. હાલની સ્થિતિમાં ધો.૬થી ૮માં શ્રીમદ્દ ભાગવદ્દ ગીતા એક સમાન પુસ્તક ભણાવવામાં આવતું હતુ. પરંતુ હવે આગામી વર્ષથી ધો.૭માં દરેકમાં આ લાગુ કરવામાં આવશે.ધો.૬ અંગ્રેજી માધ્યમમાં સામાજિક વિજ્ઞાન અને સાયન્સ, મેથ્સમાં પણ નવા પુસ્તકો લાગુ કરવામાં આવશે. આજ રીતે ધો.૭માં અંગ્રેજી માધ્યમમાં શ્રીમદ્દ ભાગવદ્દ ગીતા અને ધો.૯ અને ૧૧માં કોમ્પ્યુટર વિષય લાગુ કરવામાં આવશે. ધો.૩ અંગ્રેજી માધ્યમમાં સંતૂર, મેથ્સ મેલા અને અવર વંડર્સ વર્લ્ડ જેવા પુસ્તકો લાગુ કરવામાં આવ્યા છે.

## સ્પોર્ટ્સ અબતક

# ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચે ફેબ્રુઆરી-૨૦૨૭માં પાંચ ટેસ્ટ મેચ રમાશે

## શ્રીલંકા સામે અમદાવાદમાં ડિસેમ્બરમાં વન-ડે અને રાજકોટમાં ટી-૨૦ મેચ યોજાશે: બીસીસીઆઈએ ૨૦૨૬-૨૭ સીઝન માટે શેડ્યૂલ જાહેર કર્યું

### બોર્ડર-ગાવસ્કર ટ્રોફી, ઓસ્ટ્રેલિયા સાથે પાંચ ટેસ્ટ મેચની ટક્કર

સીઝનનું સૌથી મોટું આકર્ષણ બોર્ડર-ગાવસ્કર ટ્રોફી હશે. ઓસ્ટ્રેલિયન ટીમ પાંચ ટેસ્ટ મેચની શ્રેણી માટે ભારતના પ્રવાસે આવશે, જેની શરૂઆત ૨૧ જાન્યુઆરી, ૨૦૨૭ના રોજ નાગપુરમાં પ્રથમ ટેસ્ટથી થશે. આ પછી, આગામી ચાર ટેસ્ટ ચેન્નાઈ, ગુવાહાટી, રાંચી અને અમદાવાદમાં રમાશે.

**અબતક, રાજકોટ**

બીસીસીઆઈએ ટીમ ઈન્ડિયાનો આગામી આંતરરાષ્ટ્રીય ઘરેલુ સીઝન, ૨૦૨૬-૨૭ માટે સત્તાવાર રીતે શેડ્યૂલ જાહેર કર્યો છે. આ સીઝનમાં ભારતમાં પર કુલ ૨૨ આંતરરાષ્ટ્રીય મેચ રમાશે, જેમાં વેસ્ટ ઈન્ડિઝ, શ્રીલંકા, ઝિમ્બાબ્વે અને ઓસ્ટ્રેલિયા જેવી ટીમો ભારતનો પ્રવાસ કરશે. આ મેચો ૧૭ અલગ અલગ સ્થળોએ રમાશે. જેમાં ગુજરાતના અમદાવાદમાં એક ટેસ્ટ અને એક વન-ડે મેચ જ્યારે રાજકોટમાં એક ટી-૨૦ મેચની યજમાની મળી છે. આ સીઝનની ખાસ વાત ઓસ્ટ્રેલિયા સામેની પ્રતિષ્ઠિત પાંચ મેચની બોર્ડર-ગાવસ્કર ટેસ્ટ શ્રેણી છે. આ સિરીઝની અંતિમ ટેસ્ટ મેચ ૨૭ ફેબ્રુઆરીથી ૩ માર્ચ દરમિયાન અમદાવાદ ખાતે રમાશે. જ્યારે ૧૯મી ડિસેમ્બરે અમદાવાદમાં શ્રીલંકા સામેની સિરીઝની ત્રીજી વન-ડે મેચ રમાશે. તેમજ ૨૨મી ડિસેમ્બરથી શ્રીલંકા સામે શરૂ થતી ટી-૨૦ સિરીઝની પ્રથમ મેચ રાજકોટમાં રમાશે. ભારતની ડોમેસ્ટિક સિઝન ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ વેસ્ટ ઈન્ડીઝ સામેની વન-ડે શ્રેણી સાથે શરૂ થશે. વેસ્ટ ઈન્ડીઝની ટીમ ભારતમાં ત્રણ વન-ડે મેચ અને પાંચ ટી-૨૦ મેચ રમશે. વન-ડે મેચ ત્રિવેન્દ્રમ, ગુવાહાટી અને નવા ચંદીગઢમાં રમાશે, જ્યારે ટી૨૦ શ્રેણી લખનૌ, રાંચી, ઈન્દોર, હૈદરાબાદ અને બેંગલુરુ પહોંચશે.પછી ડિસેમ્બર ૨૦૨૬માં શ્રીલંકાની ટીમ ત્રણ વન-ડે અને ત્રણ ટી-૨૦ મેચ માટે ભારતનો પ્રવાસ કરશે. વન-ડે મેચ દિલ્હી, બેંગલુરુ અને અમદાવાદમાં રમાશે, જ્યારે ટી૨૦ શ્રેણી રાજકોટ, કટક અને પુણેમાં રમાશે. આ પછી તરત જ,

(અનું.આઠમાં પાને)

### ભારતીય ટીમનો કાર્યક્રમ

**૧. વેસ્ટ ઈન્ડીઝ :** પ્રથમ વન-ડે : તિરુવનંતપુરમ(૨૭ સપ્ટેમ્બર), બીજી વન-ડે : ગુવાહાટી (૩૦ સપ્ટેમ્બર), ત્રીજી વન-ડે : ન્યૂ ચંડીગઢ (૩ ઓક્ટોબર)

**૨. વેસ્ટ ઈન્ડીઝ :** પ્રથમ ટી-૨૦ : લખનૌ(૬ ઓક્ટોબર), બીજી ટી-૨૦ : રાંચી (૯ ઓક્ટોબર), ત્રીજી ટી-૨૦ : ઈન્દોર (૧૧ ઓક્ટોબર), ચોથી ટી-૨૦ : હૈદરાબાદ (૧૪ ઓક્ટોબર) અને પાંચમી ટી-૨૦ : બેંગ્લુરુ (૧૭ ઓક્ટોબર)

**૩. શ્રીલંકા :** પ્રથમ વન-ડે : દિલ્હી(૧૩ ડિસેમ્બર), બીજી વન-ડે : બેંગ્લુરુ (૧૬ ડિસેમ્બર), ત્રીજી વન-ડે : અમદાવાદ(૧૯ ડિસેમ્બર)

શ્રીલંકા : પ્રથમ ટી-૨૦ : રાજકોટ(૨૨ ડિસેમ્બર), બીજી ટી-૨૦ : કટક (૨૪ ડિસેમ્બર), ત્રીજી-૨૦ : પુણે (૨૭ ડિસેમ્બર)

**૪. ઝિમ્બાબ્વે :** પ્રથમ વન-ડે : કોલકાતા (૩ જાન્યુઆરી-૨૦૨૭), બીજી વન-ડે : હૈદરાબાદ (૬ જાન્યુઆરી), ત્રીજી વન-ડે : મુંબઈ (૯ જાન્યુઆરી)

**૫. ઓસ્ટ્રેલિયા :** પ્રથમ ટેસ્ટ મેચ : નાગપુર (૨૧થી ૨૫ જાન્યુઆરી), બીજી ટેસ્ટ : ચેન્નઈ (૨૯ જાન્યુ.થી ૨ ફેબ્રુઆરી), ત્રીજી ટેસ્ટ : ગુવાહાટી (૧૧થી ૧૫ ફેબ્રુઆરી), ચોથી ટેસ્ટ : રાંચી (૧૯થી ૨૩ ફેબ્રુઆરી) અને પાંચમી ટેસ્ટ મેચ : અમદાવાદ (૨૭ ફેબ્રુ.થી ૩ માર્ચ).

## કાલથી આઈપીએલનો રંગારંગ પ્રારંભ

# આઈપીએલના સેકન્ડ ફેઝનો કાર્યક્રમ જાહેર: ૧૩ એપ્રિલથી ૨૪ મે સુધી ૫૦ મેચ રમાશે

## બીજા તબક્કાની મેચો બેંગલુરુ, મુંબઈ, ચેન્નાઈ, કોલકાતા, દિલ્હી, અમદાવાદ, હૈદરાબાદ, લખનૌ, જયપુર, ધર્મશાળા, રાયપુર અને નવા ચંદીગઢમાં યોજાશે



**અબતક, રાજકોટ**

આઈપીએલનો ૨૮મી માર્ચથી પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે આઈપીએલ દ્વારા શરૂઆતમાં ૨૦ મેચનો કાર્યક્રમ જાહેર કરાયો હતો. હવે બીસીસીઆઈએ ગુરુવારે બાકીની લીગ મેચનો કાર્યક્રમ જાહેર કરાયો છે જેમાં લીગ તબક્કાની બાકીની ૫૦ મેચો ૧૩ એપ્રિલથી ૨૪ મે, ૨૦૨૬ દરમિયાન સમગ્ર ભારતમાં ૧૨ અલગ અલગ સ્ટેડિયમમાં રમાશે. બીજા તબક્કાની મેચો બેંગલુરુ, મુંબઈ, ચેન્નાઈ, કોલકાતા, દિલ્હી, અમદાવાદ, હૈદરાબાદ, લખનૌ, જયપુર, ધર્મશાળા, રાયપુર અને નવા ચંદીગઢમાં યોજાશે. ટુર્નામેન્ટ ૧૩ એપ્રિલ, ૨૦૨૬ ના રોજ હૈદરાબાદમાં સનરાઈઝર્સ હૈદરાબાદ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચેની મેચ સાથે શરૂ થશે, જે આવનારી રોમાંચક મેચો માટે સ્ટેજ સેટ કરશે. બીજા તબક્કામાં આઠ ડબલ-હેડર (એક જ દિવસે બે મેચ) રમાશે; બપોરની મેચો બપોરે ૦૩:૩૦ વાગ્યે અને સાંજની મેચો સાંજે ૦૭:૩૦ વાગ્યે શરૂ થશે. પંજાબ કિંગ્સ તેમની હોમ મેચો ન્યુ ચંદીગઢ અને ધર્મશાલામાં રમશે, આ તબક્કા દરમિયાન ધર્મશાલામાં ત્રણ મેચો રમાશે. રાજસ્થાન રોયલ્સ તેમની હોમ મેચોમાંથી ચાર જયપુરમાં યોજશે, જ્યારે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર તેમની હોમ મેચોમાંથી ત્રણ બેંગલુરુમાં અને બે રાયપુરમાં રમશે.૧૩ એપ્રિલથી ૨૪ મે સુધી ૫૦ મેચ રમાશે. જોકે, પ્લે ઓફનો કાર્યક્રમ હજુ જાહેર કરાયો નથી પરંતુ ફાઈનલ મેચ ૩૧મી મેના રોજ યોજાય તેવી શકયતા છે. ગુજરાત ટાઈટન્સ બીજા ફેઝમાં પોતાની ૧૦ મેચ પૈકીની છ મેચ અમદાવાદ હોમગ્રાઉન્ડ પર રમશે.

### પ્લેઓફ મેચોનું શેડ્યૂલ પછીથી જાહેર કરવામાં આવશે

લીગ સ્ટેજ તેના અંતિમ તબક્કામાં પહોંચતા દરેક મેચ ટીમો માટે કરો યા મરો જેવી હશે. ટીમો પોઈન્ટ ટેબલમાં સ્થાન મેળવવા માટે જોરદાર સ્પર્ધા કરશે, જેનાથી ચાહકોને પુષ્કળ હાઈ-વોલ્ટેજ ક્રિકેટ મળશે. જોકે, પ્લેઓફ મેચો માટેના સ્થળોની જાહેરાત હજુ સુધી કરવામાં આવી નથી.બીસીસીઆઈ ટૂંક સમયમાં આ અંગે અપડેટ જાહેર કરશે. હવે બધાની નજર તેના પર છે કે કઈ ટીમો આ બીજા તબક્કામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરશે, પ્લેઓફમાં સ્થાન મેળવશે અને ટાઈટલ રેસમાં આગળ વધશે.

### આઈપીએલના મેચોનું સમય પત્રક

| મેચ | તારીખ | દિવસ | મેચ | સ્થળ | સમય |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૮/૦૩/૨૬ | શનિવાર | રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વિ/એસ. સનરાઈઝ હૈદરાબાદ | બેંગ્લુરૂ | ૭:૩૦ વાગ્યે |
| ૨ | ૨૯/૦૩/૨૬ | રવિવાર | મુંબઈ ઈન્ડિયન્સ વિ/એસ. કોલકત્તા નાઈટ રાઈડર્સ | મુંબઈ | ૭:૩૦ વાગ્યે |
| ૩ | ૩૦/૦૩/૨૬ | સોમવાર | રાજસ્થાન રોયલ્સ વિ/એસ. ચેન્નઈ સુપર કિંગ્સ | ગૌહાટી | ૭:૩૦ વાગ્યે |
| ૪ | ૩૧/૦૩/૨૬ | મંગળવાર | પંજાબ કિંગ્સ વિ/એસ.ગુજરાત ટાઈટન્સ | મુલ્લાનપુર | ૭:૩૦ વાગ્યે |
| ૫ | ૦૧/૦૪/૨૬ | બુધવાર | લખનઉં સુપર જાયન્ટ્સ વિ/એસ. દિલ્હી કેપિટલ | લખનઉં | ૭:૩૦ વાગ્યે |
| ૬ | ૦૨/૦૪/૨૬ | ગુરૂવાર | કોલકત્તા નાઈટ રાઈડર્સ વિ/એસ. સનરાઈસ હૈદરાબાદ | કોલકત્તા | ૭:૩૦ વાગ્યે |
| ૭ | ૦૩/૦૪/૨૬ | શુક્રવાર | ચેન્નઈ સુપર કિંગ્સ વિ/એસ. પંજાબ કિંગ્સ | ચેન્નઈ | ૭:૩૦ વાગ્યે |
| ૮ | ૦૪/૦૪/૨૬ | શનિવાર | દિલ્હી કેપિટલ વિ/એસ. મુંબઈ ઈન્ડિયન્સ | દિલ્હી | ૩:૩૦ વાગ્યે |
| ૯ | ૦૪/૦૪/૨૬ | શનિવાર | ગુજરાત ટાઈટન્સ વિ/એસ. રાજસ્થાન રોયલ્સ | અમદાવાદ | ૭:૩૦ વાગ્યે |
| ૧૦ | ૦૫/૦૪/૨૬ | રવિવાર | સનરાઈસ હૈદરાબાદ વિ/એસ. લખનઉં સુપર જાયન્ટ્સ | હૈદરાબાદ | ૩:૩૦ વાગ્યે |
| ૧૧ | ૦૫/૦૪/૨૬ | રવિવાર | રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વિ/એસ. ચેન્નઈ સુપર કિંગ્સ | બેંગ્લુરૂ | ૭:૩૦ વાગ્યે |
| ૧૨ | ૦૬/૦૪/૨૬ | સોમવાર | કોલકત્તા નાઈટ રાઈડર્સ વિ/એસ. પંજાબ કિંગ્સ | કોલકત્તા | ૭:૩૦ વાગ્યે |
| ૧૩ | ૦૭/૦૪/૨૬ | મંગળવાર | રાજસ્થાન રોયલ્સ વિ/એસ. મુંબઈ ઈન્ડિયન્સ | ગૌહાટી | ૭:૩૦ વાગ્યે |
| ૧૪ | ૦૮/૦૪/૨૬ | બુધવાર | દિલ્હી કેપિટલ વિ/એસ. ગુજરાત ટાઈટન્સ | દિલ્હી | ૭:૩૦ વાગ્યે |
| ૧૫ | ૦૯/૦૪/૨૬ | ગુરૂવાર | કોલકત્તા નાઈટ રાઈડર્સ વિ/એસ. લખનઉં સુપર જાયન્ટ્સ | કોલકત્તા | ૭:૩૦ વાગ્યે |
| ૧૬ | ૧૦/૦૪/૨૬ | શુક્રવાર | રાજસ્થાન રોયલ વિ/એસ. રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર | ગૌહાટી | ૭:૩૦ વાગ્યે |
| ૧૭ | ૧૧/૦૪/૨૬ | શનિવાર | પંજાબ કિંગ્સ વિ/એસ. સનરાઈસ હૈદરાબાદ | મુલ્લાનપુર | ૩:૩૦ વાગ્યે |
| ૧૮ | ૧૧/૦૪/૨૬ | શનિવાર | ચેન્નઈ સુપર કિંગ્સ વિ/એસ. દિલ્હી કેપિટલ | ચેન્નઈ | ૭:૩૦ વાગ્યે |
| ૧૯ | ૧૨/૦૪/૨૬ | રવિવાર | લખનઉં સુપર જાયન્ટ્સ વિ/એસ. ગુજરાત ટાઈટન્સ | લખનઉં | ૩:૩૦ વાગ્યે |
| ૨૦ | ૧૨/૦૪/૨૬ | રવિવાર | મુંબઈ ઈન્ડિયન્સ વિ/એસ. રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર | મુંબઈ | ૭:૩૦ વાગ્યે |
| ૨૧ | ૧૩/૦૪/૨૬ | સોમવાર | સનરાઈઝ હૈદરાબાદ વિ/એસ. રાજસ્થાન રોયલ્સ | હૈદરાબાદ | ૭:૩૦ વાગ્યે |
| ૨૨ | ૧૪/૦૪/૨૬ | મંગળવાર | ચેન્નઈ સુપર કિંગ્સ વિ/એસ. કોલકત્તા નાઈટ રાઈડર્સ | ચેન્નઈ | ૭:૩૦ વાગ્યે |
| ૨૩ | ૧૫/૦૪/૨૬ | બુધવાર | રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વિ/એસ. લખનઉં સુપર જાયન્ટ્સ | બેંગ્લુરૂ | ૭:૩૦ વાગ્યે |
| ૨૪ | ૧૬/૦૪/૨૬ | ગુરૂવાર | મુંબઈ ઈન્ડિયન્સ વિ/એસ. પંજાબ કિંગ્સ | મુંબઈ | ૭:૩૦ વાગ્યે |
| ૨૫ | ૧૭/૦૪/૨૬ | શુક્રવાર | ગુજરાત ટાઈટન્સ વિ/એસ. કોલકત્તા નાઈટ રાઈડર્સ | અમદાવાદ | ૭:૩૦ વાગ્યે |
| ૨૬ | ૧૮/૦૪/૨૬ | શનિવાર | રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વિ/એસ. દિલ્હી કેપિટલ | બેંગ્લુરૂ | ૩:૩૦ વાગ્યે |
| ૨૭ | ૧૮/૦૪/૨૬ | શનિવાર | સનરાઈઝ હૈદરાબાદ વિ/એસ. ચેન્નઈ સુપર કિંગ્સ | હૈદરાબાદ | ૭:૩૦ વાગ્યે |
| ૨૮ | ૧૯/૦૪/૨૬ | રવિવાર | કોલકત્તા નાઈટ રાઈડર્સ વિ/એસ. રાજસ્થાન રોયલ્સ | કોલકત્તા | ૩:૩૦ વાગ્યે |
| ૨૯ | ૧૯/૦૪/૨૬ | રવિવાર | પંજાબ કિંગ્સ વિ/એસ. લખનઉં સુપર જાયન્ટ્સ | ન્યૂ ચંદીગઢ | ૭:૩૦ વાગ્યે |
| ૩૦ | ૨૦/૦૪/૨૬ | સોમવાર | ગુજરાત ટાઈટન્સ વિ/એસ. મુંબઈ ઈન્ડિયન્સ | અમદાવાદ | ૭:૩૦ વાગ્યે |
| ૩૧ | ૨૧/૦૪/૨૬ | મંગળવાર | સનરાઈઝ હૈદરાબાદ વિ/એસ. દિલ્હી કેપિટલ | હૈદરાબાદ | ૭:૩૦ વાગ્યે |
| ૩૨ | ૨૨/૦૪/૨૬ | બુધવાર | લખનઉ સુપર જાયન્ટ્સ વિ/એસ. રાજસ્થાન રોયલ્સ | લખનઉં | ૭:૩૦ વાગ્યે |
| ૩૩ | ૨૩/૦૪/૨૬ | ગુરૂવાર | મુંબઈ ઈન્ડિયન્સ વિ/એસ. ચેન્નઈ સુપર કિંગ્સ | મુંબઈ | ૭:૩૦ વાગ્યે |
| ૩૪ | ૨૪/૦૪/૨૬ | શુક્રવાર | રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વિ/એસ. ગુજરા ટાઈટન્સ | બેંગ્લુરૂ | ૭:૩૦ વાગ્યે |
| ૩૫ | ૨૫/૦૪/૨૬ | શનિવાર | દિલ્હી કેપિટલ્સ વિ/એસ. પંજાબ કિંગ્સ | દિલ્હી | ૩:૩૦ વાગ્યે |
| ૩૬ | ૨૫/૦૪/૨૬ | શનિવાર | રાજસ્થાન રોયલ્સ વિ/એસ. સનરાઈઝ હૈદરાબાદ | જયપુર | ૭:૩૦ વાગ્યે |
| ૩૭ | ૨૬/૦૪/૨૬ | રવિવાર | ગુજરાત ટાઈટન્સ વિ/એસ. ચેન્નઈ સુપર કિંગ્સ | અમદાવાદ | ૩:૩૦ વાગ્યે |
| ૩૮ | ૨૬/૦૪/૨૬ | રવિવાર | લખનઉં સુપર જાયન્ટ્સ વિ/એસ. કોલકત્તા નાઈટ રાઈડર્સ | લખનઉં | ૭:૩૦ વાગ્યે |
| ૩૯ | ૨૭/૦૪/૨૬ | સોમવાર | દિલ્હી કેપિટલ્સ વિ/એસ. રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર | દિલ્હી | ૭:૩૦ વાગ્યે |
| ૪૦ | ૨૮/૦૪/૨૬ | મંગળવાર | પંજાબ કિંગ્સ વિ/એસ. રાજસ્થાન રોયલ્સ | ન્યૂ ચંદીગઢ | ૭:૩૦ વાગ્યે |
| ૪૧ | ૨૯/૦૪/૨૬ | બુધવાર | મુંબઈ ઈન્ડિયન્સ વિ/એસ. સનરાઈઝ હૈદરાબાદ | મુંબઈ | ૭:૩૦ વાગ્યે |
| ૪૨ | ૩૦/૦૪/૨૬ | ગુરૂવાર | ગુજરાત ટાઈટન્સ વિ/એસ. રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર | અમદાવાદ | ૭:૩૦ વાગ્યે |
| ૪૩ | ૦૧/૦૫/૨૬ | શુક્રવાર | રાજસ્થાન રોયલ્સ વિ/એસ. દિલ્હી કેપિટલ્સ | જયપુર | ૭:૩૦ વાગ્યે |
| ૪૪ | ૦૨/૦૫/૨૬ | શનિવાર | ચેન્નઈ સુપર કિંગ્સ વિ/એસ. મુંબઈ ઈન્ડિયન્સ | ચેન્નઈ | ૭:૩૦ વાગ્યે |
| ૪૫ | ૦૩/૦૫/૨૬ | રવિવાર | સનરાઈઝ હૈદરાબાદ વિ/એસ. કોલકત્તા નાઈટ રાઈડર્સ | હૈદરાબાદ | ૩:૩૦ વાગ્યે |
| ૪૬ | ૦૩/૦૫/૨૬ | રવિવાર | ગુજરાત ટાઈટન્સ વિ/એસ. પંજાબ કિંગ્સ | અમદાવાદ | ૭:૩૦ વાગ્યે |
| ૪૭ | ૦૪/૦૫/૨૬ | સોમવાર | મુંબઈ ઈન્ડિયન્સ વિ/એસ. લખનઉં સુપર જાયન્ટ્સ | મુંબઈ | ૭:૩૦ વાગ્યે |
| ૪૮ | ૦૫/૦૫/૨૬ | મંગળવાર | દિલ્હી કેપિટલ્સ વિ/એસ. ચેન્નઈ સુપર કિંગ્સ | દિલ્હી | ૭:૩૦ વાગ્યે |
| ૪૯ | ૦૬/૦૫/૨૬ | બુધવાર | સનરાઈઝ હૈદરાબાદ વિ/એસ. પંજાબ કિંગ્સ | હૈદરાબાદ | ૭:૩૦ વાગ્યે |
| ૫૦ | ૦૭/૦૫/૨૬ | ગુરૂવાર | લખનઉં સુપર જાયન્ટ્સ વિ/એસ. રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર | લખનઉં | ૭:૩૦ વાગ્યે |
| ૫૧ | ૦૮/૦૫/૨૬ | શુક્રવાર | દિલ્હી કેપિટલ્સ વિ/એસ. કોલકત્તા નાઈટ રાઈડર્સ | દિલ્હી | ૭:૩૦ વાગ્યે |
| ૫૨ | ૦૯/૦૫/૨૬ | શનિવાર | રાજસ્થાન રોયલ્સ વિ/એસ. ગુજરાત ટાઈટન્સ | જયપુર | ૭:૩૦ વાગ્યે |
| ૫૩ | ૧૦/૦૫/૨૬ | રવિવાર | ચેન્નઈ સુપર કિંગ્સ વિ/એસ. લખનઉં સુપર જાયન્ટ્સ | ચેન્નઈ | ૩:૩૦ વાગ્યે |
| ૫૪ | ૧૦/૦૫/૨૬ | રવિવાર | રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વિ/એસ. મુંબઈ ઈન્ડિયન્સ | રાયપુર | ૭:૩૦ વાગ્યે |
| ૫૫ | ૧૧/૦૫/૨૬ | સોમવાર | પંજાબ કિંગ્સ વિ/એસ. દિલ્હી કેપિટલ્સ | ધરમશાલા | ૭:૩૦ વાગ્યે |
| ૫૬ | ૧૨/૦૫/૨૬ | મંગળવાર | ગુજરાત ટાઈટન્સ વિ/એસ. સનરાઈઝ હૈદરાબાદ | અમદાવાદ | ૭:૩૦ વાગ્યે |
| ૫૭ | ૧૩/૦૫/૨૬ | બુધવાર | રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વિ/એસ. કોલકત્તા નાઈટ રાઈડર્સ | રાયપુર | ૭:૩૦ વાગ્યે |
| ૫૮ | ૧૪/૦૫/૨૬ | ગુરૂવાર | પંજાબ કિંગ્સ વિ/એસ. મુંબઈ ઈન્ડિયન્સ | ધરમશાલા | ૭:૩૦ વાગ્યે |
| ૫૯ | ૧૫/૦૫/૨૬ | શુક્રવાર | લખનઉં સુપર જાયન્ટ્સ વિ/એસ. ચેન્નઈ સુપર કિંગ્સ | લખનઉં | ૭:૩૦ વાગ્યે |
| ૬૦ | ૧૬/૦૫/૨૬ | શનિવાર | કોલકત્તા નાઈટ રાઈડર્સ વિ/એસ. ગુજરાત ટાઈટન્સ | કોલકત્તા | ૭:૩૦ વાગ્યે |
| ૬૧ | ૧૭/૦૫/૨૬ | રવિવાર | પંજાબ કિંગ્સ વિ/એસ. રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર | ધરમશાલા | ૩:૩૦ વાગ્યે |
| ૬૨ | ૧૭/૦૫/૨૬ | રવિવાર | દિલ્હી કેપિટલ્સ વિ/એસ. રાજસ્થાન રોયલ્સ | દિલ્હી | ૭:૩૦ વાગ્યે |
| ૬૩ | ૧૮/૦૫/૨૬ | સોમવાર | ચેન્નઈ સુપર કિંગ્સ વિ/એસ. સનરાઈઝ હૈદરાબાદ | ચેન્નઈ | ૭:૩૦ વાગ્યે |
| ૬૪ | ૧૯/૦૫/૨૬ | મંગળવાર | રાજસ્થાન રોયલ્સ વિ/એસ. લખનઉં સુપર જાયન્ટ્સ | જયપુર | ૭:૩૦ વાગ્યે |
| ૬૫ | ૨૦/૦૫/૨૬ | બુધવાર | કોલકત્તા નાઈટ રાઈડર્સ વિ/એસ. મુંબઈ ઈન્ડિયન્સ | કોલકત્તા | ૭:૩૦ વાગ્યે |
| ૬૬ | ૨૧/૦૫/૨૬ | ગુરૂવાર | ચેન્નઈ સુપર કિંગ્સ વિ/એસ. ગુજરાત ટાઈટન્સ | ચેન્નઈ | ૭:૩૦ વાગ્યે |
| ૬૭ | ૨૨/૦૫/૨૬ | શુક્રવાર | સનરાઈઝ હૈદરાબાદ વિ/એસ. રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર | હૈદરાબાદ | ૭:૩૦ વાગ્યે |
| ૬૮ | ૨૩/૦૫/૨૬ | શનિવાર | લખનઉં સુપર જાયન્ટ્સ વિ/એસ. પંજાબ કિંગ્સ | લખનઉં | ૭:૩૦ વાગ્યે |
| ૬૯ | ૨૪/૦૫/૨૬ | રવિવાર | મુંબઈ ઈન્ડિયન્સ વિ/એસ. રાજસ્થાન રોયલ્સ | મુંબઈ | ૩:૩૦ વાગ્યે |
| ૭૦ | ૨૪/૦૫/૨૬ | રવિવાર | કોલકત્તા નાઈટ રાઈડર્સ વિ/એસ. દિલ્હી કેપિટલ્સ | કોલકત્તા | ૭:૩૦ વાગ્યે |

# મયંક યાદવે લખનઉ માટે ઉપલબ્ધ રહીને જબરદસ્ત બોલિંગ કરવી પડશે: ઈરફાન પઠાણ

## ૨૦૨૪માં મયંક યાદવે ૧૫૦ કિમી પ્રતિ કલાકથી વધુની સ્પીડથી બોલિંગ કરીને બધાનું ધ્યાન ખેંચ્યું પરંતુ ઈજાઓને કારણે તે વધુ મેચ રમી શક્યો નહિ



**અબતક, રાજકોટ**

લખનૌ સુપર જાયન્ટ્સના યુવા ફાસ્ટ બોલર મયંક યાદવને આગામી આઈપીએલ ૨૦૨૬ સીઝનમાં મોટી જવાબદારી નિભાવવાનો સમય આવી ગયો છે. ભારતના પૂર્વ ઓલરાઉન્ડર ઈરફાન પઠાણએ મયંકને સીધો પડકાર આપતાં કહ્યું છે કે, ફ્રેન્ચાઈઝીએ તમને સમર્થન આપ્યું છે, હવે તમારે સ્ટેપ અપ કરવાનો સમય છે.ઈરફાન પઠાણે વધુમાં જણાવ્યું હતું કે, મયંક યાદવએ છેલ્લા બે વર્ષમાં માત્ર છ મેચ જ રમી છે, જે પૂરતું નથી. તે રિટેઈન્ડ ખેલાડી છે અને આ વર્ષે તેણે ટીમ માટે ઉપલબ્ધ રહેવું જ પડશે.

મયંક યાદવે આઈપીએલ ૨૦૨૪માં ધમાકેદાર ડેબ્યુ કર્યું હતું. તેણે ૧૫૦ કિમી પ્રતિ કલાકથી વધુની સ્પીડથી બોલિંગ કરીને બધાનું ધ્યાન ખેંચ્યું હતું. પરંતુ ત્યારબાદ ઈજાઓને કારણે તેની પ્રગતિ અટકી ગઈ. આઈપીએલ ૨૦૨૫માં તે માત્ર બે મેચમાં જ રમી શક્યો.

તેમ છતાં લકનો સુપર જાયન્ટ્સે ૨૦૨૫ની મેગા ઓકશન પહેલાં તેને ₹૧૧ કરોડમાં રિટેઈન કર્યો હતો. આ ફ્રેન્ચાઈઝીના મજબૂત સમર્થનનું સ્પષ્ટ સંકેત હતું. હાલમાં મયંક સંપૂર્ણ ફિટ છે. તેણે ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ની તૈયારીમાં ઈન્ડિયા એ માટે બે મેચ રમી છે અને હવે લખનૌના બોલિંગ કોચ ભારત અરૂણની માર્ગદર્શન હેઠળ તૈયારી કરી રહ્યો છે.

ઈરફાન પઠાણે કહ્યું, મોહસીન ખાન પણ છેલ્લા સીઝનમાં પૂર્ણ ગેરહાજર રહ્યો હતો અને તે પહેલાં પણ પૂરી મેચ રમી શક્યો ન હતો. પરંતુ ફ્રેન્ચાઈઝીએ બંનેને સમર્થન આપ્યું છે. અન્ય ઘણી ટીમો એક-બે સીઝન પછી ધીરજ ગુમાવી દે છે, પરંતુ લખનૌએ આવું નથી કર્યું.કેકેઆર અને એમઆઈ જેવી ટીમોએ પણ આવું સમર્થન આપ્યું છે, પરંતુ ઘણી ટીમોમાં ધીરજ ઓછી હોય છે.



# હાર્દિકે વાનખેડેના ગ્રાઉન્ડ સ્ટાફને ૧૦-૧૦ લાખના ચેક આપી વચન પૂર્ણ કર્યું

**અબતક, રાજકોટ**

ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા માત્ર તેની રમત માટે જ નહીં પરંતુ તેની જીવનશૈલી માટે પણ જાણીતા છે. મોંઘી ઘડિયાળોથી લઈને મોંઘી સ્પોર્ટ્સ કાર સુધી, હાર્દિક પંડ્યા ઘણીવાર તેના શોખ માટે જાણીતા છે. ક્યારેક, મેદાનની અંદર અને બહાર તેના વર્તનની પણ ટીકા થાય છે. જોકે, હાર્દિક પંડ્યા એક ઉદાર વ્યક્તિ પણ છે, અને આવું ઘણી વખત જોવા મળ્યું છે. જોકે, આ વખતે તેણે જે કર્યું તે દુર્લભ છે. હાર્દિકે મુંબઈના વાનખેડે સ્ટેડિયમના ગ્રાઉન્ડ સ્ટાફને એક ચોક્કસ કારણોસર ૧૦-૧૦ લાખ રૂપિયાના ચેક વહેંચ્યા હતા.

આઈપીએલ ૨૦૨૬ સીઝન શરૂ થાય તે પહેલાં, મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન હાર્દિક પંડ્યાએ વાનખેડે સ્ટેડિયમમાં કામ કરતા લગભગ ૧૦-૧૧ મુંબઈ ક્રિકેટ એસોસિએશનના ગ્રાઉન્ડ સ્ટાફને આ ચેક વહેંચ્યા હતા. પરંતુ તમે વિચારતા પહેલા કે શું તેણે આઈપીએલ દરમિયાન સારી પિચ તૈયાર કરવા માટે આ ચેક આપ્યા હતા, એવું બિલકુલ નથી. હાર્દિકનો હૃદયસ્પર્શી હાવભાવ થોડા સમય પહેલા કરેલા વચનથી ઉદ્ભવે છે.હાર્દિકે ગ્રાઉન્ડ સ્ટાફના સભ્યોને રૂ.૧૦લાખ આપ્યા કારણ કે તેઓએ થોડા સમય પહેલા ભારતીય ઓલરાઉન્ડરને મદદ કરી હતી. અહેવાલો દર્શાવે છે કે હાર્દિક ૨૦૨૬ના ટી૨૦ વર્લ્ડ કપ પહેલા વાનખેડે સ્ટેડિયમમાં તૈયારીઓમાં વ્યસ્ત હતો, ઘણીવાર મોડી રાત સુધી પ્રેક્ટિસ કરતો હતો, જેના કારણે ગ્રાઉન્ડ સ્ટાફને વધુ સમય માટે રોકાવાની ફરજ પડી હતી. જોકે, તેમણે હાર્દિકની તૈયારીમાં કોઈ કસર છોડી ન હતી.

# સહકાર રોડ પર સાધના સોસાયટીના મકાનમાં ગેસ લિકેજ થતાં આગ : બે દાઝ્યા

## બપોરે ૧૨:૫૪ વાગ્યે આગ ભભુકતા રહેણાંક સોસાયટીમાં અફરાતફરી : મકાનના ગ્રાઉન્ડ ફ્લોર પર ચાર કેરબામાં રાખેલા ૨૦૦ લિટર ડીઝલનો જથ્થો આગની ચપેટમાં નહિ આવતા મોટી દુર્ઘટના ટળી

## મવડી અને કોઠારીયા ફાયર સ્ટેશનેથી બે ફાયર ફાઈટરો દોડી ગયા : આગ પર સંપૂર્ણપણે કાબુ મેળવી લેવાયો





**અબતક, રાજકોટ**

શહેરના સહકાર રોડ પર સાધના સોસાયટીમાં આજે બપોરે ગેસના બાટલામાં લીકેજ થતા આગ ભભૂકી ઊઠી હતી. બનાવને પગલે બે ફાયર ફાઈટર ઘટનાસ્થળે દોડી ગયા હતા અને પાણીનો મારો ચલાવી આગ કાબુ મેળવવામાં આવ્યો હતો. જયારે આગ બુજાવવા ગયેલા બે પાડોશીઓ દાઝી જતા બંનેને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. અહીં દુર્ઘટનાગ્રસ્ત મકાનના ગ્રાઉન્ડ ફ્લોરમાં રાખવામાં આવેલ ૨૦૦ લીટર ડીઝલનો જથ્થો આગની ચપેટમાં નહીં આવતા મોટી દુર્ઘટના ટળી હતી. આગની ઘટનાની ફાયર બ્રિગેડના સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર આજે બપોરે ૧૨:૫૪ વાગ્યે સહકાર મેઈન રોડ પર સાધના સોસાયટી ૨/૫ ના ખૂણે આવેલ જી+૨ નું બાંધકામ ધરાવતા મકાનમાં આગ લાગ્યાનો કોલ ફાયર વિભાગને મળ્યો હતો. જે કોલ મળતાની સાથે જ મવડી અને કોઠારીયા ફાયર સ્ટેશન ખાતેથી અલગ અલગ બે ફાયરફાઈટરને ઘટના સ્થળે દોડાવવામાં આવ્યા હતા. અહીં ફાયર બ્રિગેડની ટીમે દોડી જઈ પાણીનો અને કાર્બન ડાયોક્સાઈડ ગેસનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો. આ મકાન અશોકભાઈ કરશનભાઈ રૈયાણી નામના રહીશનું હોવાનું જાણવા મળી રહ્યું છે.

ફાયર બ્રિગેડની ટીમો અહીં પહોંચે તે પૂર્વે પાડોશીઓએ આગ પર કાબુ મેળવવા પ્રયત્ન હાથ ધર્યો હતો. જે પ્રયત્ન દરમિયાન પાડોશમાં રહેતા શામજીભાઈ લાખાભાઈ દેસાઈ (ઉવ ૭૭) અને મોહિત દિપકભાઈ ત્રિવેદી (ઉવ ૨૦) એમ કુલ બે પાડોશીઓ દાઝી જતા બંનેને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જયારે આગની ઘટનામાં એક અર્ટિગા કાર અને એક સ્કૂટર સહીત બે વાહનો પણ ભસ્મિભૂત થઈ ગયા હતા. ગેસ સિલિન્ડરમાં લિકેજ થતાં આગ





### મકાનમાં સંખ્યાબદ્ધ ગેસ સિલિન્ડર અને જ્વલનશીલ પદાર્થનો જથ્થો રાખવાનું કારણ શું?





સહકાર રોડ પર સાધના સોસાયટીના જે મકાનમાં આગ લાગી હતી તેં મકાનના ગ્રાઉન્ડ ફ્લોર પર જ સંખ્યાબદ્ધ ગેસ સિલિન્ડર અને અલગ અલગ કેરબાઓમાં જ્વલન શીલ પદાર્થનો જથ્થો સંગ્રહિત કરવામાં આવ્યો હતો. જે સિલિન્ડર અને જ્વલનશીલ પદાર્થ આગની ચપેટમાં નહિ આવતા મોટી દુર્ઘટના ટળી હતી. અહીં ગેરકાયદે ડીઝલનો જથ્થો સંગ્રહિત કરવા અંગે ફાયર બ્રિગેડની ટીમે ઘરધણીને નોટિસ ફટકારી કાગળો રજુ કરવા આદેશ આપ્યાનું જાણવા મળી રહ્યું છે.

### બનાવને પગલે ભક્તિનગર પોલીસ મથકના પીઆઈ એમ.એમ. સરવૈયા સહિતનો કાફલો દોડી ગયો

ભભુકી ઉઠ્યાનું પ્રાથમિક તારણ હોવાનું ફાયર વિભાગે જણાવ્યું હતું. અત્રે અત્યંત બાબત છે કે, ફાયર જે મકાનમાં આગ લાગી હતી ત્યાં કેટરર્સની સામાન ગ્રાઉન્ડ ફ્લોર પર મૂકવામાં આવ્યો હતો. જે સામાનમાં કોમર્શિયલ સંખ્યાબદ્ધ ગેસ સિલિન્ડરો અને ૨૦૦ લિટર ડીઝલનો જથ્થાનો પણ સમાવેશ થતો હતો. અહીં ગ્રાઉન્ડ ફ્લોર પર જ અલગ અલગ ચાર કેરબામાં ૨૦૦ લિટર ડીઝલનો જથ્થો રાખવામાં આવ્યો હતો પરંતુ સદનસીબે આગની ચપેટમાં ડીઝલનો જથ્થો નહીં આવતા મોટી દુર્ઘટના ટળી હતી. આગની ઘટનામાં બે લોકો ઈજાગ્રત થયા છે પરંતુ સદનસીબએ બમોટી જાનહાની ટળી છે.

**આગ બુઝવવા ગયેલા બે પાડોશીઓ દાઝી જતાં બંનેને સારવાર અર્થે ખસેડાયા, ફોર વ્હીલ સહીત બે વાહનો ભસ્મિભૂત : સદનસીબએ કોઈ જાનહાની નહિ**

# પરિણિતાને મરવા માટે મજબુર કરવાના ગુનામાં પતિ અને જેઠનો નિર્દોષ છુટકારો

## દહેજ અંગે માનસીક ત્રાસ આપતા કુળવધુએ આપઘાત કરી અંતિમ પગલું ભર્યું હતું

**અબતક, રાજકોટ**

શહેરમાં રહેતી પરિણિતાને મરવા માટે મજબુર કરવાના ગુનાનો કેસ ચાલી જતા અદાલતે પતિ અને જેઠને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કર્યો હતો વધુ વિગત મુજબ શહેરમા રહેતી મનીષાદેવીના લગ્ન બે વર્ષ પહેલા સુરજસીંગ ઓમપ્રકાશ સિહ પટેલ સાથે થયા બાદ દાંપત્ય જીવન દરમ્યાન અવારનવાર બે-લાખ રૂપીયાના દહેજની માંગણી કરી માનસીક ત્રાસ આપતા હોવાથી પરણીતા મનીષાદેવીએ આપઘાત કરી લીધો હતો. આ બનાવમાં મૃતકના વાલી અનુરાધાદેવી એ પતિ સુરજસીંગ ઓમપ્રકાશ સિહ પટેલ અને જેઠ રાજેશસીંહ ઓમપ્રકાશસીહ પટેલ, વિરૂધ્ધ થોરાળા પોલીસ મથકમાં મરવા મજબૂર કરવાની કલમ હેઠળ ફરિયાદ નોંધાવી હતી.

પોલીસે બંને ભાઈની ધરપકડ કરી જે ગુનામાં તપાસનીશએ તપાસ પુરી કરી ચાર્જશીટ ફાઈલ કરેલું. સેશન્સ કોર્ટમાં કેસની સુનાવણી ચાલવા પર આવતા જેમાં સાહેદોની જુબાની અને બચાવ પક્ષના વકીલોની રજુઆતને ધ્યાને લઈ અદાલતે બન્ને ભાઈને નીર્દોષ છોડી મૂકવાનો હુકમ કરેલ હતો. બચાવ પક્ષે રાજકોટના ધારાશાસ્ત્રી ચીમનભાઈ સાંકળીયા, નિકુંજભાઈ સાંકળીયા, ઉદયભાઈ ચાંવ, એ.એન.ત્રીવેદી, હરેશભાઈ એ.ખીમસુરીયા, પ્રકાશભાઈ એ.કેશર, જી.એમ.વોરા, ભરતભાઈ ડી.બોરડીયા, વિજયભાઈ એલ. સોંદરવા, સોનલબેન બારોટ, રણજીતભાઈ ડી.સાંખટ, પુનમબેન સૌદરવા રોકાફ હતા.

# વઢવાણના ફૂલગ્રામમાં પુત્રવધૂએ પ્રેમી સાથે મળી સસરાનું ઢીમ ઢાળી દીધું

## અનૈતિક સંબંધોનો ઠપકો આપ્યાનું મન દુઃખ રાખી કુળવધુએ બે શખ્સો સાથે મળી પાઈપ અને ધોકા વડે આધેડને મોતને ઘાટ ઉતાર્યા

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ તાલુકાના ફૂલગ્રામ ગામે દિનદહાડે આધેડની હત્યાની ઘટના સામે આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. અનૈતિક સંબંધો મામલે સસરાએ આપેલો ઠપકો પુત્રવધૂને ન ગમતા, તેણે તેના પ્રેમી અને અન્ય એક શખ્સ સાથે મળીને સસરાને મોતને ઘાટ ઉતાર્યા હતા. જોરાવરનગર પોલીસે આ મામલે ત્વરિત કાર્યવાહી કરી મહિલા સહિત ત્રણ શખ્સોની ધરપકડ કરી છે. પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ફૂલગ્રામમાં રહેતા રમેશભાઈ નાનુભાઈ ગાબુ (ઉ.વ. ૫૮) ના પુત્ર અશોકભાઈની પત્ની ચકુબેનને ગામમાં જ રહેતા સોહિલ રમેશભાઈ જીડીયા સાથે આડા સંબંધો હતા. આ બાબતે પરિવારમાં અવારનવાર વિખવાદ થતો હતો. ફરિયાદી મહેશભાઈ અને તેમના પિતા રમેશભાઈએ ચકુબેનને આ સંબંધો તોડી નાખવા માટે વારંવાર ઠપકો આપ્યો હતો. આ



ઠપકાનું મનદુખ રાખીને ઉશ્કેરાયેલી ચકુબેન અને તેના પ્રેમી સોહિલે હત્યાનું કાવતરું રચ્યું હતું. સવારના સમયે જ્યારે રમેશભાઈ પોતાના ઘરના ફળિયામાં હતા, ત્યારે ચકુબેન, સોહિલ રમેશભાઈ જીડીયા અને સુરેશભાઈ લખમણભાઈ જીડીયાએ ઘરમાં પ્રવેશ કર્યો હતો. ત્રણેય શખ્સોએ રમેશભાઈ સાથે ઉગ્ર બોલાચાલી કરી લોખંડના પાઈપ અને લાકડાના ધોકા વડે જીવલેણ હુમલો કર્યો હતો. ગંભીર ઈજાઓ પહોંચતા રમેશભાઈનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. હત્યા કર્યા બાદ ત્રણેય આરોપીઓ નાસી છૂટ્યા હતા. બનાવની જાણ થતા જ જોરાવરનગર પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. મૃતકના પુત્ર મહેશભાઈ રમેશભાઈ ગાબુએ નોંધાવેલી ફરિયાદના આધારે પોલીસે તાત્કાલિક ચક્રો ગતિમાન કર્યા હતા અને ગણતરીના કલાકોમાં જ સોહિલ રમેશભાઈ જીડીયા, સુરેશભાઈ લખમણભાઈ જીડીયા, ચકુબેન અશોકભાઈ ગાબુ ત્રણેય આરોપીઓને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જિલ્લામાં વધતી જતી ગુનાખોરી સામે પોલીસે કડક વલણ અપનાવ્યું છે.

**પોલીસે પુત્રવધુ સહિત બે શખ્સોને ગણતરીના કલાકોમાં જ ઝડપી લઈ ખૂનના ગુનાનો ભેદ ઉકેલ્યો**

# વાહન અકસ્માતના ચાર મૃત્યુ અને એક ઈજાના કેસમાં બે કરોડનુ વળતર મંજુર

## મૃતકોની આવક, ઓથોરિટીના જજમેન્ટ અને અરજદારોનાં વકીલની દલીલો ધ્યાને લેતી ટ્રિબ્યુનલ

**અબતક,રાજકોટ**

સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં અલગ અલગ પાંચ વાહન અકસ્માતમાં મૃત્યુ તથા ઈજાના પાંચ અલગ-અલગ કલેઈમ કેસોમાં મોટર એકસીડન્ટ કલેઈમ ટ્રિબ્યુનલ દ્વારા ટુંકાગાળામાં કેસ ચલાવી વ્યાજ સહીત રૂા. ૨ કરોડનું જંગી વળતર મંજુર કરવામાં આવ્યું છે.વધુ વિગત મુજબ મુળ ગીર સુત્રાપાડા તાલુકાનાં મોરાસા ગામના વતની અને લાલપુર તાલુકાનાં જાખર ગામે રહેતા અને સિધ્ધી સિમેન્ટમાં સિકયુરિટી ઓફિસર તરીકે ફરજ બજાવતા વિક્રમસિંહ બચુભા રાઠોડનું સને ૨૦૨૧નાં વર્ષમાં કાર અને ટ્રેકટર વચ્ચે અકસ્માતમાં મૃત્યુ થયું હતું. તેમનાં વારસદારો દ્વારા રાજકોટ ટ્રિબ્યુનલમાં વળતર અંગે અરજી દાખલ કરી હતી, જે કલેઈમ કેસમાં અરજદારોનાં એડવોકેટ દ્વારા કોર્ટ સમક્ષ ગુજરનારનાં પગાર અને મળવાપાત્ર લાભો અંગેની હકીકત રજુ કરવામાં આવેલી, જે દલીલો ધ્યાનમાં લઈને ગુજરનારનાં વારસદારોને વ્યાજ સહીત રૂા.૪૫ લાખથી વધુ વળતર મંજુર કરાવા આવ્યું છે. આ ઉપરાંત ચોટીલા તાલુકા ખોરાણા ગામે રહેતા યુવાન લાલજીભાઈ જીલાભાઈ શેખનું વાહન અકસ્માતમાં મૃત્યુના કેસમાં એકમાત્ર પુત્ર સહીત પાંચ વારસદાર વ્યક્તિઓનું વ્યાજ સહીત ૪૧.૯૧ લાખનું જંગી વળતર, ચુડા તાલુકા રામદેવગઢ ગામમાં રહેતા ખેડૂત બળદેવભાઈ દાનાભાઈ હાંડાનું વાહન અકસ્માતમાં મૃત્યુના કલેઈમ કેસમાં ગુજરનારનાં પાક વેચાણ અંગેનાં બિલો ધ્યાનમાં મુકાતા ગુજરનારનાં વારસદારોને વ્યાજ સહીત રૂા. ૩૪ લાખથી વધુ વળતર, લીંબડી તાલુકા કટારીયા ગામે રહેતા મહીપતભાઈ કૈલાશભાઈ ઝાપડીયાનું અકસ્માતમાં મૃત્યુના કલેઈમ કેસમાં વારસદારોનું વ્યાજ સહીત રૂા. ૩૪ લાખનું જંગી વળતર, સાયલા તાલુકા હડાળા ગામમાં રહેતા રાજ ખોડલ હોટલવાળા ખેડૂત વિક્રમભાઈ ભીમાભાઈ કુકાવાનું વાહન અકસ્માતમાં મૃત્યુના કલેઈમ કેસમાં વારસદારોને વ્યાજ સહીત રૂા. ૩૨ લાખનું જંગી વળતર, જસદણ તાલુકાનાં બોઘરાવદર ગામનાં રમેશભાઈ ઉકાભાઈ મીઠાપરાને અકસ્માતે ઈજાઓ અંગેના કલેઈમ કેસમાં વ્યાજ સહીત રૂા. ૧૨ લાખથી વધુ વળતર મંજુર કરવામાં આવ્યું છે. ઉપરોકત તમામ કેસો




કોર્ટમાં ચલાવી ગુજરનારોની પ્રોસ્પેકટીવ આવક અને હાઈકોર્ટ તથા સુપ્રીમ કોર્ટનાં જજમેન્ટ રજુ કર્યા હતાં, તમામ અરજદારોનાં વકીલની મજબુત દલીલો ધ્યાને લઈ ટ્રિબ્યુનલે તમામ કલેઈમ કેસોમાં મોટી રકમનું વળતર મંજુર કર્યુ છે. અરજદારો વતી કલેઈમ કેસનાં નિષ્ણાત વકીલ રવીન્દ્ર ડી. ગોહેલ, સંદિપ એમ. રાઠોડ, વિવેક વી. ભાંસળીયા (ગઢવી), આસિસ્ટન્ટ દિનેશ ડી. ગોહેલ, જતીન પી. ગોહેલ, જયેશ મકવાણા રોકાયા હતાં.

# ૧૦ વર્ષના લગ્નજીવન બાદ પત્ની, બાળકનો ત્યાગ કરનાર પતિ ખાધા ખોરાકીના ૧૨ હજાર ચુકવે

## પતિ જેવી જીવન જીવતા હોય, પત્ની બાળકોને પણ તેવી રીતે જીવન જીવવાનો અધિકાર ,વકીલની દલીલો

**અબતક, રાજકોટ**

દસ વર્ષના સહજીવન બાદ દુઃખત્રાસ અને મેણાટોણા મારી પતિએ પત્ની અને બાળકનો ત્યાગ કર્યાના કિસ્સામાં પરિણીતાની ભરણપોષણની માગણી ફેમિલી કોર્ટે મંજૂર કરી માસિક રૂપિયા ૧૨૦૦૦ ભરણપોષણ ચૂકવવા પતિને હુકમ ફરમાવ્યો છે.


આ અંગેની હકીકત મુજબ, શહેરમાં પરેશભાઈ વિઠ્ઠલભાઈ ધોરાજીયા સાથે શ્વેતાબેનના લગ્ન થયા હોય અને ૧૦ દસ વરસના લગ્ન જીવનથી સંતાનમાં એક પુત્રનો જન્મ થયો હતો.પતિ પરેશ ધોરાજીયા પરિણીતા શ્વેતાબેનને દુઃખ ત્રાસ આપી પરેશાન કરી ઝઘડો કરી પત્નીનો ત્યાગ કર્યો હતો.બંનેના ભરણપોષણની માંગ કરતી અરજી ફેમિલી કોર્ટમાં કરવામાં આવી હતી,જેમાં પતિને સમન્સ બજતા તેણે કોર્ટમાં હાજર થઈ, ભરણપોષણના બચાવમાં પુરાવાઓ અને ઈન્કમટેક્ષ રિટર્ન રજુ કર્યા હતા. પરણીતાના એડવોકેટ દ્વારા કરવામાં આવેલી દલીલમા પતિ મિસ્ત્રીકામ કરી વર્ષે રૂા. ૫,૪૭,૦૬૩ ઈન્કમટેક્ષ રિટર્ન પ્રમાણે નેટ પ્રોફિટ થયેલ હોય.પતિ જેવુ પત્નીને જીવન જીવવાનો હકક હોય. તે જવાબદારી પતિની હોય. તેમજ ભરણ પોષણ ચુકવવા સક્ષમ હોય, જેથી તેઓ ભરણ પોષણમાંથી છુટી ન શકે. બાળકને બોલવાની તકલીફ હોય, જેથી તેની સ્પીચથેરાપીના કલાસ તથા સ્કૂલ ફી વિગેરે જરૂરીયાતો મુજબ મંજુર કરવા દલીલ કરી હતી. જે દલીલો ધ્યાને લઈ ફેમિલ કોર્ટ જજ સિંઘ દ્વારા રૂા. ૬,૦૦૦ અને બાળકને રૂા. ૬,૦૦૦નું ભરણ પોષણ ચૂકવવા અને પતિને રૂા. ૫,૦૦૦કોસ્ટ ચુકવવા હુકમ કર્યો છે. અરજદારો વતી એડવોકેટ રાકેશ દોશી, ગૌતમ ગાંધી, વૈભવ કુંડલીયા, આસીસ્ટન્ટ વાસુ વાડોદરીયા, વ્રજેશ મકવાણા રોકાયા હતા.

# દેશના તમામ એરપોર્ટ પર 'એક પેડ માઁ કે નામ' અભિયાનને મળશે વેગ

## સાંસદ રામભાઈ મોકરીયાની કેન્દ્રીય ઉડ્ડયન મંત્રી નાયડુ સાથે મુલાકાત

**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી પર્યાવરણ વિષયક બાબતે તેઓ હંમેશા દેશવાસીઓને પ્રકૃતિ પ્રત્યે સંવેદનશીલ બનવા અને પર્યાવરણના રક્ષણ માટે આગળ આવવા પ્રેરિત કરતા રહ્યા છે.જેમાં તેનો મંત્ર માતા માટે એક વૃક્ષ - ધરતી માટે શ્રેષ્ઠ ભેટ! તેમજ એક વૃક્ષ - એક જીવન, એક ભારત - હરિયાળો ભવિષ્ય! આ મીશન આગળ ધપાવવા માટે પ્રેરણા લઈને રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરીયાએ નવી દિલ્હીમાં કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી કિંજલ મોહન નાયડુ સાથે સૌજન્ય મુલાકાત કરી હતી. તેમણે પર્યાવરણ સંરક્ષણ અને હરિત ભારતના નિર્માણ માટે એક મહત્વપૂર્ણ મુદ્દે



રજૂઆત કરી હતી સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા પ્રેરિત એક અનોખી પહેલને મંત્રાલય સમક્ષ મૂકી હતી, જેમાં ભારતના તમામ એરપોર્ટ પર નિઃશુલ્ક વૃક્ષારોપણ કરવાની ભલામણ કરવામાં આવી છે.આ સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા પાંચ વર્ષ સુધી ખુદ જાળવણી કરશે તેમજ લોખંડની જાળી દ્વારા દ્વારા વૃક્ષોનું જતન કરવામાં આવશે. આ વૃક્ષો વાવવા માટે તેઓ સ્પોન્સર્સની પણ વ્યવસ્થા કરશે. તેમજ મુખ્ય હેતુ પર્યાવરણનું સંરક્ષણ, વાયુ પ્રદૂષણમાં ઘટાડો અને દેશને હરિયાળો બનાવવાનો છે. તેમણે પર્યાવરણ સંરક્ષણ અને હરિત ભારતના સંકલ્પને વધુ મજબૂત બનાવવા માટે એક ઐતિહાસિક રજૂઆત કરી હતી.

# મુખ્યમંત્રીના આગમન પૂર્વે કલેકટર કચેરીએ સમીક્ષા બેઠક યોજાઈ

## બેઠકમાં મુખ્યમંત્રીના કાર્યક્રમના સુરક્ષા વ્યવસ્થા, વાહન વ્યવસ્થા, ટ્રાફિક મેનેજમેન્ટ, જાહેર સુવિધાઓ અને સ્થળ પરની તૈયારીઓની વિગતવાર સમીક્ષા કરવામાં આવી

**અબતક, રાજકોટ**

રાજકોટમાં કાલે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના આગમન પહેલાં તૈયારીઓને અંતિમ રૂપ આપવા માટે આજે જિલ્લા કલેક્ટર કચેરી ખાતે એક મહત્વની બેઠક યોજાઈ હતી.

રાજકોટના મહેમાન બનનારા મુખ્યમંત્રીના હસ્તે કુલ રૂ. ૭૫૧ કરોડના વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત કરવામાં આવશે. આ પૈકી મોટાભાગના કામો તાજેતરમાં મળેલી સ્ટેન્ડિંગ કમિટીની છેલ્લી બેઠકમાં મંજૂર કરવામાં આવ્યા હતા. આ બેઠકમાં જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશના અધ્યક્ષસ્થાને વિવિધ વિભાગોના અધિકારીઓએ ભાગ લીધો હતો. બેઠકમાં મુખ્યમંત્રીના કાર્યક્રમના સુરક્ષા વ્યવસ્થા, વાહન વ્યવસ્થા, ટ્રાફિક મેનેજમેન્ટ, જાહેર સુવિધાઓ અને સ્થળ પરની તૈયારીઓની વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી. બેઠક દરમિયાન અધિકારીઓને સૂચના આપવામાં આવી હતી કે મુખ્યમંત્રીના આગમનને લઈને કોઈપણ પ્રકારની ખામી ન રહે તે માટે તમામ વ્યવસ્થાઓને પુરી રીતે તૈયાર કરવી. રસ્તાઓની સાફ-સફાઈ, લાઈટિંગ વ્યવસ્થા, પાણી અને વીજળીની અવિરત સપ્લાય તેમજ ઈમરજન્સી સેવાઓને પણ મજબૂત બનાવવાના આદેશ આપવામાં આવ્યા હતા. પોલીસ વિભાગે સુરક્ષાના વિસ્તૃત પ્લાનની માહિતી આપી હતી અને તે અંગેની તૈયારીઓની સમીક્ષા કરી હતી. આ ઉપરાંત, આરોગ્ય વિભાગ, ફાયર વિભાગ અને અન્ય સંબંધિત વિભાગોના અધિકારીઓએ પણ તેમની તૈયારીઓ અંગે અહેવાલ રજૂ કર્યા હતા.

# કૃષ્ણ ચિકિત્સાલયમાં હોમીયોપેથીક ડોકટર એન.જે. મેઘાણી સેવા આપશે

**અબતક, રાજકોટ:** લોહાણા સેવા મંડળ ટ્રસ્ટ રાજકોટ સંચાલીત કૃષ્ણ ચિકિત્સાલય કનકરોડ એસ.ટી. સ્ટેન્ડ પાછળ દર સોમવારે સાંજે ૪ થી ૫ ડો.એન.જે.મેઘાણી કીડની, મુત્રાશયના તમામ રોગો, પથરી, પેશાબમાં બળતરા, પેશાબમાં લોહી જવું તેમજ પ્રોસ્ટેટ વિગેરે દર્દો માટે સંપૂર્ણ સારવાર વિનામૂલ્યે તેમજ દવા પણ વિના મૂલ્યે આપવામાં આવશે.

# રાહતના સમાચારઃ એલપીજી ભરેલું 'જગ વસંત' જહાજ વાડીનાર પહોંચ્યું

## હોર્મુઝની ખાડીમાં જોખમી સ્થિતિ છતાં ૧૬,૦૦૦ મેટ્રિક ટન ગેસનો જથ્થો સુરક્ષિત ભારત પહોંચતા ઘરેલું સપ્લાય થશે મજબૂત

**અબતક, સાગર સંઘાણી, જામનગર**

મિડલ ઈસ્ટમાં સતત વધી રહેલા ભૌગોલિક તણાવ અને હોર્મુઝ વિસ્તારમાં સર્જાયેલી જોખમી પરિસ્થિતિ વચ્ચે ભારત માટે વાડીનાર પોર્ટ પરથી અત્યંત મહત્વપૂર્ણ અને આશાસ્પદ સમાચાર સામે આવ્યા છે. એલપીજી ગેસથી ભરેલું વિશાળકાય જહાજ 'જગ વસંત' સફળતાપૂર્વક વાડીનાર દરિયાકિનારે પહોંચી ગયું છે. અંદાજે ૧૬ હજાર મેટ્રિક ટન જેટલો ગેસનો જથ્થો લઈને આવેલા આ જહાજના આગમનથી દેશમાં ઘરેલું ગેસના પુરવઠાને મોટી મજબૂતી મળશે.





આંતરરાષ્ટ્રીય સ્તરે ચાલી રહેલા યુદ્ધ અને તણાવના માહોલમાં આ પ્રકારના જહાજનું સુરક્ષિત રીતે ભારત પહોંચવું એ મોટી રાહત ગણવામાં આવે છે. હાલમાં આ જહાજ વાડીનાર પોર્ટથી આશરે ૧૦ નોટિકલ માઈલ દૂર એન્કરીંગ કરવામાં આવ્યું છે. પોર્ટ વિસ્તારમાં સુરક્ષા અને ઓપરેશનલ કામગીરી પણ અત્યંત સક્રિય બનાવી દેવામાં આવી છે. હવે આગામી પ્રક્રિયા મુજબ, 'જગ વસંત' માંથી 'રોઝ' નામના નાના ટગ મારફતે ગેસના જથ્થાને સ્થળાંતર કરવામાં આવશે. આગામી સમયમાં પણ આ પ્રકારે જહાજોની અવરજવર ચાલુ રહેવાની શક્યતા છે, જેના કારણે ગેસ સપ્લાયની સાંકળ વધુ સુદ્રઢ બનશે.

# જીટીયુ કુલપતિની મુદત ઓગસ્ટમાં પૂર્ણ થશેઃ સર્ચ કમિટીની ટૂંકમાં નિયુક્તિ

## નિયમ પ્રમાણે કુલપતિની મુદત પૂરી થાય તેના છ માસ પહેલાં સર્ચ કમિટીની કાર્યવાહી શરૂ થવી જરૂરી

**અબતક, રાજકોટ**

રાજ્યની સૌથી મોટી ગણાતી ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના કુલપતિની મુદત આગામી ઓગસ્ટ માસમાં પૂરી થઈ રહી છે. નિયમ પ્રમાણે મુદત પૂરી થાય તેના છ માસ પહેલા સર્ચ કમિટીની રચના કરવામાં આવતી હોય છે. પરંતુ હજુ સુધી સર્ચ કમિટીની રચના અંગેની કોઈ કાર્યવાહી શરૂ કરવામાં આવી નથી. અગાઉ પણ નિર્ધારિત સમયમાં સર્ચ કમિટીની રચના ન કરવાના કારણે કુલપતિ મળવામાં ભારે વિલંબ થયો હતો. ચાલુ વર્ષે આ પ્રકારની સ્થિતિ ઊભી ન થાય તેવું શિક્ષણવિદો ઈચ્છી રહ્યા છે. રાજ્યની સરકારી યુનિવર્સિટીઓમાં કુલપતિની મુદત પૂરી થવાની હોય તેના ચારથી લઈને છ માસ પહેલા જ સર્ચ કમિટી બનાવવા માટે સરકારને જાણ કરી દેવામાં આવતી હોય છે. શિક્ષણ વિદો કહે છે કે, છેલ્લા કેટલાય સમયથી યુનિવર્સિટીઓ દ્વારા કુલપતિની મુદત પૂરી થવાને ગણતરીના દિવસો બાકી રહે ત્યાં સુધી સર્ચ કમિટી અંગે કોઈ કાર્યવાહી જ કરવામાં આવતી નથી. ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીમાં ભૂતકાળમાં પણ સર્ચ કમિટી મોડી બનાવવાના કારણે કુલપતિ મળવામાં વિલંબ થયો હોવાની ઘટનાઓ બની ચૂકી છે. વર્તમાન કુલપતિની મુદત ઓગસ્ટ માસમાં પૂરી થઈ રહી છે. એટલે કે હવે પાંચ મહિનાનો સમય બાકી છે. આમ છતાં સર્ચ કમિટી અંગે કોઈ હિલચાલ શરૂ કરવામાં આવી નથી. ભૂતકાળમાં કુલપતિ ડો. અક્ષય અગ્રવાલની મુદત પૂરી થયા બાદ લાંબા સમય સુધી એટલે કે છ માસ સુધી સર્ચ કમિટીની રચના ન થવાના કારણે નવા કુલપતિ મળી શકયા નહોતા. આમ, અગાઉની જેમ ચાલુ વર્ષે પણ કુલપતિની મુદત પૂરી થાય તે પહેલા સર્ચ કમિટીની રચના કરવા અંગે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. આગામી દિવસોમાં સર્ચ કમિટી બનવા માટેની પ્રક્રિયા શરૂ કરવામાં આવે

(અનુ. આઠમા પાને)

# દૂધ ઉત્પાદક મંડળીઓ હવે ૧૦ બાયો પ્લાન્ટ ઊભા કરશે

## બનાસકાંઠાનું એક પ્લાન્ટ દરરોજ ૪૦ મેટ્રિક ટન છાણ પ્રોસેસ કરે છે, સરકારના સહયોગથી હવે અન્ય ૧૫ રાજ્યો પણ આ મોડેલ અપનાવી રહ્યા છે

**અબતક, રાજકોટ**

ગુજરાત સરકારે તેના ૨૦૨૬-૨૭ના બજેટમાં એક મોટો નિર્ણય લીધો છે. રાજ્યમાં દૂધની સહકારી મંડળીઓ દ્વારા નવા ૧૦ બાયો-સીએનજી પ્લાન્ટ નાખવા માટે ૬૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે. આ પ્લાન્ટમાં ગાયનું છાણ, ખેતીનો કચરો અને વધેલું ભોજન વાપરીને ગેસ બનાવવામાં આવશે. આ ગેસ ગાડીઓમાં ઈંધણ તરીકે અને ફેક્ટરીઓમાં વપરાશે. બનાસકાંઠાની 'બનાસ ડેરી'એ જે રીતે છાણમાંથી ગેસ બનાવવાનું કામ શરૂ કર્યું છે, તે આજે આખા દેશમાં વખણાય રહ્યું છે.



ભારત સરકારના સહયોગથી હવે અન્ય ૧૫ રાજ્યો પણ આ મોડેલ અપનાવી રહ્યા છે. ખેડૂતો પાસેથી ૧ રૂપિયે કિલો લેખે છાણ ખરીદવામાં આવશે. ગેસની સાથે સાથે ઉત્તમ ક્વોલિટીનું ઘન અને પ્રવાહી ઓર્ગેનિક ખાતર પણ બનશે. આનાથી પશુપાલકોને આર્થિક ટેકો મળશે અને પર્યાવરણની જાળવણી થશે. પ્રદૂષણ ઘટાડવા અને સ્વચ્છ ઈંધણ (ગ્રીન એનર્જી) તરફ આગળ વધવા માટે આ મહત્વનું પગલું છે.

જો એક પશુપાલક પાસે ૫

(અનુ. આઠમા પાને)

# રાજકોટથી લાલકુઆં વચ્ચે સમર સ્પે. ટ્રેન દોડાવાશે

## આગામી રવિવારથી બુકીંગ શરૂઃ ૫ થી ૨૬ એપ્રિલ સુધી ટ્રેન ચલાવાશે

**અબતક, રાજકોટ**

મુસાફરોની સુવિધા માટે પશ્ચિમ રેલવેએ રાજકોટથી લાલકુઆં વચ્ચે વિશેષ ભાડા પર સમર સ્પેશિયલ ટ્રેન દોડાવવાનો નિર્ણય કર્યો છે.

ટ્રેન નંબર ૦૫૦૪૬ રાજકોટ-લાલકુઆં સમર સ્પેશિયલ રાજકોટ થી દર સોમવારે ૨૨.૩૦ કલાકે ઉપડશે અને બુધવારે ૦૫.૧૫ કલાકે લાલકુઆં પહોંચશે. આ ટ્રેન ૬ એપ્રિલ થી ૨૭ એપ્રિલ, ૨૦૨૬ સુધી ચાલશે.

તેવી જ રીતે ટ્રેન નંબર ૦૫૦૪૫ લાલકુઆં-રાજકોટ સમર સ્પેશિયલ દર રવિવારે લાલકુઆંથી ૧૨.૩૫ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૧૮.૧૦ કલાકે રાજકોટ પહોંચશે. આ ટ્રેન ૫ એપ્રિલ થી ૨૬ એપ્રિલ, ૨૦૨૬ સુધી ચાલશે.

આ ટ્રેન બંને દિશામાં વાંકાનેર, સુરેન્દ્રનગર, વિરમગામ, મહેસાણા, પાટણ, ભીલડી, ધનેરા, રાણીવાડા, મારવાડ ભીનમાલ, મોદરન, જાલોર, મોકલસર, સમદડી, લુણી, જોધપુર, ગોટન, મેડતા રોડ, દેગાણા, મકરાણા, કુચમન સિટી, નાવા સિટી, ફુલેરા, જયપુર, દૌસા, ભરતપુર, મથુરા, મથુરા કેન્ટ, હાથરસ સિટી, કાસગંજ, સોરોન શુકર, ઊઝાની, બદાયું, બરેલી જંકશન, ઈઝ્ઝતનગર, બહેરી અને કિચ્છા સ્ટેશન પર રોકાશે. આ ટ્રેનમાં સેકંડ એસી, થર્ડ એસી, સેકંડ સ્લીપર અને જનરલ કલાસના કોચ હશે. ટ્રેન નંબર ૦૫૦૪૬નું બુકિંગ ૨૮ માર્ચ, ૨૦૨૬ થી તમામ પીઆરએસ કાઉન્ટર અને આઈઆરસીટીસી વેબસાઈટ પર ખુલશે. ટ્રેનના સ્ટોપેજ, રચના અને સમય વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# વડાપ્રધાનના કાર્યક્રમ માટે ૨૦૦૦થી વધુ એસટી બસો ફાળવી દેવાશેઃ બે દિવસ મૂસાફરોનો મરો

## રાજકોટ ડિવિઝન દ્વારા પણ ૧૫૦ ફાળવી દેવાય હોય મુસાફરો માટે સોમ-મંગળ મુસાફરી ટાળવી હિતાવહ

**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદી ગુજરાતના પ્રવાસે આવી રહ્યા હોય અને આગામી તા. ૩૧ માર્ચ બનાસકાંઠા જિલ્લાના વાવ થરાદ ખાતે તેમનો કાર્યક્રમ હોય તે માટે ગુજરાત એસ.ટી નિગમ દ્વારા રાજ્યભરમાંથી ૨૦૦૦ એસ.ટી બસો ની ફાળવણી કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. અને રાજકોટમાંથી પણ ૧૫૦ બસો આ કાર્યક્રમ માટે ફાળવી દેવામાં આવશે. પ્રજાના ખર્ચે વડાપ્રધાનના કાર્યક્રમમાં દરેક એસ.ટી ડિવિઝન માંથી બસો ફાળવવામાં આવી છે. રાજ્યમાં નિયમિત ૮૫૫૦ બસો માં ૨૯ લાખ મુસાફરો અપડાઉન કરે છે ત્યારે તારીખ ૩૦ અને ૩૧ એસ.ટીની ટ્રીપો રદ કરવાની નોબત આવશે અને હજારો મુસાફરો રઝળશે અને લૂંટાશે.

જરૂર હોય તો જ આ બે દિવસ એસ.ટીમાં પ્રવાસ કરજો અન્યથા ૪૦ ડિગ્રી તાપમાન હેરાન પરેશાન થશો અને ખાનગી વાહનો સરકારી તંત્રની મીઠી નજર હેઠળ ઉઘાડી લૂંટ ચલાવશે અને લૂંટાસો. બે દિવસ ખાસ કરીને મહિલાઓ, નાના બાળકો, સિનિયર સિટીઝનો અને વિદ્યાર્થીઓની હાલત કફોડી બનશે. વડાપ્રધાનના કાર્યક્રમમાં બ્લુ કલરની નવે નવી નવી બસો ફાળવી દેવામાં આવશે જેથી આમ જનતાને બે દિવસ ભંગાર, ખખડધજ અને ભાઠા જેવી બસમાં મુસાફરી કરવાની ફરજ પડશે. આ પ્રકારની બસો અંતરિયાળ ગમે ત્યારે બ્રેક ડાઉન પણ થઈ શકે. વડાપ્રધાન કે મુખ્યમંત્રીના કાર્યક્રમમાં આ પ્રકારે એસ.ટી બસોને કબજે કરી સરકારી વાહનોનો દૂરુપયોગ શાસકોએ બંધ કરવો જોઈએ. ચૂંટણી સમયે જે રીતે ખાનગી બસો અને ખાનગી વાહનો ડીટેઈન કરી કબ્જે લેવાય છે એ પ્રકારે ખાનગી વાહનોને કબજે લઈ ભાડું ચૂકવવું જોઈએ. એસટી તંત્રને આ પ્રકારના તાઈફા અને કાર્યક્રમમાંથી મુક્તિ મળવી જોઈએ.

રાજ્ય સરકારે અત્યાર સુધી આ પ્રકારના કાર્યક્રમોમાં પોતાની પ્રસિધ્ધિ માટે સરકારી ઉત્સવોમાં અંદાજે ૫૦૦ કરોડ રૂપિયાનો ધુમાડો કર્યો છે અને ૬૦ હજાર જેટલી બસોની સુવિધા ઝુંટવી લેવાય છે. એક બાજુ સલામત સવારી બીજી બાજુ કલાકો સુધી બસ સ્ટેશનમાં બેસી રહો, બસો નહીં મળે. રાજ્યના દરેક ડિવિઝનો માંથી બસો ફાળવવામાં આવતા ૩૦૦ કિલોમીટર દૂરથી બસો ખાલી અને પરત જશે, ડીઝલનો ધુમાડો થશે, પ્રદૂષણ થશે સરકારી નાણાંનો દૂરપયોગ થશે. હાલ ડીઝલ પેટ્રોલ ની કટોકટી સર્જાય તેવી પરિસ્થિતિ છે ત્યારે સરકારે આ પ્રકારના તાયફાઓ બંધ કરવા જોઈએ.

સોમનાથ ખાતે વડાપ્રધાન આવ્યા ત્યારે પણ ૨૦૦૦ ફાળવી દેવામાં આવતા ૫૫૦૦ ટ્રીપો રદ કરી હતી.

# ગુજરાતની ૧૧.૬૬ ટકા વસ્તી ગરીબી રેખા હેઠળ જીવતી હોવાનો ધડાકો

## નાણા પંચના અહેવાલમાં વિલંબાના કારણે ૧૮૦૦૦ ગામડાઓના વિકાસ પર અસર

**અબતક, રાજકોટ**

ગુજરાત વિધાનસભા ગૃહમાં સત્રના અંતિમ દિવસે રજૂ થયેલા કેગના અહેવાલમાં ચોંકાવનારા આંકડા એ ભાજપ સરકારના દેવાળિયા વહીવટ, નાણાંકીય ગેરરીતિ સહિત અનેક નાણાંકીય કૌભાંડો સાથે અધધ... દેવાદાર રાજ્ય તરીકે ગુજરાતને દેવાળીયા વહીવટની ભેટ આપતા ભાજપ શાસકો પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડો. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ગુજરાતનું જાહેર દેવું ૩.૮૦ લાખ કરોડ હોવાનું કેગના રીપોર્ટમાં જાહેર થયું છે. ગત વર્ષ કરતા જાહેર દેવામાં ૨૨ હજાર કરોડનો જંગી વધારો થયો છે. રાજ્ય સરકારની બજાર લોન ૩.૧૧ લાખ કરોડ જે ગત વર્ષ કરતા ૧૬ હજાર કરોડનો વધારો છે. કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને વિવિધ યોજના માટે મળતા નાણાં માં ઘટાડો સ્પષ્ટ જણાય છે. આદિજાતિ પેટા વિભાગ માં કેન્દ્રીય પુરસ્કૃત યોજનાઓ અને સહાયમાં ૨૦૨૩-૨૦૨૪ માં ૧,૫૯૦.૧૭ કરોડ સામે ૨૦૨૪-૨૦૨૫ માં ૧,૩૬૩ કરોડ જ રાજ્ય સરકારને મળ્યા એટલે કે ગત વર્ષની સરખામણીમાં ૨૨૬.૫૬ કરોડ ઓછા મળ્યા છે. કેન્દ્રીય પુરસ્કૃત યોજનાઓ માં ૨૦૨૩-૨૦૨૪ માં ૭૫૪૦ કરોડ તેની સામે વર્ષ ૨૦૨૪-૨૦૨૫ માં ૬૭૧૨.૮૬ કરોડ મળ્યા. જે ડબલ એન્જીનની ભાજપ સરકારે ગુજરાતને કરેલો વધુ એક અન્યાય છે. શહેરી હવાની ગુણવત્તા બગડતા ૧૦ લાખ થી વધુ વસ્તી વાળા શહેરો માં પાત્રતા કરતા ઓછી રકમ ફળવાઈ જેનાથી શહેરી નાગરિકોના જીવન પર ગંભીર અસર પડી રહી છે. વર્ષ ૨૦૨૪-૨૫માં મહેસુલી ખર્ચામાં ૧૦,૩૨૬ કરોડનો વધારો જ્યારે મહેસુલી આવકમાં ૪,૨૦૮ કરોડનો ઘટાડો નોંધાયો છે. નાણાંકીય ગેરશીસ્ત, નિયમોના અનુપાલનના ઉલ્લંઘનને કારણે મહેસુલી પુરાંત માં ૪૩.૪૧ ટકા ઘટાડો થયો છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડો. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, રાજ્યની ૧૧.૬૬ ટકા વસ્તી ગરીબી રેખાથી નીચે જીવન જીવે છે એટલે ગુજરાતમાં ૮૪ લાખ કરતા વધુ નાગરિકો માટે જીવન જીવવું મુશ્કેલ બની ગયું છે. અન્ન સુરક્ષા કાયદા હેઠળ ગુજરાતના ૩.૫૪ કરોડ નાગરિકોને મફત અન્ન યોજનાના લાભાર્થી છે એટલે કે ૫૪ ટકા નાગરિકો ગરીબની વ્યાખ્યામાં છે.

વિકાસના સતત દાવાઓ અને સરકારી મોટી મોટી જાહેરાતો વચ્ચે કેગના અહેવાલે રાજ્યના વિકાસની ગતિ નબળી પડયાનું નોંધ્યું છે. વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન રાજ્યની વૃદ્ધી ની ગતિ નબળી પડી છે. રૂપિયા ૧૧૦૮ કરોડની રકમ બારોબાર આવક તરીકે દર્શાવી ક્યાંથી આવી ? કેવી રીતે ? તે નાણાંકીય ગેરશીસ્તનું ઉદાહરણ છે. ચોથા રાજ્ય નાણાં પંચની રચના માં વિલંબના કારણે ૨૦૨૪-૨૫ દરમિયાન પંચાયતી રાજની સંસ્થાઓ ને ઓછું અનુદાન મળ્યું હતું. જેનાથી ગુજરાતના ૧૮૦૦૦ ગામોના પાયાની સુવિધાથી વંચિત રાખવાનું પાપ ભાજપ સરકારે કર્યું છે. આપત્તિ વ્યવસ્થાપન માં કેન્દ્ર સરકારે રાજ્યને ઓછું અનુદાન

(અનુ. આઠમા પાને)

# સોમનાથ મહાદેવ મંદિર ટ્રસ્ટનો લોગો ૭૭ વર્ષે બદલાયો

## શિખરના સ્થાને ત્રિશુલઃ બુધવારથી વિધિવત રિતે કાર્યરત

**અબતક, જયેશ પરમાર, પ્રભાસપાટણ**

ભારતના બાર જયોતિર્લિંગ પ્રથમ વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિર ટ્રસ્ટે તેની સ્થાપનાથી અત્યાર સુધી ચાલ્યા આવતો શિખર વાળો લોગો ૭૭ વર્ષ બાદ હવે વિદાય લે છે અને ટ્રસ્ટે નવા લોગા તરીકે ત્રિશુલ પસંગ કર્યું છે.

નવો પસંદ કરાયેલો અને ૧ એપ્રીલથી વિધીવત કાર્યાન્વીત થનાર આ નવા આ લોગાનો પ્રથમ ઉપયોગ ટ્રસ્ટ સંચાલીત શોશીયલ મીડીયામાં તેમજ ટ્રસ્ટ તરફથી નૂતન રામ મંદિરે યોજાનાર રામનવમી ઉત્સવના જાહેરાત બોર્ડમાં દર્શાવેલ છે.સોમનાથ મંદિરની રચના માટે સરદાર વલ્લભભાઈ પટેલે ૧૯૪૯ની ૧૮મી ઓકટોબરે શ્રી સોમનાથ ટ્રસ્ટની પ્રથમ ટ્રસ્ટીઓની નિમણુંક કરી ત્યારથી ટ્રસ્ટના તમામ પત્ર વ્યવહારોમાં, સાઈન બોર્ડમાં અને ટ્રસ્ટના તમામ જાતના લેખીત વ્યવહારમાં વાપરવામાં આવતો હતો.

જુના વિદાય લેતા લોગોમાં સોમનાથ મંદિરનું જે શિખર દેખાડાયું છે. તે સોમનાથના વર્તમાન મંદિરની ઉંચાઈ ભૂમિતળથી શિખર સુધી ૧૫૫ ફૂટ છે. અને તેના ઉપરનો ધ્વજ દંડ ૩૧ ફૂટ છે તથા ધ્વજ દંડની પરિધી ૧ ફૂટ છે. ધ્વજ ૧૦૪ ફૂટનો છે.

નવા લોગામાં દર્શાવાયેલ ત્રિશુલ ભગવાન શિવનું આયુધ છે. અને તેનો ધાર્મિક મહિમા છે. બનારસ કાશી વિશ્વનાથમાં પણ ત્રિશુલ અંગે પૌરાણીક ધાર્મિક કથા છે.

સોમનાથ મંદિર પટાંગણમાં સમુદ્ર તટે દક્ષિણ ધ્રુવ સ્થંભમાં પણ કાયમી ત્રિશુલ દર્શાવાયેલું છે.


# મુખ્યમંત્રી કાલે રાજકોટમાંઃ છ કલાકનું રોકાણ, ચાર કાર્યક્રમમાં હાજરી આપશે

## ગુજરાત હાઉસીંગ બોર્ડના કવાર્ટર ધારક આયોજીત સન્માન સમારોહ, રાષ્ટ્રીય વયોશ્રી યોજના હેઠળ લાભાર્થીઓને ઉપકરણ વિતરણ કાર્યક્રમમાં હાજરી આપશે

## કોર્પોરેશનના ૭૫૧ કરોડના વિકાસ કામોનું લોકાર્પણ તથા ખાતમુહુર્ત કરશેઃ લેઉવા પટેલ બોર્ડિંગના નવનિર્મિત ભવનનું ઉદઘાટન અને સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાનું અનાવરણ કરશે

**અબતક,રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આવતીકાલે રાજકોટની મૂલાકાતે આવી રહ્યા છે. તેઓનું કાલે બપોરે રાજકોટમાં આગમન થશે છ કલાકના રોકાણ દરમિયાન અલગ અલગ ચાર કાર્યક્રમોમાં હાજરી આપશે સ્થાનિક સ્વરાજયની ચૂંટણી પૂર્વ સીએમની આવતીકાલની રાજકોટની મૂલાકાત ખૂબજ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.



આવતીકાલે બપોરે ૧૨ કલાક આસપાસ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું હિરાસર સ્થિત રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે આગમન થશે જયાંથી તેઓ બાય રોડ રાજકોટ આવશે. પ્રથમ કાર્યક્રમમાં સીએમ બપોરે ૧ કલાકે શહેરના સામાકાંઠા વિસ્તારમાં અટલબિહારી વાજપેયી ઓડિયોરિયમ ખાતે ગુજરાત હાઉસીંગ બોર્ડના આવાસ ધારકો દ્વારા એક સન્માન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં તેઓ ઉપસ્થિત રહેશે.

આ કાર્યક્રમ ૧.૪૫ કલાકે પૂર્ણ થયા બાદ સર્કિટ હાઉસ ખાતે જશે જયાં લંચ લેશે અને થોડીવાર વિરામ લેશે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા બપોરે ૦૩:૦૦ કલાકે, પૂજ્ય પ્રમુખ સ્વામી ઓડિટોરિયમ,ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે વિવિધ વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ તથા ખાતમુહૂર્તનો કાર્યક્રમમાં હાજરી આપશે. શહેરના આધુનિક ઈન્ફ્રાસ્ટ્રકચર વિકાસ, પાણી વ્યવસ્થાપન મજબૂત બનાવવા, ડ્રેનેજ સુવિધા વિસ્તૃત કરવા, માર્ગ અને પ્રકાશ વ્યવસ્થા સુધારવા તેમજ નાગરિક સુવિધાઓ વધારવા માટે કુલ રૂ. ૭૫૧.૧૯ કરોડના ૪૫

(અનુ. આઠમા પાને)

### ૧૦૧૦ પરિવારોનું ઘરના ઘરનું સપનું થશે સાકાર

પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત પ્લોટમાં રેલનગર વિસ્તારમાં રૂ. ૧૧૯.૦૫ કરોડના ખર્ચે ટી.પી. ૧૯ (રાજકોટ)માં કુલ ૨૫૦૭૧.૧૫ ચો.મી. ક્ષેત્રફળના બે પ્લોટમાં ઈડબલ્યુએસ ૨ પ્રકારના ૧૦૧૦ આવાસો તથા ૪૭ દુકાનોનું નિર્માણ પૂર્ણ કરવામાં આવ્યું છે.જેનું લોકાર્પણ કરાશે. આ આવાસ પૂરતા પ્રમાણમાં હવાઉજાસ મળી રહે તેવું પ્લાનિંગ આવાસ યોજનામાં કોમન લાઈટીંગ માટે રૂફટોપ સોલાર સિસ્ટમની વ્યવસ્થા, પાણીની લાઈન, ડ્રેનેજ સિસ્ટમ, ગેસ પાઈપલાઈન, વીજ કનેક્શન, લાઈટીંગ અરેસ્ટર, ઓટો ડોર લીફ્ટ(ફાયર તથા કોમન), રેઈન વોટર હાર્વેસ્ટિંગ, બિલ્ડીંગ દીઠ જનરેટર, ફાયર ટેંક તથા ફૂલપ્રૂફ ફાયર સીસ્ટમ, સિક્યોરીટી રૂમ, ચિલ્ડ્રન પ્લે એરિયા (રમત-ગમ્મત ના સાધનો સાથે) વિગેરેની સુવિધા ૪૦.૦૦ ચો.મી. કાર્પેટ એરિયાના પ્રત્યેક આવાસમાં હોલ, બેડરૂમ તથા રસોડામાં વિટ્રીફાઈડ ટાઈલ્સ ફ્લોરિંગ, રસોડામાં માર્બલ સેન્ડવીચ પ્લેટફોર્મ તથા વોલ ટાઈલ્સ તેમજ વોશ એરિયા તથા ટોઈલેટ-બાથરૂમમાં વોલ ટાઈલ્સ

તમામ બારીઓમાં એલ્યુમીનીયમ સેક્શન તથા ગ્રીલ, વોટર પ્રૂફ લેમીનેટેડ ફ્લશ ડોર તેમજ ટોઈલેટ-બાથરૂમમાં દરવાજા બિલ્ડીંગની છત ઉપર વોટર પ્રુફીંગ ટ્રીટમેન્ટ સાથેનું ચાઈના મોઝેક ફ્લોરિંગ પૂરતા પ્રમાણમાં પાર્કિંગની વ્યવસ્થા એન્ટ્રી ગેઈટ તથા ટ્રી-પ્લાન્ટેશન અને આંગણવાડીની સુવિધા ઉપલબ્ધ છે. આવાસ યોજના થકી ૧૦૧૦ પરિવારોને મળશે.